# વાર્તામેળો-૫

## વિદ્યાર્થીઓ અને શિક્ષકોની કલમે વહેતી વાર્તાઓ

સંપાદક
**દર્શા કિકાણી**

ZCAD PUBLICATION
write your dreams, we will publish

**VARTAMALO-5**
Complied by DARSHA KIKANI
ZCAD PUBLICATION, AHMEDABAD

**ISBN :**

**© દર્શા કિકાણી**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧**

**કિંમત :**

**: પ્રકાશક :**
**ZCAD PUBLICATION**
Unit of ZCAD ENTERPRISE LLP
અમદાવાદ. ● મો. **6358852437**
**Email : zcadpublication@gmail.com**
**Website : zcadgroup.co.in**

## પ્રસ્તાવના

બાળક વિચારતો થાય અને મૌલિક રીતે માતૃભાષામાં લખતો થાય તે માટેનું આપણું આ અભિયાન 'વાર્તામેળો' આજે પાંચ વર્ષ પુરાં કરે છે. બાળક માતૃભાષામાં બોલી ન શકે, લખી ન શકે કે વિચારી પણ ન શકે તે બાળકની દશા બહુ દયાનજક છે. સાથે સાથે એ ભાષાની દશા પણ એટલી જ ખરાબ છે. આવી પરિસ્થિતિ નિવારવા માટે આપણે સૌએ ભેગા મળીને આ અભિયાન શરૂ કર્યું છે. વર્ષોવર્ષ આપ સૌના સાથ અને સહકાર વધતા જાય છે. તેની સાથે અમારે આત્મવિશ્વાસ પણ વધતો જાય છે.

પાંચ વર્ષના અંતે વિદ્યાર્થીઓના લખાણનું સ્તર ઊંચું આવ્યું છે. શિક્ષકો પણ આ અભિયાનમાં ઉત્સાહભેર જોડાયા છે. જેનો અમને ઘણો આનંદ છે. બુક-શેલ્ફ અને નવભારત સાહિત્ય મંદિર દ્વારા 'વાર્તામેળો-૪' પુસ્તકનું સુંદર રીતે પ્રકાશિત થયેલ પુસ્તક તેનો રંગીન પુરાવો છે. આવતાં વર્ષોમાં પણ તેમનો સહકાર મળતો રહેશે તેવી ખાતરી છે.

કોરોનાના વિકટ સમયમાં આ સ્પર્ધા ચાલુ રાખવી કે નહીં તેનો વિચાર કરવાનો અમને સમય જ મળ્યો નહીં. દિવાળીથી જ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના ફોન આવવાના શરૂ થઈ ગયા હતા. એટલે અમે પણ અમારું પ્લાનિંગ ચાલુ કરી દીધું હતું. આ વર્ષે વિદ્યાર્થીઓ પાસેથી આપણને લગભગ ૫૫૦ અને શિક્ષકો પાસેથી ૧૨૫ વાર્તાઓ મળી છે જે ગયા વર્ષ કરતાં ઓછી છે, પણ વાર્તાઓની ગુણવત્તા સારી છે. વળી કોરોનાના સમયમાં અને શાળાઓની મર્યાદિત મદદ સાથે આ શક્ય બન્યું છે જેનો અમને ખૂબ ખૂબ આનંદ છે.

આ વર્ષે સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તંદુરસ્તી, સ્વાસ્થ્ય, કોરોના અને સ્વચ્છતાના વિષય પર તથા શહેરમાંથી પાછા ગામડાં તરફ પ્રયાણ કરતા કુટુંબો/લોકો વિશેની વાર્તાઓ વધુ આવી છે. આયુર્વેદ, યોગ અને કસરત ઉપર પણ લેખ અને નિબંધો મળ્યાં છે. પરંતુ ગત વર્ષોનો પ્રિય વિષય

'દીકરી બચાવો, દીકરી ભણાવો' પર વાર્તાઓ ઓછી આવી છે.

ભાષા નિષ્ણાંતોને ભય છે કે થોડાં વર્ષોમાં બાળકો હાથ વડે લખવાનું ભૂલી જશે અને એટલે આ વર્ષે આપણે બાળકો પાસે તેમના હસ્તાક્ષરમાં જ વાર્તાઓ મંગાવી હતી. બાળકો પાસે તેમના હસ્તાક્ષરમાં જ વાર્તાઓ મંગાવવાનું બીજું કારણ એ હતું કે 'સૌથી મોટી હસ્તલિખિત વાર્તાની ચોપડી' તરીકે આપણે વિશ્વ રેકોર્ડ સર્જવાનો હતો. ૨૦૦૦ વાર્તાઓ અને લગભગ ૧૨,૫૫૦ પાનાં સાથે આપણે રેકોર્ડ બનાવી શક્યા છીએ જેનો અમને ઘણો ઘણો આનંદ છે. આ તો માત્ર ભૌતિક કારણોને લીધે આપણે સર્જેલો વિશ્વ રેકોર્ડ છે, પણ ભવિષ્યમાં જ્યારે વાર્તામેળોથી પ્રોત્સાહન પામેલ વિદ્યાર્થી કે શિક્ષક રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે સુંદર સાહિત્ય સર્જી ઈનામ મેળવશે ત્યારે તે વાર્તામેળોનો સાચો વિજય હશે. ઈશ્વર ઈચ્છાથી તે દિવસ જલદી આવે. અમે આતુરતાથી તેની રાહ જોઈએ છીએ.

'વાર્તામેળો' અભિયાન માટે અમારા મિત્ર શ્રી અનિલ પટેલે આ વર્ષની આર્થિક જવાબદારી સહર્ષ ઉપાડી લીધી છે જેને માટે અમે તેમનો જેટલો પણ આભાર માનીએ તેટલો ઓછો છે. પ્રાથમિક મૂલ્યાંકન અને રેકોર્ડિંગ માટે અથાગ મદદ કરનાર નિશી શેઠ અને શ્વેતલ ગજ્જર મારી ટીમના જ સભ્યો છે. આ બંને બહેનોની મદદ વગર સમયસર પરિણામ આપવું કપરું છે. અવિરત સહાય માટે, મારી ટીમનાં અન્ય મિત્રો દેવપાલ શાહ અને નંદિની ભાવસારને કેમ ભૂલાય ? આ વર્ષે ભાષા-નિષ્ણાંત તરીકે વિખ્યાત લેખકો અને કવિઓની આપણને મદદ મળી છે. અંતિમ પરિણામ માટે શ્રી યોસેફ મેકવાન, શ્રી નટવરભાઈ પટેલ, શ્રી યશવંતભાઈ મહેતા, શ્રીમતી લતાબહેન હિરાણી, શ્રીમતી જશવંતીબહેન દધાણીઆ અને શ્રીતી ગીનીબહેન શાહનો ખૂબ ખૂબ આભાર ! મારા પતિદેવ શ્રી રાજેશ કિકાણીનો આભાર માનવો અઘરો છે. તેમની તન-મન-ધનની મદદ વિના આ કંઈ જ શક્ય નથી !

આ વર્ષે સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઈનામ વિતરણ સમારંભ યોજવાની સંભાવના ઓછી હતી. પરંતુ, 'સૌથી મોટી હસ્તલિખિત વાર્તાની ચોપડી' તરીકે આપણ વિશ્વ રેકોર્ડ સર્જ્યો અને તેની ઉજવણી જરૂરી હતી. આવા વિકટ સંજોગોમાં પણ વિજેતા મિત્રો, અન્ય સ્પર્ધકો, શિક્ષકો અને ભાષા-પ્રેમીઓએ સાક્ષાત રહી અમારા ઉત્સાહમાં સહભાગી થવાનો લહાવો લીધો તે બદલ તેમનો અંતઃકરણથી આભાર ! સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધક, તેમને પ્રોત્સાહન આપનાર તેમનાં મિત્રો, વાલીઓ, શિક્ષકો અને આપ સૌનો ખૂબ ખૂબ આભાર. આ કામ આપણા સૌનું છે અને આપણે સૌએ ભેગાં મળીને જ કરવાનું છે. આભાર.

**દર્શા રાજેશ કિકાણી**
વાર્તામેળો-૫
વાર્તાસ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે અભિનંદન

| Winner of Story Competition 2021 : Students | | |
|---|---|---|
| **No.** | **Name** | **Story** |
| ૧ | પ્રથમ ઈનામ<br>પાવની શાહ<br>ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ | સાબુચોર કાગડો |
| ૨ | દ્વિતીય ઈનામ<br>સુમેધા ઈશાનભાઈ મહેતા<br>ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ | અદ્ભુત જેલીલેંડ |
| ૩ | તૃતિય ઈનામ<br>પરમાર પર્વ આશોકભાઈ<br>શ્રી કેરાકુન્દમાર લેવા પટેલ ટ્રસ્ટ, કચ્છ | મેં માર્યો જંગલના રાજાને |
| | **પ્રોત્સાહન ઈનામ** | |
| ૧ | વંદિત નમનભાઈ શાહ<br>ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ | હાફ ચોકલેટ |
| ૨ | રુદ્ર એ. પટેલ<br>ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ | મહેનતનું મહેનતાણું |
| ૩ | ધ્રુવિશા વાઘેલા<br>વિવેકાનંદ વિદ્યાલય, વડોદરા | Mr. Wash |
| ૪ | ક્રિષ્ના ડોડિયા<br>પ્રાથમિક શાળા, ખસતા | પહેલો સગો પાડોશી |
| ૫ | ત્રિવેદી દ્રષ્ટિ પ્રતિકભાઈ<br>BAPS રાંદેસણ, ગાંધીનગર | પંખી અને ઓનલાઈન શિક્ષણ |

| Winner of Story Competition 2021 : Teachers | | |
|---|---|---|
| **No.** | **Name** | **Story** |
| ૧ | પ્રથમ ઈનામ<br>ટંડેલ જીગ્નેશકુમાર ડી.<br>ઉ.બુનિયાદી કન્યા વિ., વાધેચા, સુરત | પ્રભાત |
| ૨ | દ્વિતીય ઈનામ<br>દવે છાયા ભવાનીશંકર<br>શ્રીમતી એમ.એમ.કન્યા વિદ્યાલય,<br>પાલીતાણા | બાપ |
| ૩ | તૃતિય ઈનામ<br>જોષી રંજનબેન લક્ષ્મીશંકર<br>SNDT હાઈસ્કૂલ, ખંભાળિયા | દ્વંદ્વ |
| | **પ્રોત્સાહન ઈનામ** | |
| ૧ | રાવલીયા તતીક્ષા પરબતભાઈ<br>શ્રી માંડવા પ્રાથમિક શાળા | દ્વારકાધીશની ભેટ |
| ૨ | દ્યુતિ દહિયા<br>C.N. વિદ્યાલય | વતન |
| ૩ | ડૉ. પ્રકાશ બટુકરાય દવે<br>પ્રાથમિક શાળા, અમરેલી | ચમત્કાર |
| ૪ | પ્રિતી જીગ્નેશભાઈ બટ્ટ<br>નવસારી | પ્રેમની જ્યોતિ |
| ૫ | અશ્વિન કે. પાટણવાડિયા<br>રણાપુરા પ્રાથમિક શાળા, ડભોઈ, વડોદરા | કર્મોનું પ્રાયશ્ચિત |
| ૬ | પીયુષકુમાર બી. પ્રજાપતિ<br>કે.એસ.બી. વિદ્યાવિહાર,<br>વિરમગામ, સાણંદ | જીવનનાં રંગતરંગ |
| | | |

# સાબુચોર કાગડો

જીવનમાં નાની-મોટી સમસ્યાઓથી દુઃખી થઈ જઈશું અને હંમેશાં ગરીબીના જ દુઃખડા ગાીશું તો ખરેખર તેવું જીવન જીવવામાં સાર નથી. પણ જો વી જ પરિસ્થિતિમાં હસી-મજાક સાથે જીવનની સમસ્યાઓને હળવી કરી ભુલાવી દઈશું તો જીવન રસગુલ્લાની ચાસણી જેવું મીઠું અને રસપ્રદ લાગશે તથા સ્વાસ્થ્ય પણ જળવાઈ રહેશે. આવી એક ઘટના પર આધારિત આ વાર્તા અમદાવાદની કૂવાવાળી પોળની છે.

પોળની એક ગલીમાં સાતથી આઠ લોકોના ઘર હતાં. એમાંથી બે ઘર તો એવા હતા કે અમીર શેઠિયો એક તો બીજો સાન કંગાળ માણસ. આ અમીર શેઠિયો એટલે ભીખુલાલ ચોરસિયા અને બીજો સાવ કંગાળ માણસ એટલે લક્ષ્મીપતિ ભરુચા. નામથી છેતરાઈ ન જતા હોં ! નતો લક્ષ્મીપતિ લક્ષ્મીનો પતિ હતો કે નતો એ પૈસાદર હતો. પણ તે હૃદયનો ખૂબ ધણી ! ભીખુલાલ મોટા સોનાના ઘરેણાની દુકાનના માલિક, પણ હંમેશા વધારે પૈસા કમાવાની ભાગદોડમાં એમનું સ્વાસ્થ્ય ાયમ બગડી જતું. ભીખુલાલને બધા ખૂબ માન આપતા કારણકે તે પૈસાદાર હતા. સાચા અર્થમાં કહીયે તો ‘નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ’ આ કહેવત અહીં બરોબર લાગુ પડે છે.

લક્ષ્મીપતિ હંમેશા ખુશ રહેતો આથી તે તંદુરસ્ત ગણાતો-માનસિક રીતે અને શારીરિક રીતે પણ. તેના લગ્ન સુશીલા નામની એક સુશીલ સ્ત્રી સાથે થયા હતા. સુશીલા રોજે આખા ઘરનું કામ કરતી. થાકનું તો જાણે નામો નિશાન જ નહીં. ઘરની હાલત એક સાંધે ત્યાં તેર તૂટે તેવી હતી પણ લક્ષ્મીપતિ અને સુશીલા હંમેશા ખુશ રહેતા.

બિચારા માંડ માંડ પોતાના પરિરનું ભરણ પોષણ કરતા હતા. લક્ષ્મીપતિ અન્ય મજૂરો સાથે સિમેન્ટ ફેક્ટરીમાં મજૂરી કરીને રોજના ૧૦૦/- રૂપિયા કમાતો જેમાંથી બે વખતનું જ માંડ થતું. કપડાં પણ માત્ર બે થી ત્રણ જોડી જ હતા જે ારાફરથી પહેરતા અને પોતાનું ગુજરાન ચલાવતા.

એકવાર એક રમૂજ ઘટના બની. રવિવારનો દિવસ હતો. સુશીલા કપડાં ધોવા માટે ચોકડીમાં ગઈ. એની નજર સાબુની ટીકડી પર પડી. "અરે ! આ સાબુ તો પૂરો થવા આવ્યો છે. ફરી એક નવો ખર્ચો." સુશીલા બબડતા-બબડતા કપડાં ધોવા બેસી. મજૂરીના કારણે લક્ષ્મીપતિના કપડાં મેલા અને ગંદા થઈ જતા. તેથી સાબુ તો રોજનો કેટલો વધારે વપરાતો.

સાંજે લક્ષ્મીપતિ અન સુશીલા બંને આંગણામાં બેસીને ઘરખર્ચની વાત કરતા હતા. સુશીલા બોલી, "કપડા ધોવાનો સાબુ ઘરમાં પતવા આવ્યો છે. મેં તમને આ વાતની જાણ કરી દીધી છે. તમે બે-ત્રણ દિવસમાં પૈસાની વ્યવસ્થા કરી રાખજો." લક્ષ્મીપતિએ હસતા-હસતા સુશીલાની વાતનો જવાબ આપતા કીધું, "તું ચિંતા ન કર. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે હે ભગવાન ! એવો ચમત્કાર કરજો જેનાથી સાબુ વધારે એક મહિનો ચાલે." આ સાંભળીને સુશીલા વચમાંજ બોલી ઉઠી, "ભગવાન તો જ્યારે સાંભળશે ત્યારે, પણ તમે તો મારી વાત સાંભળો."

ભીખુલાલ તેની પત્ની સાથે હીંચકા પર શરબત પીતા હતા. એ બંને સુશીલા અને લક્ષ્મીપતિની વાતો સાંભળતા હતા. એટલામાં ભીખુલાલ બોલ્યા, "એ લક્ષ્મીપતિ ! આ શું સાબુ સાબુ કરે છે. ભાભીને એક નવો સાબુ પણ અપાવતો. મને જો, મેં ગઈકાલે જ મારી શેઠાણીને સોનાની બંગડીઓ અપાવી." આ સાંભળીને લક્ષ્મીપતિને દુઃખ થયું પણ એણે ભીખુલાલ સામે હસતો ચહેરો રાખ્યો અને બંને ઘરની અંદર જતા રહ્યા.

બે દિવસ વીતી ગયા પણ ઘરમાં નવી સાબુની ટીકડી આવી નહીં. સુશીલા બિચારી રોજે લક્ષ્મીપતિને સાબુ માટે યાદ કરાવતી પણ લક્ષ્મીપતિ તો હંમેશા એક જ વાત કહે : 'તું ચિંતા ન કર' અને કશું બહાનું કાઢી દેતો. હવે, સુશીલાને લક્ષ્મીપતિને ધક્કો મારી-મારીને બજાર મોકલવા પડ્યા.

લક્ષ્મીપતિ બજાર પહોંચ્યો. એની પાસે ત્રીસ રૂપિયા હતા. બજારમાં સૌથી પહેલા રમજીભાઈની શાકભાજીની લારી જોઈ તો તેના ખબર અંતર પૂછવા માટે રોકાઈ ગયો. વાત-વાતમાં એને ખબર પડી કે શાક-ભાજીના ભાવ ઘટી ગયા હતા. એણે વિચાર્યું કે મારો પરિવાર મેલા કપડાં પહેરશે તે ચાલશે પણ ભૂખ્યા પેટે સૂઈ જશે તે મને જરાય નહીં ખપે. તેથી સાબુની જગ્યાએ એણે બટાકા અને ડુંગળી લઈ લીધા. લક્ષ્મીપતિએ જોયું કે સામે ભીખુલાલ તેમની પત્ની સાથે બે-બે થેલા ભરીને તાજા શાક-ભાજી લેતા હતા. એને લાગ્યું કે ફરી એકવાર ભીખુલાલ પોતાની અમીરીના ગુણગાન ગાશે તેથી તે જલ્દીથી ઘરે આવી ગયો.

ઘરે પહોંચ્યો તો સુશીલા વેલણ સાથે દરવાજા પાસે ઉભી હતી. દરવાજા પરથી જ એણે પૂછ્યું, "સાબુની ટીકડી મળી કે નહીં ?" "અરે સુશીલા, હું તારા માટે લાવવાનો જ હતો પણ દુકાનમાં સાબુની ટીકડીનો માલ ખલાસ થઈ ગયો હતો. પણ મને આ તાજા શાક-ભાજી મળ્યાં છે." આમ કહી લક્ષ્મીપતિએ વાતને સાચવી લીધી.

સુશીલા હવે કંટાળીને બોલી, "સાબુ ઘરમાં આવતો નથી અને જે વસ્તુ મંગાવી ન હતી એ ઊંચકીને લઈ આવ્યા. બોલો હવે હું બટાકાથી કાલે લૂગડા ધોવું ?" લક્ષ્મીપતિ બધું સાંભળતો હતો, એટલે છેવટે, તે ફરીથી એક વખત બજાર ગયો પણ તેના ખિસ્સા તો ખાલી ખમ ! ત્યાં તેને હરિ

નામનો એક મિત્ર મળી ગયો. "લક્ષ્મીપતિ, હું તારા ઘરે જ આવતો હતો. સાત દિવસ પહેલાં તેં મને દસ રૂપિયા ઉધાર આપ્યા હતા. મારે લોટ લેવો હતો અને મારી પાસે દસ રૂપિયા ઓછા હતા તેથી તેં મારી મદદ કરી હતી." હરિની આ વાત સાંભળીને લક્ષ્મીપતિને થયું કે હરિ આજે મારી સંકટ સમયની સાંકળ બનીને આવ્યો છે. લક્ષ્મીપતિએ પૈસા લીધા અને હસતા મુખે સાબુની દુકાનમાં પહોંચી ગયો. દસ રૂપિયાની એક નાની લાલ રંગની સાબુની ટીકડી લીધી.

સાબુની ટીકલી ભલે જેટલી પણ નાની હોય, એને હાથમાં પકડીને જ કરોડોનું સ્મિત લક્ષ્મીપતિના મોઢા પર દેખાતું હતું, તે ખરેખર જોવા જેવું હતું. જાણે કોઈ સોનાનો પૌરાણિક હાર લાવ્યો હોય, એવા રુઆબથી લક્ષ્મીપતિએ સાબુની ટીકડી સુશીલાના હાથમાં મૂકી. સુશીલા તો રાજીનો રેડ થઈ ગઈ.

બીજા દિવસે, સુશીલા સૌથી પહેલા ચોકડીમાં કપડાં ધોવા બેસી. સવારનો મીઠો વાયરો વાતો હતો. સુશીલા કપડાં ધોતાં-ધોતાં ગાવા લાગી : 'મારા સંસારની ગાડી ચાલે પ્રેમથી, માતાજી રાખજો સૌને હેમ-ખેમથી...' એણે નવી લાલ રંગની ટીકડીને ઘણા વખત પછી જોઈ તો, સુશીલાને તે ખૂબ વહાલી લાગી. લક્ષ્મીપતિનો ઝભ્ભો સાબુ વડે તે બે હાથોથી મસળવા લાગી. ત્યાંજ ક્યાંકથી ઉડતો ઉડતો એક કાગડો આવી અને ચોકડીમાં મૂકેલા પાણીના ટબ પાસે બેસી ગયો. સુશીલા તો કપડાં ધોવામાં એટલી વ્યસ્ત હતી કે એને તો કાગડો દેખાયો જ નહીં.

કાગડાએ સાબુની લાલ ટીકડી જોઈ. એને લાગ્યું કે તે માંસનો ટુકડો હતો તેથી ઝટ ઊડીને સાબુ પોતાની ચાંચમાં પકડીને આકાશમાં ઊડી ગયો.

હવે શું થશે ? સુશીલાને તો આંખોની સામે અંધારા આવવા માંડ્યા. તે જોર-જોરથી ચીસો પાડવા માંડી : 'ચોર...ચોર...પકડો કાગડાનો...ચોર.

ચીસો સાંભળીને લક્ષ્મીપતિ અને આજુબાજુના લોકો સાથે ભીખુલાલ અને એમની પત્ની પણ બહાર આવ્યા. લક્ષ્મીપતિએ પૂછ્યું, "શું થયું ?" સુશીલા ઉપર તરફ આંગળી કરીને બોલી, "એ કાગડો આપણો નવો સાબુ લઈને ઊડી ગયો. સાબુચોર કાગડો !"

લક્ષ્મીપતિએ મેલા કપડાં સામે જોયું અને પછી ઊડી રહેલા કાગડા સામે જોયું ; ને હસતા હસતા બોલ્યો, "સાબુની વધારે જરૂર કોને છે ? તારા આ મેલા કપડાંને કે પછી પેલા કાળામેંશ કાગડાને ?"

આ સાંભળીને પડોશીઓ સાથે સુશીલા પણ હસી પડી અને બીજા દિવસથી ફરી એકવાર ઘરમાં નવા સાબુનો કકાટ શરૂ થઈ ગયો !!!

**બોધ :** જો જીવનમાં આવતા મુશ્કેલ સમયને થોડી હળવાશથી લઈશું તો થોડા ઓછા દુઃખી થઈશું અને સ્વસ્થ બની મસ્ત રહી શકીશું.

**પ્રથમ ઈનામ**

**પાવની શાહ**

ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ

# અદ્ભુત જેલીલેંડ

ભારત નામનાં મહાન દેશમાં, સુંગર મજાનું નાનું ગામ. ગામનું નામ સુંદરપુર. બોલો, ગામનું નામ જ સુંદર ! ગામ નનું પરંતુ ત્યાંના લોકોની બુદ્ધિ ખૂબજ વિકસિત. ત્યાંના બાળકો સુદ્ધાં આધુનિક વૈજ્ઞાનિક વિચારસરણીથી પોતાનું જીવન સરળ, તંદુરસ્ત અને સુખમય બનાવતાં.

આ ગામમાં ત્રણ બુદ્ધિશાળી, બહાદુર અને સાહસી બાળકો એટલે ઈશાન, શ્રીધર અને શિવમ. એક દિવસ ત્રણેય મિત્રોએ નક્કી કર્યું કે શનિ ગ્રહ પર ફરવા જવું છે. બસ ! વિચાર આવતાં જ ત્રણેયે એક આધુનિક યંત્ર બનાવવાનું ચાલુ કર્યું અને અથાગ મહેનત પછી સફળતા પણ મેળવી.

પૃથ્વીથી દૂર શનિ ગ્રહ પર ત્રણેય મિત્રો આધુનિક યંત્રમાં બેસી ફરવા ગયા. પૂરા ૧૪ મહિને શનિની ભૂમિ પર ઊતર્યા. શિવમને ત્યાંની ભાષા આવડતી હતી એટલે ત્યાંના લોકોને તેણે સમજાવ્યું, ''અમે લોકો શનિગ્રહના લોકોને કશું નિકશાન નહીં પહોંચાડીએ.''

ત્યાંના લોકો લાલ રંગનાં હતાં. લાંબા કાન, ટૂંકા પગ અને મોટી લાલા રંગની આંખો. ત્યાં આજુબાજુ તો લાલ રંહની જેલી જ જેલી ! ત્યાંના લોકોએ શિવમને પોતાની ભાષામાં કહ્યું, ''અમે શાંતિપ્રિય લોકો છીએ. અમારો આહાર ફક્ત જેલી જ છે.'' ત્રણેયને લાગ્યું કે આ લોકો કેટલી બધી જેલી ખાતાં હશે, કારણકે તે લોકો જાડાપાડા, તંદુરસ્ત અને પહેલવાન જેવાં દેખાતાં હતાં.

શિવમે જેલીલેંડવાસીઓને જેલીલેંડની બીજી વિશેષતાઓ પૂછી. જેલીલેંડવાસીઓએ જવાબ આપ્યો, ''જેલીલેંડ છ હજાર વર્ષો પહેલાં શોધાયેલું હતું. 'ગ્રેટ રેડ ઝેલી' તે પ્રદેશનો સૌથી ઊંચો અને અલગ દેલીથી બનેલો પર્વત હતો. પણ ઘમાં વર્ષ પહેલાં તેના પર ઓસિલિસ નામના રાક્ષસે હુમલો કર્યો હતો. અમારા રાજા ટાઈટનને બંદી બનાવી તેણે 'ગ્રેટ રેડ જેલી' પર દેક કરી રાખ્યા છે. થોડા વર્ષ પહેલાં ઑરેકલ નામની અમારી વિદૂષીએ ભવિષ્યવાણી કરી હતી કે એક બીજા ગ્રહના ત્રણ લોકો આવશે અને આપણા રાજા ટાઈટનને મુક્ત કરશે અને ઓસિલિસને મારશે.''

આટલું સાંભળી ત્રણેય ખૂબ ચિંતામાં પડી ગયા. પણ સેવાભાવી હોવાના કારણે તેમણે જેલીલેંડના

લોકોને મદદ કરવાનું વિચાર્યું.

બીજા દિવસે ત્રણેય મિત્રો 'ગ્રેટ રેડ જેલી' ચઢવા નીકળ્યાં અને જેલીલેંડના લોકોએ કહ્યું, "ઓસિલિસ ફક્ત જાદુઈ તલવારથી જ મરી શકે છે. તે તલવાર પહાડની ટોચે મળી જશે. ત્રણેય મિત્રોએ પહાડનું ચઢાણ શરૂ કર્યું. બે દિવસની સતત મહેનત પછી તેમણે આરામ કરવાનું વિચાર્યું. ત્યાં અચાનક આખું આકાશ ગુલાબી રંગનું થઈ ગયું અને એક તોફાની ચક્રવાત આવ્યો. ચક્રવાતે આજુબાજુ તારાજી સર્જી. આજુબાજુના જેલીથી બનેલા પથ્થર નીચે પડવા લાગ્યા. બીજું કોઈ હોય તો હાર માની લે પણ આ તો સાહસી બાળકો ! એમ હાર માને ? ત્રણ દિવસ પછી તોફાની ચક્રવાત શાંત થયો અને તેમણે યાત્રા ફરી શરૂ કરી."

આઠ દિવસના ચઢાણ પછી તે લોકો ઓસિલિસના મહેલ પાસે પહોંચ્યા. ત્યાં પહોંચતા જ ત્રણેય છોકરાઓમાં અદ્ભુત શક્તિ આવી ગઈ. પહાડની ટોચ પર અદ્ભુત, ભવ્ય અને વિશાળ મહેલ હતો. આખો જેલીથી બનેલો. બહાદુરીથી ત્રણેય ઓસિલિસના મહેલમાં ગયા. દરવાજાનાં પગથિયાં ચઢી તેઓ અંદર પહોંચ્યાં. ઓસિલિસ સૂતો હતો તે કારણે તેમણે પહેલા રાજા ટાઈટનને છોડાવ્યા. ટાઈટને કહ્યું, "સૂર્યનાં કિરણો સામે જાદુઈ તલવાર રાખીને તેનાં કિરણોના વક્રીભવનથી બનેલાં સાત રંગોના કિરણો ઓસિલિસ પર પાડવા, જેથી તેની શક્તિ નષ્ટ થાય અને પછી તે તલવાર તેના પેટની આરપાર પસાર કરવી."

આટલું સમજાવ્યા પછી અવાજ કરીને ટાઈટને ઓસિલિસને જગાડ્યો. ખૂબ જ ઝડપથી શિવમે જાદુઈ તલવાર ઓસિલિસ પર જાદુઈ શક્તિનો પ્રયોગ કર્યો. સૂર્ય સામે જાદુઈ તલવાર ધરવાથી સૂર્યના કિરણોનું વક્રીભવન થતાં તે કિરણો ઓસિલિસ પર પણ પડ્યાં. આમ કરવાથી ઓસિલિસની શક્તિ નાશ પામી. આ સ્થિતિનો લાભ લઈને શિવમે જાદુઈ તલવાર ઓસિલિસના પેટની આરવાર પસાર કરી અને તે મૃત્યુ પામ્યો. ટાઈટનને પોતાની જાદુઈ શક્તિ પાછી મળી અને પોતાની શક્તિથી જેલીલેંડને પરીથી ખુશખુશાલ બનાવી દીધું.

ટાઈટન અને બધા જેલીલેંડવાસીઓએ ત્રણેય મિત્રોનો આભાર માન્યો. ટાઈટને ત્રણેય મિત્રો શિવમ્, શ્રીધર અને ઈશાનને આખા શનિગ્રહની સફર કરાવી. અને અંતે તેમને કોથળા ભરીને સ્વાદિષ્ટ જેલી પણ આપી.

પછી ત્રણેય મિત્રો પોતાના આધુનિક યંત્રમાં પૃથ્વી તરફ રવાના થયા અને ૧૪ મહિને પોતાના ઘરે પાછા ફર્યા. તેમની જેલીલેંડની ખોજ અને સાહસ માટે તેમનો ઈનામો મળ્યાં અને તેઓ મહાન વિજ્ઞાનીઓ પણ બન્યા. દર ત્રણ વર્ષે તેઓ સાથે મળીને શનિગ્રહના લોકોને મળવા જાય છે અને નવી જગાઓ શોધે છે.

**બોધ :** સાહસી અને બહાજુર લોકો હંમેશા સફળતા મેળવે છે.

**દ્વિતીય ઈનામ**
**સુમેધા મહેતા**
ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ

# મેં માર્યો જંગલના રાજાને

એક મોટું જંગલ હતું. જંગલમાં ઝૂંપડી બાંધી એક શિકારી રહેતો હતો. શિકારી દરરોજ શિકાર કરી પોતાનું જીવન પસાર કરતો હતો. હવે ત વૃદ્ધ થયો. એટલે શિકારીનું સ્વાસ્થ્ય અને તંદુરસ્તી પણ સારી રહેતી ન હતી. તે પોતાના સ્વાસ્થ્ય માટે આયુર્વેદિક ઔષધીનો ઉપયોગ કરતો. વૃદ્ધ થવાના કારણે તે શિકાર પણ સારી રીતે કરી શકતો ન હતો. તેથી શિકારી યુક્તિથી પ્રાણીઓને મારતો હતો.

એક દિવસની વાક. શિકારી જંગલની ૈષધિનો ઉપયોગ કરી બેભાનની જે દવા બનાવી હતી તે ઘાસમાં ગોઠવીને એક ઝાડ પાછળ છુપાઈ ગયો. થોડીવારમાં ત્યાં ઘાસ ચરતું-ચરતું હરણ આવ્યું. ઘાસ ખાતા-ખાતા એ ઔષધી દવા પણ ખાઈ ગયો. થોડીવારમાં હરણને ચક્કર આવવા લાગ્યા અને બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો. શિકારી આ જોઈ જેવો હરણ પાસે જવા તૈયાર થાય છે. ત્યાં એક સિંહ દોડતો-દોડતો આવી હરણને દબોચી લીધો અને હરણને ફાળી ખાધો. હરણનું મારણ કરીને સિંહનું પેટ ભરાઈ ગયું અને સિંહ પોતાના બોડ તરફ જવા લાગ્યો. શિકારી આ જોઈ પોતાના શિકારને સિંહ લઈ ગયાનો અફસોસ કરતો ઘરે ચાલ્યો ગયો.

આ બધી જ ઘટના જંગલમાં રહેતો વરૂ પણ એક ઝાડ પાછળ છુપાઈને જોતો હતો. સિંહ બોડ પાસે ગયો અને ત્યાંજ ચક્કર આવવાથી સિંહ બોડ પાસે બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો. આ જોઈને વરૂને એક યુક્તિ સુઝી. જોયું તો સિંહ મરણ પથારીએ હોય તેવું લાગ્યું. તેણે સિંહને મહામહેનતે બોડની અંદર છુપાવી દીધો અને યુક્તિના પ્રમાણે જંગલના પ્રાણીઓની સેના કૈયાર કરવા ચાલી નીકળ્યો. વરૂની સામે સૌ પ્રથમ રીંછભાઈ મળ્યા. રીંછભાઈને જોઈને વરૂ બોલ્યો.

"મેં માર્યો જંગલના રાજાને<br>
હવે હું બનીશ જંગલનો રાજા રે...<br>
રીંછભાઈ થાવ મારી સેના રે..."

આ સાંભળી રીંછભાઈ કે નાચતા-ગાતાં ક્યાં ચાલ્યા વરૂભાઈ કે ઓ રીંછડા આજે તો મેં લડાઈમાં જંગલના રાજા સિંહને મારી નાખ્યો છે, હવે હું આજથી જંગલનો રાજા ચાલ મારી સેનામાં દાખલ થઈ જા. રીંછ તો વરૂની સેનામાં દાખલ થઈ જંગલમાં આગળ-આગળ ચાલવા લાગ્યા. સામેથી ભોળા-ભોળા સસલા મળ્યાં. સસલાના જૂથે કહ્યું વરૂભાઈ આમ હરખાતાં-હરખાતાં ક્યાં જાવ છો ? વરૂભાઈએ કહ્યું :

"મેં માર્યો જંગલના રાજાને
હવે હું બનીશ જંગલનો રાજા રે...
સસલાઓ થાવ મારી સેના રે..."

ચાલો, તમે પણ મારી સેનામાં દાખલ થઈ જાવ. સસલાના ટોળાં વરૂભાઈની સેના બની ગઈ અને વરૂ, રીંછ અને સસલાઓની સવારી જંગલમાં આગળ વધવા લાગી. રસ્તામાં એક ઝાડ પર વાંદરાઓનું ટોળું આ જોઈ બોલી ઊઠ્યાં ઓ વરૂભાઈ ઓ વરૂભાઈ આમ નાચતાં-ગાતાં ક્યાં જાવ છો ? વરૂભાઈ બોલ્યો :

"મેં માર્યો જંગલના રાજાને
હવે હું બનીશ જંગલનો રાજા રે...
વાંદરાઓ થાવ મારી સેના રે..."

વાંદરાઓ પણ વરૂની સેના બની ગઈ. સેનાની સવારીની સામે જંગલમાં જિરાફભાઈઓ પાસે પહોંચી આ જોઈ જિરાફભાઈઓ બોલ્યા આ સવારી ક્યાં ચાલી ? વરૂભાઈ બોલ્યા :

"મેં માર્યો જંગલના રાજાને
હવે હું બનીશ જંગલનો રાજા રે...
જિરાફભાઈઓ થાવ મારી સેના રે..."

જિરાફભાઈ પણ સેનામાં સામેલ થઈ જંગલમાં હરણનું ટોળું સામે આવ્યું આ જોઈ હરણના નાયકે પૂછ્યું આમ આ સેના કઈ બાજુ ચાલી ? વરૂ બોલ્યું :

"મેં માર્યો જંગલના રાજાને
હવે હું બનીશ જંગલનો રાજા રે...
હરણાઓ થાવ મારી સેના રે..."

આમ, હરણાઓ પણ વરૂની સેના બન ીગઈ. વરૂની યુક્તિ તો કામ લાગી અને વરૂની સેના તો મોટી-મોટી બની ગઈ. આમ, સેનામાં હાથી, જંગલી ગાય, ભેંસ, ઝિબ્રા, ચિત્તો અને જંગલના બધા જ પક્ષીઓ વરૂની સેના બની ગયા.

વરૂએ જંગલની વચ્ચે સિંહના બોડ પાસે પોતાની સભા ભરી. વરૂ તો હરખનો માર્યો ફુલાતો ગયો. એક ઊંચા આસન ઉપર બેસીને જંગલના પશુ-પક્ષીઓને સંબોધવા લાગ્યો. જંગલના ભાઈઓ અને બહેનો આજે મેં જંગલના રાજા સિંહને યુદ્ધમાં હરાવ્યો છે. આ બોડમાં મેં સિંહને મારીને રાખ્યો છે. તમે જોઈ લો. હવે આ બોડ મારો મહેલ છે. હું તમારો રાજા છું. બધા જ પ્રાણી-પક્ષી બોલ્યા :

"વરૂ અમારો રાજા રે...
અમે તેની પ્રજા રે...
વરૂભાઈની જય હો...
વરૂભાઈની જય હો..."

આ બધી ઘટના બખોલમાં છુપાઈને શિયાળ જોયા કરતું. શિયાળ તો ચાલાક. શિયાળે વિચાર્યું કે નક્કી કાંઈક ખોટું થઈ રહ્યું છે. શિયાળે યુક્તિ કરી અને પોતાના ટોળા સાથે વરૂની સભામાં હાજર થયા અને બોલ્યાં :

"વરૂ અમારો રાજા રે...
અમે તેની પ્રજા રે...
વરૂભાઈની જય હો...
વરૂભાઈની જય હો..."

વરૂભાઈએ શિયાળની સેના જોઈ ખુશ થઈ ગયો. તેણે જાહેરમાં નવું મંત્રીમંડળ બનાવ્યું અને નિત-નવા નિયમો જાહેર કર્યા. આમ બધી સેના જય-જય કાર કરી છુટ્ટી પડી. બધા જ પશુ-પક્ષી પોત-પોતાના ઘરે ગયા. વરૂ તો એકલો રહી ગયો. આ જોઈ ચતુર શિયાળ આવ્યું અને બોલ્યું રાજાજી રાજાજી,

"વરૂ અમારો રાજા રે...
હું વરૂનો મંત્રી રે...
વરૂભાઈની જય હો...
વરૂભાઈની જય હો..."

વરૂભાઈએ શિયાળભાઈને મંત્રી બનાવ્યો. રાજા અને મંત્રી બોડમાં ગયા. રાત્રે શિયાળભાઈએ ચાલાકીથી વરૂભાઈની વાહ-વાહ કરી સાચી હકીકત જાણી લીધી. ત્યારે શિયાળભાઈને ખબર પડી કે વરૂભાઈએ યુદ્ધ કર્યું નથી. અને સિંહભાઈને માર્યો પણ નથી. એટલે શિયાળને આખી હકીકત સમજાઈ ગઈ. રાત્રે બંને જણ ખાઈ-પીને સૂઈ ગયા. રાત્રે શિયાળે યુક્તિ કરી અને સૂઈ ગયો. અડધી રાત્રે દૂબાતા પગે શિયાળ સિંહ પાસે ગયો. સિંહનો શ્વાસ ધીમે-ધીમે ચાલતો હતો. શિયાળે પાણી લઈ સિંહ ઉપર છાંટ્યું અને સિંહને ભાનમાં લાવ્યો. જેવો સિંહ ભાનમાં આવ્યો તે ક્રોધમાં શિયાળને ખાવા જાય છે. ત્યાં શિયાળભાઈ સિંહને શાંત કરી હકીકત કહે છે. અને યોજના પ્રમાણે મરેલ સ્થિતિમાં રહેવાનું કહ્યું.

બીજે દિવસે સવારે શિયાળે વરૂભાઈને કહ્યું કે આપણે આ સિંહના અંતિમ સંસ્કાર કરવા જોઈએ. વરૂ તો ખુશ થઈ ગયો અને કહ્યું હા...હા... આપણે રાજ્યના નિત-નિયમ પ્રમાણે પૂર્વ રાજાના અંતિમ સંસ્કાર કરશું. જાવ જંગલની પ્રજાને બોલાવો અને અંતિમ સંસ્કારની તૈયારી કરો.

શિયાળ તો જંગલની બધી જ પ્રજાને જંગલમાં એક જગ્યાએ બોલાવી વરૂની સાચી હકીકત કહી દીધી અન જંગલની સેના લઈ બોડ પાસે આવી ગયો.

હવે, વરૂભાઈ મગરના આસુ કાઢીને પ્રજાને સંબોધન કરવા લાગ્યો કે સિંહભાઈ આપણી વચ્ચે રહ્યા નથી. પણ આપણે તેના અંતિમ સંસ્કાર કરીશું.

ત્યાં તો યોજના પ્રમાણે સિંહે`ક ગર્જના કરી અને પાછળથી વરૂભાઈને દબોચી લીધો અને સિંહ બોલ્યો. વરૂ આમ તારી ચાલાકી કામ નહીં આવે... હું તને હમણાં જ ખાઈ જઈશ. ત્યાં શિયાળ બોલ્યો મહારાજ તેને મારશો નહીં. તેને`વી સજા આપો કે તે જીવનભર યાદ રાખે. સિંહે શિયાળને કહ્યું કે તું જ કે આ કપટી વરૂને શી સજા આપીશું. શિયાળ બોલ્યો મહારાજ તેને તમારો સફાઈ કામદાર બનાવી દો. તે દરરોજ બોડની સાફ સફાઈ કરશે અને સ્વચ્છતા રાખશે. સિંહે હુકમ કર્યો અને ત્યારબાદ જંગલની બધી જ પ્રજા બોલી :

“સિંહ અમારો રાજા રે...
શિયાળ અમારો મંત્રી રે...
અમે તેની પ્રજા રે...
સિંહભાઈની જય હો...”
સિંહભાઈની જય હો...”

**તૃતિય ઈનામ**
**પરમાર પર્વ**
શ્રી કેરાકુન્દમાર લેવાપટેલ ટ્રસ્ટ, કચ્છ

## હાફ ચોકલેટ

મોનું દિપના હાથમાં કેટબરી ચોકલેટ જોઈ દોડતો મમ્મી પાસે આવ્યો. ''મમ્મી મને પણ ચોકલેટ ખાવી છે.'' રમીલા એટલા નાના છોકરાને કેમ કરીને સમજાવે કે... એ એમની હેસીયત બહાર વાત હતી. બે ટંક ખાવાના ફાંફા હતા ત્યાં મોંઘી ચોકલેટ ક્યાંથી અપાવે... એમણે વિચાર કરી મોનુંને કહ્યું, ''બેટા...! એ આપણે ન ખવાય. એનાથી આપણા દાંત સડી જાય અને આપણું સ્વાસ્થ્ય બગડે.''

ભોળો મોનુ માની તો ગયો પણ હજુ તેનો સવાલ પૂરો થયો ન હતો. તેણે ફરી બીજો સવાલ કર્યો. પણ મમ્મી દિપને તો કશુંય ના થયું એ તો ચોકલેટ ખાય છે. રમીલા હવે શું જવાબ આપે ? પરંતુ મોનુને સમજાવો તો પડે. રમીલાએ મોનુંને સમજાવ્યું કે જો બેટા ! આપણે ગરીબ માણસ આપણે બે ટાઈમ ખાવાના વાંધા હોય ત્યાં હું ચોકલેટ અપાવુ અને ખાધા પછી તારું સ્વાસ્થ્ય બગડે, શરદી થાય, દાંત સડે તો દવાના પૈસા ક્યાંથી લાવું ? મોનુ નાનો હતો તો પણ આટલામાં બધુ સમજી ગયો હોય તેમ આંસુ ભરી નજરે પેટ પર હાથ ફેરવતો મમ્મીને જોઈને બોલ્યો... ''પણ મમ્મી મને ભૂખ લાગી છે.'' રમીલાએ શેઠાણીએ આપેલું પ્લાસ્ટીકનું ઝબલુ ખોલ્યું અને તેમાંથી વાસી રોટલી અને રાતનું વધેલું શાક મોનુને ખાવા આપ્યું.

મોનુ પણ માંના એ પ્રેમ ભર્યા સ્પર્શમાં વાસી રોટલીમાં ચોકલેટનો સ્વાદ આવતો હોય તેમ માની ખાવા લાગ્યો. એટલામાં રમીલાએ શેઠાણીની બુમ સાંભળી.

રમીલા... ઓ રમીલા..! ક્યાં મરી ગઈ ? જરા પલંગ નીચેથી સરખા કચરા કાઢ. એક નંબરની આળસુ થઈ ગઈ છે. બસ મફતનો પગાર ને રોટલા ખાવા..! શેઠાણી સવીતાબેનનો અવાજ આવતા રમીલા એના ચાર દીકરાને જમાડતી રસોડામાંથી ઝાડુ લઈને દોડતી આવી. સવીતાબહેનનો દીકરો અનો રમીલાનો મોનુ સરખી ઉંમરના, ેટલે રમીલા કામ કરવા આવે ત્યારે દીકરા મોનુને સાથે લઈ આવે. બંને સાથે રમે તેટલી વારમાં રમીલાને કામ થઈ જાય. જે વાંસી કે પડેલું ખાવાનું શેઠાણી આપે

તે માં-દીકરો ખાઈલે.

રમીલા કામ કરવા ઊભી થઈ જતા મોનુનું જમવાનું અધુરું રહ્યું. એ રસોડાના બારણે ઊભો રહી જોવા લાગ્યો. દિપ (સવિતાબેનનો દીકરો) ચોકલેટ ખાતો હતો તેણે અડધી ચોકલેટ ખાઈ બાકીની અડધી ચોકલેટ ત્યાં ટેબલ પર મુકી અન બહાર રમવા ગયો. મોનુ અબુધ બાળક તેની ઈચ્છાને ન રોકી શક્યો. અને તે અડધી પડેલી ચોકલેટ લઈ અને ખાઈ ગયો. થોડીવારમાં દીપ પાછો આવીને ચોકલેટ શોધવા લાગ્યો. ટેબલ પર, સોફા પર, રસોડામાં બધેજ શોધી પરંતુ ચોકલેટ ક્યાંય ન મળી. દીપ ચોકલેટ ન મળતાં રડવા લાગ્યો. શેઠાણી અને રમીલાએ દીપને બોવ મનાવ્યો પણ એ ના જ માન્યો. તેણે તો જીદ પકડી "મારે એ જ અડધી ચોકલેટ જોઈએ." આખું ઘર માથે લીધું.

એટલામાં રમીલાની નજર મોનુ પર પડી મોનુ બગીચામાં ખુશ ખુશાળ રમતો હતો. રમીલા મોનુ પાસે ગઈ મોનુના મોઢામાં કંઈક હતું. અરે ! આતો એ જ ચોકલેટ હતી. શેઠાણીએ પણ આ જોયુ અને રમીલાના તો હાથ-પગ ડરના માર્યા ધ્રુજવા લાગ્યા. ભલે અડધી ચોકલેટ પણ ચોરી તો હતી ને ! શેઠાણીના ડરથી એની આંખમાં જળજળીયા આવી ગયા. શેઠાણી સામે હાથ જોડી માફી માગવા લાગી. પરંતુ શેઠાણી ગુસ્સામાં હતા. તેમણે મોનુને બાવડુ પકડી માર માર્યો. રમીલા વચ્ચે પડતા તેને પણ ધક્કો માર્યો અને આ બધી રમઝટમાં રમીલાનું માથું ઓટલા સાથે અથડાયું લોહી વહેવા લાગ્યું. મોનુ ખુબ રડ્યો માફી માંગી પણ શેઠાણીએ બંનેને કાઢી મૂક્યા. રમીલા અને મોનુ લથડાતા પગે ફાટેલા સાડલાનો છેડો કપાળે રાખી ઘરે પહોંચ્યા.

હવે કામ તો રહ્યું ન હતું. રમીલાના માથાનો ઘા ઉંડો થતો જતો હતો. દવાના પૈસા ન હતા. બાજુમાં રહેતા ગોપાલભાઈ થોડી-થોડી મદદ કરતા હતા. એટલે બંનેનું એક ટાઈમનું ખાવાનું થઈ જતું હતું. ધીરે ધીરે રમીલાનો ઘા ખૂબ વધી ગયો. પીડા સહન ન થતા રમીલા સ્વર્ગ સીધાવી.

મોનુ એકલો થઈ ગયો. ખૂબ રડ્યો. એને એ અડધી ચોકલેટની ખૂબ મોટી કિંમત ચૂકવવી પડી હતી. એની માં છીનવાઈ ગઈ હતી. ભગવાનના આ અન્યાય બદલ મનોમન ભગવાન સામે લડતો.

મોનુએ નક્કી કર્યું હવે તે ધનવાન બનશે પછી ચોકલેટ ખાશે. અને એ અડધી ચોકલેટ દીપનું ઋણ ચુકવશે. નાનો મોનુ સમય અને પરિસ્થિતિ મુજબ ખૂબજ સમજણો થઈ ગયો હતો. મોનુ ગોપાલભાઈની સાથે રહીને તેની ભાગની લારીમાં કામ કરતો. ગોપાલભાઈ તેનું જમવાનું-રહેવાનું ધ્યાન રાખતા. ગોપાલભાઈ ખુબ સજ્જન માણસ હતા. દયાળુ હતા. પૈસા વાપરવા મોનુને આપતા.

મોનુ હવે દસ વર્ષનો થઈ ગયો હતો. પરંતુ તેની સમજણ શક્તિ વીસ વર્ષના યુવાન જેવી હતી. તેણે નાની ઉંમરમાં ઘણું દુઃખ જોયું હતું. ગોપાલભાઈનો સહારો ના હોત તો તે પણ કદાચ જીવી ના શક્યો હોત.

મોનુએ હવે ગોપાલભાઈના ધંધામાં ધ્યાન આપી આગળ વધવાનું નક્કી કર્યું. ધીરે ધીરે બજારમાં જતો થયો. ઓળખાણો થઈ ધંધો વધ્યો. મોનુએ ચોકલેટના ધંધામાં જ આગળ વધવું હતું. એને અડધી ચોકલેટનું ઋણ ચુકવવું હતું. અને માની પીડા .......... ગાલ પર પડેલી શેઠાણીના હાથની છાપ હજુ ભૂંસાઈ ન હતી.

મોનુની કિસ્તમે તેનો સાથ દીધો. મોનુ બાવીસ વર્ષની ઉંમરમાં ખુબ સફળ વેપારી બન્યો. આજે તેની ત્રણ-ચાર ચોકલેટની શોપ છે. હવે ત એક નવું સાહસ કરવા જઈ રહ્યો હતો.

બ્રાહ્મણોના મંત્રોચ્ચારના અવાજો આવી રહ્યા હતા. મોનુ પણ લાલ કુર્તો, સોનેરી સલવાર અને જામેવારી દુપટ્ટો નાખી એક રાજકુમાર જેવો શોભી રહ્યો હતો. ભગવાનની પુજા વીધી ચાલી રહી હતી. ત્યાંજ દરવાજા પર એક સ્કોડા ગાડી આવી ઊભી રહી. એમાંથી એક પીસ્તાલીશ વર્ષની લાગતી સ્ત્રી અને એક બાવીસેક વર્ષનો લાગતો યુવાન ઉતર્યા. મોનુ એકાએક પુજામાંથી ઊભો થઈ બંને પાસે ગયો અને બંનેને આદરથી આવકાર્યા. અને પેલી સ્ત્રીના પગે પડી આશીર્વાદ માંગ્યા. અને કહ્યું કે, "તમે ઓળખ્યો મને ? હું રમીલાનો મોનુ. આજે તમારા કારણે હું આટલું સફળ થયો છું. તમે તે દિવસે માર ના માર્યો હોત તો હું અહીં સુધી પહોંચી શક્યો ન હોત. આજે "હાફ ચોકલેટ" નામની ફેક્ટરી શરૂ કરવા જઈ રહ્યો છું. તો તમે તમારા હાથે આ ફેક્ટરીનું ઉદઘાટન કરશો તો મારું એ દિવસનું ચોકલેટ ખાવાનું ઋણ ઉતરી જશે."

આ સાંભળી શેઠાણી સવીતા અને દીપ બંનેની આંખમાં આંસુ આવી ગયા. અને અશ્રુભીની આંખો સાથે ફેક્ટરીનું ઉદઘાટન કર્યું. મોનુએ બંનેના આંસુ લુછતાં દીપના હાથમાં એક બોક્સ મુક્યું. જેમાં ચોકલેટ હતી. બોક્સની ઉપરના ભાગે એક નાનુ પેકેટ હતું. એ દીપે ખોલ્યું તેમાં એક અડધી ચોકલેટ હતી. એ અડધી ચોકલેટના બે ટુકડા કરી દીપે એક ટુકડો પોતાના હાથે મોનુના મોમાં મુક્યો અને બંને એકબીજાને ભેટી પડ્યા. અને બધાની આંખમાં આંસુ હતા. પછી સવીતા અને દીપને મોનુ પોતે ગાડી પાસે મુકવા ગયો.

આજે બધા ખુશ હતા. જે થાય એ સારારે માટે થાય એ કહેવત સાચી કરી. પરંતુ સાથે દઢ સંકલ્પશક્તિ અને પરિશ્રમનું પરિણામ ઉત્તમ જ હોય એ પણ જાણવા મળ્યું.

**પ્રોત્સાહન ઈનામ**
**વંદિત શાહ**
ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ

# મહેનતનું મહેનતાણું

"કહેતા નહીં ભગવાનને કે સમસ્યા વિકટ છે, કહી દે સમસ્યાને કે, ભગવાન મારી નિકટ છે. રાખ તારું મન જાણે સ્વાસ્થ્યનુ સ્વરૂપ, તારી સફળતાને પુંજસે લોકો ઉદાહરણરૂપ."

આ વાર્તા એક મધ્યમવર્ગીય પરિવારના અર્જુન નામના ખૂબ પ્રતિભાશીલ યુવકની છે. તેના પરિવારની દશા ખૂબજ દયનીય હતી. એક સાંથે ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ. તેઓ પોતાનું ગુજરાન એક નાના ધંધા ઢાબાથી ચલાવતા હતા. અર્જુનના પરિવારમાં બેજ વ્યક્તિ હતા. તેની માતા જયાબેન અને પિતા મનુભાઈ. તેના પિતાનું સ્વાસ્થ્ય ખૂબજ નબળું રહેતું હોવાના કારણે તેની માતા જયાબેન ઢાબા પર રસોઈ કરતી અને તેના પિતા લોકોને પીરસવાનું કામ કરતાં. તેઓ રાત-દિવસ ખૂબજ મહેનત કરીને અર્જુનને ભણાવતા. સમયની અનુકુળતા પ્રમાણે અર્જુન તેના માતા-પિતાને કામમાં મદદ કરતો. પિતા મનુભાઈની નાદુરસ્ત તંદુરસ્તી હોવા છતાં તેઓ ખૂબ મહેનત કરતા અને તેમાંથી મળેલ આવકથી સ્વાસ્થ્ય અને જીવન જરૂરી વસ્તુઓ મેળવીને ખુશીથી જીવન જીવતાં હતાં.

તેજ સમયે પૂરા વિશ્વ ઉપર કોરોના વાઈરસ નામની મહામારી ચાલુ થઈ ગઈ. આ મહામારી ચેપી હોવાના કારણે તથા તેનાથી ફેફસાંની બિમારી થવા લાગી અને ઝડપથી એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં સંક્રમિત થવા લાગી. આ મહામારીને ધ્યાનમાં રાખીને સરકારે લોકડાઉન જેવો અગત્યનો નિર્ણય લેવો પડ્યો. સરકારના આ નિર્ણયને ધ્યાનમાં રાખીને અર્જુનના પિતાજીનો ઢાબાનો ધંધો ઠપ થઈ ગયો. એવા જ સમયે અર્જુનના પિતાજી .......... તેમને ફેફસાંની તકલીફ હોવાના કારણે તથા નબળાં સ્વાસ્થ્યને કારણે તે આ બિમારીનો સામનો ન કરી શક્યા અને તેઓ મૃત્યુ પામ્યા.

હવે અર્જુન અને તેની માતા બંને ખૂબજ એકલા પડી ગયા. તેઓની પરિસ્થિતિ દિવસે-દિવસે ખૂબજ કઠિન બનવા લાગી. તેમની પાસે ભોજનનો પણ ખર્ચ કરવો ખૂબજ મુશ્કેલ હતો. અને તેની સાથે શાળાઓમાં પણ ઓનલાઈન શિક્ષણ શરૂ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો. ઘરની પરિસ્થિતિ

એટલી બધી ખરાબ હતી અને તેનાં ઉપર અર્જુનના ઓનલાઈન શિક્ષણના ખર્ચા. અર્જુનની માતા આ સ્થિતિ જોઈને ખૂબજ દુઃખી થતાં. માતાને દુઃખી જોઈને પણ અર્જુનને ચિંતા થતી કે હવે હું શું કરું કે મારી માતા આ પરિસ્થિતિમાંથી બહાર નીકળે.

તેવામાં અર્જુન ઓનલાઈન શિક્ષણની સાથે-સાથે ડિજિટલ દુનિયાથી પ્રેરિત થવા લાગ્યો. તેણે ડિજિટલ દુનિયાથી પ્રેરિત થઈને ઓનલાઈન વ્યવસાય કરવાનું નક્કી કર્યું. એ ખૂબ જ મૂંઝવણમાં પડી ગયો. હવે તેને સાથ આપે તેવી કોઈ વ્યક્તિ તેની સાથે ન હતી. ખૂબજ વિચાર કર્યા પછી અર્જુને વિચાર્યું કે એવો કયો ધંધો શરૂ કરવો જોઈએ જેથી એ પૈસા પણ કમાય અને ખ્યાતિ મેળવે. લોકોમાં પણ ખૂબજ પ્રખ્યાત થાય.

થોડા સમય પછી સરકારે અનલોકની પ્રક્રિયા શરૂ કરી ધંધાને ચાલુ કરવા માટેની છૂટ આપી. એક દિવસ અર્જુન બજારમાંથી પસાર થતો હતો. એ ખૂબ જ મૂંઝાયેલો હતો. એવામાં તેની નર એક કેકની દુકાન ઉપર પડી. તેણે જોયું તો આવી કોરોના સ્થિતિમાં પણ કેક લેવા માટે લોકોની ભીડ જામેલી હતી. આથી તેણે વિચાર કર્યો કે એ પણ ઓનલાઈન બેકરીનો .......... એને કેક બનાવતા આવડતું ન હતું. તેણે ખૂબ મહેનત કરી ઈન્ટરનેટ પરથી કેક બનાવતા શીખવાનું ચાલુ કર્યું. તે બજારમાં જઈને કેક બનાવવા માટેનો જરૂરી સામાન લઈ આવ્યો. તેની માતા પાસે થોડા પૈસા પડ્યા હતા તે લઈને તેમાંથી કેક બનાવવા માટેની જરૂરી સામગ્રી લઈ આવ્યો.

હવે અર્જુને કેક બનાવવાનું શરૂ કર્યું. તેણે ઘણાં બધાં પ્રયત્નો કર્યા છતાં દરેક વખતે તે અસફળ રહેતો. તેમ છતાં તેણે પ્રયત્ન કરવાનું ચાલુ રાખ્યું. ઘણા પ્રયત્નની મહેનત રૂપે તે ખૂબ સરસ કેક બનાવતા શીખી ગયો. ત્યારબાદ તે રોજ એક નવી કેક બનાવતો ગયો અને તેનાં ફોટા નેટ પર અપલોડ કરવા લાગ્યો. તેના ફોટા જોઈને લોકોના કેક માટેના ઓર્ડર આવવા લાગ્યા. ધીમે ધીમે તેનો વ્યવસાય ખૂબ ધૂમ મચાવી ગયો. હવે તે ઘમાં પૈસા કમાવા લાગ્યો. તેણે પછી કેક સાથે બેકરીની બીજી ઘણી બધી વસ્તુઓ પણ બનાવવાની શરૂ કરી તે વસ્તુઓનું ઓનલાઈન વિચરણ શરૂ કર્યું.

દિવસે-દિવસે તેનો ધંધો ખૂબજ લોકપ્રિય બનતો ગયો અને તેણે ઘણી સફળતા મેળવી. હવે તેણે કેકના ઓર્ડર ઘરે ઘરે પહોંચાડવા માટે માણસો પણ રાખી લીધા. આ રીતે અર્જુને કોરોના ........ કરીને ઘરની પરિસ્થિતિ તો સુધારી પણ સાથે-સાથે તે સારો અભ્યાસ પણ કરતો હયો. અને ખૂબજ તેજસ્વી વિદ્યાર્થીમાંનો એક વિદ્યાર્થી બની ગયો. તેની માતાની ખુશીનો પાર ન રહ્યો.

અર્જુન તેના પિતાના કોરોનાના કારણે મૃત્યુ થવાની ઘટનાને ભૂલી શક્યો ન હતો. પિતા ન હોવાના કારણે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો તેના પરિવારને કરવો પડ્યો. આ આઘાતના કારણે તેણે ફેફસાનાં ડૉક્ટર બનવાનું મનોમન નક્કી કરી લીધું અને ખૂબ મહેનત કરી સારું પરિણામ મેળવ્યું. આ ધ્યેય પૂરો કરવા માટે દેશની ટોપ મેડીકલ કૉલેજમાં તેણે એડમીશન મેળવ્યું. જોતજોતામાં તેનું ભણવાનું પુરું થયું અને ખૂબ મહેનત સાથે સારા પરિણામથી મોટો ડૉક્ટર બની ગયો. અને ખૂબ પૈસા કમાવા લાગ્યો. આવી રીતે તેની મહેનતથી માતાને પણ દુઃખની ............ જીંદગી આપી શક્યો. ત્યારબાદ તે અને તેની માતા ખૂબજ ખુશીપૂર્વક કોઈપણ ચિંતા વગર શાંતિપૂર્વક જીવન જીવવા લાગ્યા.

"ઉડવાની હિંમત હોય તો પાંખ ફૂટે, બાકી બેસી રહે તો કિસ્મત પણ ફૂટે."

**બોધ :** જીવનમાં ક્યારેય કોઈ પરિસ્થિતિમાં હતાશ થવાને બદલે તેનો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ અને મહેનત કરીને તેણે લડી લેવી જોઈએ. તમને અવશ્ય સફળતા પ્રાપ્ત થશે.

**પ્રોત્સાહન ઈનામ**
**રુદ્ર પટેલ**
ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ

## સબકા દુલારા, હમારા પ્યારા “Mr. Wash”

એક રામપુર નામનું નાનકડું ગામ છે. તે ગામના લોકો ખૂબજ ગંદકી રાખતા. તેઓ જ્યાંને ત્યાં કચરો, કાગળ, પ્લાસ્ટિકની થેલીઓ, એંઠવાડ બધું ફેંકતા. અને રોગનું મૂળ કારણ બનતા. ગામવાળા લોકો પોતાની સ્વસ્થતા અને તંદુરસ્તીનું સહેજ પણ ધ્યાન રાખતા નહીં. અને ગંદકી કરતા. તેઓ આજ ગંદકીને કારણે કદી પણ સ્વસ્થ અને તંદુરસ્ત રહેતા નહીં. આજ રામપુર ગામમાં એક શાળા હતી. તે શાળાનું નામ રામપુર પ્રાથમિક શાળા હતું. તે શાળામાં આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરવા માટે આવતા. રામપુર ગામના પાંચ વિદ્યાર્થીઓ રિયા, કાજલ, ગોલુ, પપ્પુ અને હર્ષ સાથે જ શાળામાં અભ્યાસ કરવા જતા. ત્યારે તેઓ રસ્તામાં જતા હતા ત્યારે વાતચીત કરતાં કરતાં જતા હતા.

ગોલુ : “કેમ ભાઈ પપ્પુ, તું આ વર્ષે આપણી શાળાના રમોત્સવમાં ભાગ લીધો ન હતો.”

પપ્પુ : “અરે ભાઈ મને રમોત્સવમાં બે-ત્રણ દિવસ પહેલાં દ ડાયેરિયા થઈ ગયા હતા. એટલે તબિયત સારી ન હતી.”

રિયા : અરે, બધાં મિત્રો સાંભળો. બધા સંભાળીને અને ધીમેથી ચાલજો. રસ્તામાં કાદવ અને પાણી ખૂબજ ભરેલું છે. પડી ન જવાય તેની સાચવણી રાખજો. “કેમ, ભાઈ ગોલુ તું આમ ઉછળી-ઉછળીને ચાલે છે ?”

ગોલુ : “અરે, બહેન હું ઉછળી-ઉછળીને નથી ચાલતો ? એ તો મને પગમાં ચામીનો રોગ થવાને કારણે પગમાં ચાઠાં પડી ગયા છે.”

રિયા : “તને આ કઈ રીતે થયું ?”

ગોલુ : “આ તો આપણા ગામના તળાવના ગંદા પાણીને લીધે થયું છે.”

રિયા : ગોલુ પણ તારે ગંજા પાણીના ઉપયોગની જગ્યાએ હેન્ડપંપનું પાણી કે

કૂવાના પાણીનો ઉપયોગ કરવો જોઈએ. તેનાથી તારા સ્વાસ્થ્યને પણ નુકશાન થાત નહીં ?

વાતો કરતાં કરતાં બધા વિદ્યાર્થીઓ શાળામાં આવી ગયા.

વિદ્યાર્થીઓ શાળામાં આવી ગયા. આજના દિવસે સૌ વિદ્યાર્થીઓને પરીક્ષાના ગુણ મળવાના હતા. તેથી સૌ વિદ્યાર્થીઓ ખૂબજ ખુશ હતા. પરંતુ રામપુરના પાંચ વિદ્યાર્થીઓ ખૂબજ દુ:ખી હતા.

(શિક્ષક વર્ગખંડમાં પ્રવેશ્યા - ખુરશીમાં બેઠા)

ત્યારબાદ શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે થોડી વાત કરી. અને પછી શિક્ષકે સૌ વિદ્યાર્થીઓને ગુણ આપ્યા. પરંતુ, રામપુરના વિદ્યાર્થીઓને તેમની જગ્યાએ ઉભા થવા કહ્યું.

શિક્ષક : "તમે પાંચેય વિદ્યાર્થીઓ બિમારીને કારણે ખૂબજ રજા પાડી છે. માટે તમારા પરીક્ષાના ગુણ પણ ખૂબજ ઓછા આવ્યા છે. અને વળી, પાછા તમે રમતોત્સવમાં પણ ભાગ લીધો ન હતો." તો આ બિમારીનું કારણ શું છે ?

વર્ગખંડનો વિદ્યાર્થી : "શિક્ષક, રામપુર ગામમાં તો સ્વચ્થતા નામના શબ્દને તો કોઈ ઓળખતું જ નથી." એ ગામમાં તો જ્યાંને ત્યાં ગંજકી જ ગંદકી હોય છે.

વર્ગખંડની વિદ્યાર્થીની : "શિક્ષક સાચી વાત છે. આ ગામમાં તો ઠેરઠેર કચરાના ઢગલાં, કીચડ, પાણી અને બધીજ જગ્યાએ ગંદકી જ ગંદકી હોય છે. અને નાના બાળકો તો શૌચક્રિયા કરવા માટે રસ્તા પર જ બેસી જાય છે. એટલા માટે જ તે ગામમાં ડાયેરિયા, કોલેરા, ટાઈફોઈડ વગેરે જેવા રોગો પણ ફેલાય છે."

ત્યારે વર્ગખંડના બધા જ વિદ્યાર્થીઓ ખૂબ જ હસ્યા. તેથી પાંચેય વિદ્યાર્થીઓ ખૂબજ ઉદાસ થઈ ગયા. અને પાંચેય એક બગીચામાં જઈને બેઠા. અન ત્યારે તેઓએ આકાશ તરફ જોઈને બૂમો પાડી. "અમારી મદદ કરો... મદદ કરો." અમે અમારા ગમને કઈ રીતે સ્વચ્છ બનાવીએ ?

Mr. Wash : "બોલો, બાળમિત્રો હું તમારી શું મદદ કરી શકું ?"

રિયા : Mr. Wash અમારા ગામમાં ખૂબ જ ગંજકી છે. તમે અમારા ગામની ગંદકી સાફ કરવામાં મદદ કરી શકશો.

Mr. Wash : "હું તમારો અવાજ સાંભળીને તમારી વાત મુજબ જ આવ્યો છું. હું તમારા ગામને સ્વચ્છ અને સુંદર બનાવીશ."

રિયા : "સાચે જ, અમારું ગામ સ્વચ્છ અને સુંદર બનશે !"

Mr. Wash : "હા બનાવીશ. પણ શું તમે મારો સાથ આપશો ?"

પાંચેય મિત્રો : "હા, અમે તમને સાથ આપીશું."

તે બધા જ પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે જ ઘણા બધા લોકો એક માણસને ઉંચકીને ક્યાંક લઈ જતા હતા.

| | | |
|---|---|---|
| Mr. Wash | : | "તમે બધા માણસો આ માણસને ક્યાં લઈ જાવ છો ?" |
| એક માણસ | : | આ માણસ રસ્તામાં શૌચક્રિયા કરવા બેઠો હતો ત્યારે સાપે આવીને તેને ડંખ માર્યો હતો. એટલે તે બૂમો પાડી રહ્યો હતો. ત્યારે અમે ત્યાં જઈને જોયું અને તેને દવાખાને લઈ જઈ રહ્યા છે. |
| Mr. Wash | : | સાંભળો મિત્રો. રસ્તામાં આવી રીતે શૌચક્રિયા કરવું એ યોગ્ય નથી. તેનાથી સાપ, મચ્છર કરડવાના, દુર્ઘટના ઘટવાનો, અને ભૂંડના હુમલાનો પણ ડર રહે છે. અન રસ્તામાં આ રીતે બેસીને શૌચક્રિયા કરવાથી વાતાવરણ પણ પ્રદૂષિત થઈ શકે છે. અને મચ્છર કરડવાથી મેલેરિયા, ફલેરિયા, ચીકનગુનિયા જેવા બયાનક રોગો પણ થઈ શકે છે. |
| ગામવાળા લોકો | : | અમે સૌ શૌચક્રિયા કરવા માટે શૌચાલયનો જ ઉપયોગ કરીશું. અને બીજાને પણ શૌચાલયનો ઉપયોગ કરવાની સલાહ આપીશું. |
| Mr. Wash | : | તમે સૌ મારી વાત ખૂબજ સારી રીતે સમજ્યા તે બદલ તમારા સૌનો ખૂબ ખૂબ આભાર. |
| | | ત્યારબાદ સ઼િ ઉઠ્ઠજર અને બીજા બધા વિદ્યાર્થીઓ ગામમાં આગળ જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં તેમણે ઝાડ નીચે એક ડોશીને મીઠાઈઓ લઈને બેઠી જોઈ. |
| પપ્પુ | : | "અરે વાહ ! આ તો મારી પ્રિય મીઠાઈ છે. મને તો આ મીઠાઈ ખૂબજ ભાવે છે." |
| Mr. Wash | : | "અરે પપ્પુ ! આ મીઠાઈ ન ખવાય," |
| પપ્પુ | : | "કેમ ?" |
| Mr. Wash | : | જો પપ્પુ. ઊભો રહે. અહીંયા જો આ મીઠાઈ ખુલ્લી પડેલી છે. અને અડધી મીઠાઈ તો નીચે પડી છે. અને તેની પર કેટલીય માંખે ફરે છે. અને આજ માખીઓ મીઠાઈ પર બેસીને પ્રચલન કરે છે. આ માંખો જ ખોરાકને ગંદો કરે છે. આવી મીઠાઈ તરત જ ખાવાથી ડાયેરિયા ડેવા રોગો થાય છે. "મિત્રો હવે પણ તમે આ મીઠાઈ ખાશો ?" |
| પાંચેય મિત્રો | : | "ના." |
| | | ત્યારબાદ તેઓ બીજી જગ્યાએ જતા હતા ત્યારે Mr. Wash એ જોયું કે, "ઘણા બધા લોકો પાણી બરી રહ્યા હતા. ત્યારે ત્યાંથી પાણી વહીને બહાર આવતું હતું. અને આ પાણીને લીધે ખાબોચિયા ભરાયા હતા. અને આ પાણીના ભરાવાના લીધે મચ્છર, માંખી અને જીવજંતુઓ વધી ગયા હતા. અને આ પાણી મચ્છરોને પ્રજનન કરવામાં પણ મદદરૂપ થાય છે." |
| Mr. Wash | : | આ ગંદા પાણીના ભરાવાને લીધે જ રોગ ફેલાઈ શકે છે. અને ગામના |

| | | |
|---|---|---|
| | | લોકોને ટાઈફોઈડ, ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકનગુનિયા વગેરે જેવા રોગો થાય છે. |
| ગામવાળો માણસ | : | તો અમે આ પાણીને અમારા ઘરમાં લઈ જઈએ ? |
| Mr. Wash | : | તમે આ પીણીનો ઉપયોગ તમારા ઘરની બહાર શાકભાજીનો ક્યારે બનાવીને તેમાં કરી શકો છો. અને તમારે શાકભાજીનો ખર્ચ પણ નહીં થાય અને તાજા શાકભાજી ખાવા પણ મળશે. ત્યારબાદ સૌએ પોત-પોતાના ઘરની બહાર શાકભાજીના ક્યારા બનાવ્યા. |
| ગામવાળા માણસો | : | Mr. Wash તમે અમને આ ખૂબ સારો ઉપાય આપ્યો છે. એનાથી રોગ પણ નહીં ફેલાય. એ તાજા શાકભાજી ખાઈને શરીર પણ સ્વસ્થ અને તંદુરસ્ત રહેશે.<br>Mr. Wash તમારો ખૂબ ખૂબ આભાર.<br>Mr. Wash અને બધાં મિત્રો ગામના એક ઘરમાં ગયા. ત્યાં એક દીકરીની માતા રમીલાબેન ઉભા હતા. અને એક બાબા ઝાડુ લઈને નાની દીકરીને કંઈક મંત્રવિદ્યા કરી રહ્યા હતા. |
| Mr. Wash | : | "આ દીકરીને શું થયું છે ?" |
| રમીલાબેન(દી.માતા) | : | "મારી દીકરીને જાયેરિયા થઈ ગયા છે અને બાબા પોતાની મંત્રવિદ્યાથી તેને સારી કરી રહ્યા છે." |
| Mr. Wash (ગુસ્સેથી) | : | "બાબા તમે અહીંથી ઊભા થાઓ." |
| Mr. Wash | : | "રમીલાબેન (દીકરીની માતા) તમે પહેલાં તમારી દીકરીને આ ORS નું દ્રાવણ પીવડાવી દો." અને પછી પણ જો ફરક ન પડે તો તમે તેને ડૉક્ટર પાસે લઈ જજો.<br>ત્યારબાદ Mr. Wash રસોડામાં પહોંચ્યો. ત્યાં તેણે ઘણાં બધા શાકભાજી પડેલાં જોયા. |
| Mr. Wash | : | આ શાકભાજી તો ખુલ્લા પડી રહ્યાં છે. માટે તે શાકભાજી પર કીટાણુઓ, મચ્છરો પરતા હશે. અને પછી તમે આ ખુલ્લાં પડી રહેલા શાકભાજી ખાશો તો બિમાર પડશો. એટલે શાકભાજીને ઢાંકીને રાખો અને જ્યારે પણ શાક બનાવો ત્યારે તેને બે વાર ચોખ્ખા પાણીમાં ધોઈને જ બનાવવા.<br>ત્યારબાદ Mr. Wash ચૂલો મૂક્યો હતો તે બાજુએ ગયો. અન ત્યાં બધો ખોરાક ખુલ્લો પડી રહ્યો હતો. |
| Mr. Wash | : | તમે આવો ખુલ્લો પડી રહેલો ખોરાક ખાશો તો તમને આરામથી કોઈપણ પ્રકારના રોગ થઈ શકે છે. માટે તમારે હંમેશા ખોરાકને ઢાંકીને જ મૂકવો જોઈએ. અને ખોરાકમાં માંખી, કીડીઓ ન ફરે તે માટે ખોરાકને ઊંચા |

ટેબલ કે ઊંચી જગ્યા પર મૂકવા જોઈએ. ઊંચો મૂકેલો તો તમે એ ખોરાક ખાશો તો તમને કોઈપણ રોગ/બિમારી થશે નહીં.

Mr. Wash ત્યારબાદ પાછળના ભાગમાં ગયો ત્યાં કચરાપટી જોઈને બોલ્યો.

Mr. Wash : "રમીલાબેન (દીકરીની માતા) તમે આ કચરો ક્યાં નાંખશો ?"

રમીલાબેન (દી.માતા) : "આ કચરાને તો હું રસ્તામાં ખુલ્લો ફેંકી દઈશ."

Mr. Wash : "આ કચરામાં કેટલાય જીવજંતુઓ, કીટાણુઓ, માંખીઓ વગેરે હશે. હવે જો તમે આ કચરાને રસ્તામાં ફેંકશો તો આ કીટાણુઓ અને જીવજંતુઓને લીધે રોગ અને બિમારીઓ ફેલાશે. એટલા માટે તમારે આ કચરાપેટીના કચરાને મોટી નગરપાલિકાની કચરાપેટીમાં નાખી દેવો. અને ત્યારબાદ તેઓ મોટી કચરાપેટીના કચરાને જમીનમાં દાટીને ખાતર બનાવી દેવામાં આવશે. તો ગંદકી પણ નહીં લાય અને કચરાનો નિકાલ પણ થઈ જશે."

રમીલાબેન (દી.માતા) : તમે મને જે સલાહ આપી તેનો હું અમલ કરીશ. અને બીજાને પણ આ સલાહ આપીશ.

(Mr. Wash તમારો ખૂબ ખૂબ આભાર.)

પાંચેય મિત્રો : Mr. Wash તમે અમારા ગામને ખૂબજ સુંદર અને સ્વચ્છ બનાવ્યું, "તે બદલ તમારો ખૂબ ખૂબ આભાર."

Mr. Wash : ચાલો બાળમિત્રો હવે હું જાઉં છું.

(આકાશમાં અચાનક એક ચમકારો થયો. અને Mr. Wash પાછો આકાશમાં જતો રહ્યો.)

**બોધ :** આ વાર્તામાંથી આપણને બોધ મળે છે કે આપણે સ્વચ્છતા જાળવીશું તો સ્વસ્થ અને તંદુરસ્ત રહીશું. આપણે ગંદકી કરવી જોઈએ નહીં અને સ્વચ્છતા જાળવવી જોઈએ.

**પ્રોત્સાહન ઈનામ**

**ધ્રુવિશા વાઘેલા**

વિવેકાનંદ વિદ્યાલય, વડોદરા

# પહેલો સગો પાડોશી

ડુંગરોની હારમાળામાંથી ઘેરાયેલું વિશાળ જંગલ છે. નાનાં-મોટાં ઝાડવા અને વનલતાઓની વનમાં ભારે ગીચતા છે. પશુ-પંખીડાનો સારા સ્વાસ્થ્યવાળો બહોળો વરવાટ છે. જંગલમાં ઝરણાંનો સતત ખળખળ વહેતો કલબલાટ છે. વહેલી સવારે પંખીઓના ડરામણા અવાજોથી વન ભયભીત બને. વનવગડાના પશુપંખીડા કાયમ તંદુરસ્તી જાળવતાં સુમેળો જિંદગી વિતાવે છે.

એક વખતની વાત છે. બકરીના વાડા પાસે એક સસલા-સસલીના નવી યુગલે બખોલ બનાવી. બકરીને અતિશય આનંદ થયો. તેના પાડોશમાં વધારો થયો હતો. બકરી પોતાના બે બચુડાને લઈ રાજીના રેડ થઈ સસલીની બખોલે ગઈ. સસલી મીઠો આવકાર આપી વાતે વળી, બકરી કહે : ''બેન સસલી તમારે કોઈ ચીજની જરૂર હોય તો મને જણાવજો. હું આ ભોમકાની ભૂમણી છું. ખૂણેખૂણાની જાણકાર છું. તમે મારા પાડોશી છો. તમને સાથ સહકાર આપવો મારી પહેલી ફરજ છે.'' સસલી બકરીબેનનો ખૂબખૂબ આભાર માને છે.

ધીમેધીમે સંબંધો વધે છે. એકબીજાને ઘરે આવે જાય. બેસે-ઉઠે. સાથે ચારો ચરવા જા. ને હળીમળીને, સંપીને રહે. સુખ દુઃખમાં ભાગીદાર થનાર આ પાડોશીઓ એકબીજાની ગળાની ગાંઠ બની ગયાં. માયા બંધાઈ ગઈ છે. નેડો લાગી ગયો છે. એવામાં સસલીને બે બચુડાનો જનમ થયો. સસલા-સસલીના આનંદનો પાર નથી. સસલા-સસલીને હરખની હેલી ચઢી છે. બકરીબેન પણ સસલીના બચુડા જોઈ હરખાય છે. બચુડાને બહુ વહાલ કરે છે. દિવસો દોડે જાય છે. સસલીના અને બકરીના બચુડા મોટાં થતાં જાય છે.

સસલો-સસલી અને બકરીબેન વહેલી સવારે ચારો ચરવા જાય. બચુડાને શિખ ભલામણ કરતાં કહે : ''બખોલ બહાર નીકળતા નહીં આઘાં પાછાં જતા નહીં. ચારે જણાં ઝઘડતાં નહીં. કોઈની આંખે ચડતાં નહીં.'' બચુડા કહે : ''સારું, કહી બખોલમાં સંતાઈ જાય.'' બપોરે પાછાં ફરતાં તેઓ ચારો લઈ

આવે તે બચ્ચુડા ખાય અને ગેલ કરે. એક દિવસ સસલો-સસલી અને બકરી ચારો ચરવા દૂર જંગલમાં ગયેલાં. સસલી સરસ લીલુંલીલું ઘાસ ખાવામાં મશગૂલ હતી. અચાનક બાજ પંખીએ સસલી ઉપર જીવલેણ તરાપ મારી દબોચી લીધી. સસલાએ સસલીને છોડાવવા ઘણી મથામણ કરી. જીવ સરોસટની બાજી લગાવી. શિકારી બાજે સસલાને પણ રામશરણ કરી દીધો. થોડીવારે ચરતી ચરતી બકરી અહીં આવી. તેની નજરે સસલા-સસલીનો મરેલો ખોખલો દેહ પડે છે. બકરી વસમી વલોપાત કરતા કહે : "અરે રે ! આ શું થઈ ગયું, હવે આના બચ્ચુડાનું શું થશે ?"

આમ વિચારતી બકરી વિલા મોં આસું સારતી આંખોએ પોતાના વાડાએ આવે છે. સસલીના બચ્ચુડાને પોતાની ગોદમાં ઉઠાવી લે છે. પોતાનું દૂધ પીવડાવે છે. બકરી કહે : સસલીના બચ્ચુડાન હું ઉછેરીને મોટા કરીશ. તેમની પરવરિશ કરીશ. પાડોશી તરીકે મારી ફરજ અને ધરમ છે. તે પોતાના બચ્ચુડા કરતા પણ સસલીના બચ્ચુડાને ખૂબ સાચવે છે. પોતાના જીવના જોખમે તેમનું જતન કરે છે. સાથેને સાથે રાખે છે. ઘડીવાર પણ અળગા કે રેઢા મુકતી નથી. મા-બાપનો જરાપણ ઓરતો આવવા દેતી નથી.

કહેવત છે ને ગામ હોય તો ઉકરડો પણ હોય જ. જંગલમાં વસતા અદેખા શિયાળથી આ જોયું જતું નહોતું. શિયાળથી સહન થતું નથી. શિયાળે સસલીના પોચાપોચા બચ્ચુડાનો શિકાર કરવો હતો. તેની દાઢમાં સળવળાટ થતો હતો. શિયાળને વગર મહેનતે પેટ ભરવું હતું. શિયાળ બકરીને કહે : "બકરીબહેન તમારી જાત જુદી છે. છતાં તમે સસલીના બચ્ચુડાને ઉછેરો છો. શું એ મોટા થઈને તમને સરપાવ આપવાના હતા. સમજણાં થતાં એ તમને હેરાન કરશે. તમારી સામે થશે. તમને સુખેથી રહેવા કે જીવવા નહીં દે." બકરી કહે : "એ મા-બાપ વરગનાંને મારાથી તરછોડાય નહીં. પડોશી તરીકે મારી પહેલી ફરજ બને છે. મારે તેમની સંભાળ રાખવી જ જોઈએ." શિયાળ કહે : આમ લાગણીમાં તણાઈ જશો તો અંતે તમને જ નુકશાન થશે.

હું તમને દાખલો આપું. જરા કાન દઈને સાંભળો. માનસરોવરના રાજહંસો એક વખત આપણા જંગલમાં મોટા સરોવરે આવેલા. દેખાવે સોહામણા. ધોળા ધફ, રૂના પોલ જેલા. નિરામય જીવન જીવનારા અને પરગજુ પણ ખરા. બકરી કહે : "રાજહંસો કાયમ અહીં રહેવાના હતા ?" શિયાળ કહે : "ના મારી વાત સાંભળો, પછી સરોવર કિનારે રહેતા ઉંદરે આ રાજહંસોને જોયા. ઉંદરે રાજહંસો સાથે ભાઈબંધી કરી લીધી તેમના સાથે પડોશી તરીકેનો નાતો બંધાયો."

હંસો રોજ હિમાલય ડુંગરમાળાની અવનવી વાતો કરે. ઉંદરને મજા આવે તેને હિમાલય અને માનસરોવર જોવાની એષણા જાગી. ઉંદરભાઈ હંસોને કહે : "મારે હિમાલય જોવો છે. મને માન સરોવર જોવા ના લઈ જાવ ?" હંસો કહે : "ભાઈ તમારે પાંખો નથી તમને કેવી રીતે લઈ જઈએ ?" ઉંદરે પીઠ ઉપર બેસાડી લઈ જવા વિનંતી કરી. હંસો ઉંદરને પીઠ ઉપર બેસાડી આકાશે ઉંચે ઉડે છે. બકરી કહે : "પછી ? શિયાળ કહે : ઉંદરભાઈને ખૂબ મજા પડી."

એમ ઉડતા ઉડતા હંસો હિમાલય પહોંચી ગયા. શિયાળાના દિવસો હતા. બરફનો વરસાદ વરસતો હતો. હાડ થીજવતી ઠંડી પડતી હતી. "બકરી કહે : તો તો ઉંદરભાઈ ઠુંઠવાઈ ગયા હશે નહીં

?" શિયાળ કહે : "બકરીબેન હંસો દયાળુ હતા. તેમણે ઉંદરભાઈને કડકડતી ઠંડીથી બચાવવા પોતાની પાંખમાં સંતાડી દીધા હતા. પણ આ તો ઉંદરભાઈની જાત. તેમણે પોતાની આદત મુજબ કોતરવાનું શરૂ કરી દીધું. જોતજોતામાં હંસની પાંખ કોતરી નાંખી. હંસ તો લોહીલુહાણ થઈ ગયો. બોલો આ હંસને પડોશી ધરમની કેવી કિંમત ચૂકવવી પડી."

બકરી કહે : "તમારી વાત સાચી પણ બધા ઉંદરભાઈ જેવા હોતા નથી. ઘણા માયાળુ અને પરોપકારી હોય છે. હું તમને માણસ વસાહતની વાત કરું." બકરી કહે : "બાજુબાજુમાં રહેતા એ કુટુંબ. એક ઘરમાં બચુભાઈ તેમના કુટુંબ સાથે રહે. બાજુમાં અડીને આવેલા ઘરમાં વાલીમા રહે. વાલીમાના છોકરાઓ દૂર શહેરમાં રહે. વાલીમા ભડભડીયા કકળાટ કરે જાય. પાણી ઢોળાયું હોય તો એ બોલે. પવનથી ઉડીને કચરો ફેલાયો હોય તો પણ ઝઘડો કરે. બચુભાઈના ઘરવાળા સંતોષી. ઠંડા મગજના. પોતાની ભૂલ ના હોય તો પણ માફી માંગી લે અને સફાઈ કરી દે. એમને કજિયો, કંકાસ જરાય ગમે નહીં. શિયાળ કહે : તે ઝઘડા થાય જ ને. પારકી વેઠ કોણ કરે. તમારા જેવું કોઈ ગાંડું હોય તે વછોયું બને."

બકરી શિયાળને કહે : "તમે મારી સાંભળો. એક દિવસ વાલીમા સાંજના સમયે રસોઈ બનાવતા હતા. અતાનક રસોડામાં આગ ફાટી નીકળી. વાલીમા બૂમાબૂમ કરતા હતા. તેમની પહેરેલી સાડી પણ સળગતી હતી. શિયાળ કહે : શું વાલીમા રામશરણ થઈ ગયા ? બકરી કહે : ના રે ના. પડોશી બચુભાઈ અને તેમના ઘરવાળા દોડતાં વાલીમાના ઘરે ગયા. જેમતેમ કરી આગ બુઝાવી દીધી. અને પોતાની ગાડીમાં વાલીમાને દવાખાને લઈ ગયા. તરત સારવાર કરાવી વાલીમાનો જીવ બચાલી લીધો. વાલીમાના દીકરા તો દૂર રહેતા હતા. તેમને આવતાં ઘણીવાર લાગે તેમ હતું. બચુભાઈએ પડોશીના નાતે વાલીમાને બચાવી લીધાં."

વાલીમા પણ અફસોસ કરતાં કહે છે : "બચુભાઈ મને માફ કરો પડોશી તરીકે તમે મારી જિંદગી બચાવી. બકરી શિયાળને કહે : બચુભાઈએ માનવતા અને પડોશી ધરમ જાળવી વાલીમાને બચાવી લીધા. જો તેમના સગા વહાલાંની રાહ જોઈ હોત તો વાલીમા રામશરણ થઈ ગયા હોત."

આપનો પહેલો સગો પાડોશી કહેવાય અને એટલેજ હું સસલીના બચુડાને પાલવી રહી છું. "બકરીબેન ઉપર શિયાળની વાતની કોઈ અસર ના થઈ. બકરીના પડોશીધરમે શિયાળની સસલીના બચુડાને ફાડી ખાવાની ખેવના અધૂરી રહી. શિયાળ મોઢું બગાડીને પગ પછાડતું ચાલતું થયું."

**પ્રોત્સાહન ઈનામ**
**ક્રિષ્ના ડોડિયા**
પ્રાથમિક શાળા, ખસતા

## પંખી અન ઓનલાઈન શિક્ષણ

વિજયનગર નામનું એક રળિયામણું ગામ હતું. તે ગામના લોકો ખૂબ જ સંપીને રહેતા હતા. તે ગામમાં સ્વચ્છતાની તો ન પૂછો વાત. બધાં જ લોકો સંપીને પોતાના ગામને સ્વચ્છ રાખતા હતા. તેઓ પંખી, પ્રાણી વગેરેનું પણ ખૂબ સારી રીતે ધ્યાન રાખતા. એ ગામના રાજા પણ ખૂબ જ દયાળું હતા અને ગામ પણ આખું તંદુરસ્ત.

રાજા કૃષ્ણદેવરાય વેશપલટો કરી નગરચર્યા કરા નીકળતા. એક વખત રાજાએ એક પંખી જોયું. તેમને લાગ્યું કે, "અરે ! આ તો કોઈ પંખી છે ? આવું પંખી કોઈ કામનું નહીં, આ તો ખાલી વનમાં ફળ ખાઈને રાજ્યને નુકશાન કરે છે." રાજાએ તો મંત્રીઓને બોલાવ્યા અને હલ પૂછ્યો કે, "આ પંખીનું શું કરીએ ?"

એક મંત્રી કહે, "મહારાજ ! એને શિક્ષણ આપો, તો કંઈ કામનું થશે." રાજાએ પોતાના વિશ્વાસુ ભાણેજને પંખીને શિક્ષણ આપવાનું કામ સોપ્યું. પછી પંખીને શિક્ષા આપવા માટે પંડિતોને બોલાવ્યા.

પંડિતોએ એક જગ્યાએ બેસીને ઊંડો વિચાર કર્યો અન શિક્ષણનીતિ ઘડી કાઢી. તેમને પંખીના અજ્ઞાનનું મૂળ શોધ્યું. " અરે ! પંખી મામૂલી ઘાસ તણખલાંનો માળો બાંધે, એવાં માળામાં તે વિદ્યા કેટલીક રહે ? એટલે સૌથી પહેલા જરૂર તેને એક પાંજરું બનાવી આપવાની છે."

હલ શોધનારને રાજા તરફથી મોટું ઈનામ પણ અપાયું. તેણે શિક્ષણની નવી જ દિશા ખોલી આપી. પછી તો સોની પાસે પાંજરું બનાવવામાં આવ્યું, અને એ પાંજરું પણ એવું બનાવ્યું કે દૂર-દૂરથી લોકો પાંજરું જોવા આવ્યા સોનીના વખાણનો તો કોઈ પાર ન રહ્યો.

કોઈ કહે કે, "શિક્ષણ તો જોરદાર ચાલે છે." અને કોઈ કહે કે, "શિક્ષણ મળે કે ન મળે પણ પાંજરું તો મળ્યું ને ! પંખીનું નસીબ જોરમાં છે." પાંજરાના તો બહુ વખાણ થયા અને સોનીને પણ

ઈનામો મળ્યા. એક મહાપંડિતને તેને શિક્ષણ આપવા બોલાવ્યા.

આવતાવેત તેમને કહ્યું કે,

'આ એક-બે ચોપડીથી કંઈ ન આવડે,

વધુ દળદાર પુસ્તકો જોઈએ.'

રાતોરાત બધા નવા પુસ્તકો બનાવવા મંડી પડ્યા. થોડાક સમયમાં ઘણા પુસ્તકોનો ઢગલો થઈ ગયો. લોકો આ જોઈને તો હેરાન જ રહી ગયા.

"વાહ ! વાહ ! શું શિક્ષણ છે !"

ધમાકેદાર રીતે પંખીનું શિક્ષણ ચાલવા લાગ્યું. તેના પાંજરાની તો જીવથી પણ વધુ કાળજી લેવાતી. તેની સફાઈ, રંગકામ, નવી ડીઝાઈન, જ્યારે જુઓ ત્યારે ચાલુ જ હોય. તેના માટે કેટલાય માણસોને રોકવામાં આવ્યા હતા. અને એના કરતાંયે વધારે માણસોને એમના પર નજર રાખવા માટે રોકવામાં આવ્યા હતા.

હવે સૌ બોલી ઉઠ્યા કે,

"હવે ! હવે પંખીનો સર્વાંગી વિકાસ થશે."

એક દિવસ એક અદેખા માણસે રાજાને કહ્યું કે પંખીનું શિક્ષણ બરાબર નથી થતું. રાજાએ તેમના ભાણેજને બોલાવ્યો અને કહ્યું : "આ હું શું સાંભળું છું ? કેટલાય લોકો મને કહે છે કે તમે પાંજરાની વધુ દેખરેખ રાખો છો... પંખીની નહીં."

ભાણેજે ઠંડા કલેજે જવાબ આપતા કહ્યું,

"અરે ! એ લોકોને પંખીની ઊછળકૂદથી મળતું મનોરંજન બંધ થઈ ગયું છે એટલે બધા વાંધા-વાચકા કાઢે છે. બાકી પૂછો આ સોની, લુહાર, પંડિતજી, સાફ-સફાઈ કરનાર સફાઈકર્મી આ બધા શિક્ષણના જાણકાર છે." રાજા તરત સંતોષ પામી ગયો પણ પછી તેણે જાતે જ શિક્ષણ જોવા જવાનું નક્કી કર્યું.

રાજા ત્યાં પંખીનું શિક્ષણ જોવા પહોંચ્યા ત્યાં તો બધાએ ભેગા મળીને એવી વ્યવસ્થા કરી દીધી કે, ન પૂછો વાત !

કોઈ ગોખાવતું હતું,

કોઈ ગવડાવતું હતું,

કઈ શીખવતું હતું,

વળી વધારાની દસ-બાર પોથીઓ પણ મૂકી. રાજા તો પ્રસન્ન થઈ ઈનામ આપી પાછા વળતા હતા ત્યાં જ પેલો અદેખો માણસ બોલ્યો,

"મહારાજ ! પંખીને મળ્યા ?"

રાજા પંડિતજીને કહે, "અરે હા ! એ તો યાદ જ ન આવ્યું. પંખીને જોવાનું તો રહી જ ગયું. ચાલો તમે કેવી રીતે ભણાવો છો તે જોઈ લઈએ."

રાજાએ જોયું તો શિક્ષણની પદ્ધતિ પંખીના કરતાં ખૂબ જ મોટી હતી. પદ્ધતિ જોઈ મનમાં થાય

કે પંખીને ન જોઈએ તો પણ ચાલે.

રાજાને ખાતરી થઈ ગઈ કે યોજનામાં કાંઈ ખામી નથી.

હવે પાંજરામાં નથી દાણા કે નથી પાણી. માત્ર ઢગલો પોથીઓમાંથી ઢગલો પાનાં ફાડીને કલમની અણીએ એ પંખીના મોંમા ઠાંસવાનું કામ ચાલી રહ્યું છે.

ગીત તો બંધ થઈ ગયું હતું ને હવે તો પંખીનો અવાજ પણ બહાર નથી આવતો.

બિચારુ પંખી,

જો કદાચ પોતાના સ્વભાવ પ્રમાણે પાંજરામાં પાંખો ફફડાવત તો કહેત કે,

"આ ગેરશિસ્ત !"

કોઈવાર પાંજરાને ચાંચ મારીને મુક્ત થવા ઈચ્છે તો કહે, "આને એના ભવિષ્યની પડી ન નથી."

બસ પંડિતોએ હવે તો એક હાથમાં કલમ અને બીજા હાથમાં સોટી લઈને શિક્ષણ ચલાવ્યું. અંતે સૂકા પુસ્તકોના પાના ખાઈ ખાઈને...

બિચારા પંખીનું 'પંખીપણું' મરી ગયું ત્યારબાદ ભાણેજે જાહેર કર્યું કે,

"પંખી શિક્ષિત થઈ ગયું."

એમાં પણ જ્યારે કોરોના વાઈરસ આવ્યો ત્યારે તો ઓનલાઈન શિક્ષણ ! બિચારા પંખીને સતત ઓનલાઈન શિક્ષણ મેળવવું પડતું હતું. ક્યારેક શિક્ષક ગુસ્સે પણ થતા.

પંખીને તો બિતારાને ઓનલાઈન શિક્ષણ મેળવતા-મેળવતા ચશ્મા આવી ગયા. ઘરે તો બિચારાને નેટવર્ક ન આવતું ક્યારેક, તો ક્યારેક નેટવર્ક આવતું હોય તો પણ બહાનું બનાવી અને શિક્ષણ ન મેળવતું.

પછી અંતે તેને સમજાઈ ગયું કે, હવે તો આખું વર્ષ આવી જ રીતે શિક્ષણ મેળવવાનું છે.

**બોધ :** આપણને શિક્ષણ જયારે પણ મળતું હોય, ત્યારે તેને મેળવી લેવું, કારણકે 'સમય કોઈની રાહ જોતો નથી.'

**પ્રોત્સાહન ઈનામ**

**દ્રષ્ટિ ત્રિવેદી**
BAPS રાંદેસણ, ગાંધીનગર

## પ્રભાત

પોતાના રોજિંદા કાર્યને રુચિપૂર્વક કરનારો, ધીરજ ધરનારો, શાંત મનવાળો, પહાડ જેવો અડગ માણસ આજે થોડો વ્યગ્ર, અશાંત અને ગડી ગયેલો લાગતો હતો. શર્ટને પાંચ વાર ખંખેરીને ચીવટાઈપૂર્વક પહેરનારો એ આજે પોતાના પોશાક બાબતે અનિશ્ચિત, અનશ્યોર હતો... અને હોય પણ કમ નહીં. પોતાના જીવનમાં કાચ જેવી પારદર્શકતા, દૂધ જેવી શુદ્ધતા અને આદર્શોની સુવાસ, તંદુરસ્તી ફેલાવનાર એમના જીવનની સફળતાનો, સહનશીલતાનો આજે નિર્ણાયક દિવસ હતો.

પોતાની જાતને ઢંઢોળીને, "ચાલ, પ્રભાત...ચાલ...જલ્દી કર... બહુ મોડું થઈ ગયું હોં..!" કહેતા એમના માનસપટ પર આજે ઑફિસને બદલે જીવનના અણમોલ કાર્યક્રમને અટેન્ડ કરવાનો સળવળાટ સાફ ઝલકતો હતો. સ્યૂટ-બૂટ પહેરીને તૈયાર પ્રભાત જાણે પહેલીવાર પરણવા જતા વરરાજા જેવો રૂડો લાગતો હતો. ચહેરા પર હજુ પણ લાલી છલકતી હતી.ે ક વિદ્વાનને છાજે એવી આભા, સ્પપટ, પ્રભાવશાળી અવાજ અન ચહેરાને નજર ન લાગે એવી મધ્યમ કદની મૂછ એમના મુખને વધુ શણગારતી હતી.

છેલ્લા કેટલાક વર્ષોથી એકલા અટૂલા રહેવાની, સજવા-સવરવાની ટેવથી પ્રભાત ઘડાઈ ગયો હતો. શું થાય ? જેવા જેના નસીબ ? જેવા વિચારોથી પ્રભાત પોતાના મનને મનાવી લેવો હતો. એવામાં ઘડિયાળમાં પૂરા દસના ટકોરા વાગ્યા. એટલે પ્રભાતના મનમાં ફાળ પડી, ને એણે ઉતાવળથી અંતિમતાનો શંખનાદ કર્યો. આખરે, પ્રબાત જવા માટે તૈયાર થઈ ગયો. કંઈ લેવાનું ભુલી તો નથી ગયો ને ? ના વિચારને ઓળંગવા સજ્જ થયો, પરંતુ એ ઊંબરાને ઓળંગવા જતા, એજ ઊંબરાને કંકુ-ચોખાના તિલક કરી, દૂધ-દહીંથી પૂજીને ગૃહપ્રવેશ કરનારી, સોળ શૃંગાર સજેલી, એમની ધર્મપત્ની... માનસી પોતાના માનસપટ પર છવાઈ ગઈ. ખુશીના ઉછરેલા મોજાવાળા ચહેરા પર અચાનક ગમગીનીના કાળા વાદળો છવાઈ ગયા. ઊંબરો ઓળંગતા પગ અચાનક થંભી ગયા, હૃદયમાં કંપન અનુભવાયો

અને એમના પગ ઊંબરો ઓળંગવાના બદલે ચાર પગ પાછળ હટી ગયા. અને સીધા બાદુના ઓરડામાં સફેદ દિવાલની શોભા વધારી રહેલા બે બાય ત્રણના માપવાળા, આકર્ષક છબીવાળા માનસીના ફોટા પાસે જઈ થોભી ગયા.

ભૂતકાળના દુઃખના ભવકને ઝીલવામાં મદદરૂપ બનેલા એ બવના ભેરૂ સામે પ્રભાત બે હાથ જોડી ઊભો રહ્યો. એના હાથ કાંપી રહ્યા હતા. ગળે ડૂમો ભરાયો હતો. જીવનની કસ્તીને પાર લગાડનાર એનો સાથી, એનો નાવિક, એની અર્ધાંગિની માનસી હવે એની સાથે નથી એનું દુઃખ આજે પણ પ્રભાતને હતું. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ક્યારેક એને જોઈ મલકાય જતી આંખો આજે એની છબી જોઈ ભીંજાઈ ગઈ. ન રહેવાતા છેવટે પ્રભાતે માનસીના ફોટાને છાતી સરસો ચાંપી દીધો. અને ધીમા, પ્રેમાળ સ્વરે આટલું જ બોલ્યો...

"માનસી... ઓ માનસી..."

જો... જો તો ખરી... આજે...

આજે આપણા બંનેનું સપનું પૂરું થયું હોં...

તું...તું કે'તીતીને કે મારી દીકરી... આપણું નામ રોશન કરશે... ને તું જો આજે એણે આપણું મસ્તક ગર્વથી ઊંચું કરી દીધું છે. હવે તો ગર્વ છે ને તને તારી દીકરી પર..."

"ને...હા...તું મારાથી નારાજ તો નથી ને..."

"મેં એના પાલનપોષણમાં કોઈ ખામી તો નથી રાખી ને..? મારાથી કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજે માનસી... માફ કરજે..."

"લ્યો, તારે હવે હું જાઉં છું માનસી... જાઉં છું..!"

માનસીના ફોટાને પોતાના આલિંગનથી મુક્ત કરી પ્રભાત ભારે હૈયે ઘરનો ઊંબરો ઓળંગી ગયો. અને ગામના બસ સ્ટેન્ડ પાસે પહોંચ્યો. બસ આવવાને હજુ બે ચાર મિનિટ વાર હતી. એવામાં એની નજર બસ સ્ટેન્ડ પર બિસ્માર હાલતમાં પડેલી બે ખુરશીઓ પર પડી. એ એજ ખુરશીઓ હતી જે પ્રભાતને માનસીનું સ્મરણ કરાવતી હતી.

આજથી વીસેક વર્ષ પૂર્વેની અષાઢની એ કાળી રાતના સંસ્મરણો પ્રભાતના માનસપટ પર જમીનમાં બીજના અંકુરની જેમ ફૂટી નીકળ્યા. ચારેબાજુ ઘોર અંધકાર હતો. નરી આંખે ચારફૂટ દૂરની વસ્તુ પણ જોઈ ન શકાય એવી કાળાશ ફેલાયેલી હતી. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. રુંવાટા ઊભા કરી દેતો ઠંડો પવન શરીરને ધ્રુજાવતો હતો. એવામાં ઑફિસથી પાછો ફરતો પ્રબાત હાથમાં છત્રી લઈ પસાર થતો હતો.

એમની નજર વરસાદની પહેલી બૂંદ જેવી આહ્લાદક, માટીમાં ભળી જતી વરસાદની સુગંધ જેવી મનોહર, નવી ખીલી રહેલી ગુલાબની કળી જેવી કોમળ, નાજુક... વરસાદમાં ભીંજાયને ઊભેલી નવયૌવના પર પડી. જોતાવેંત જ મન આકર્ષાય જાય એવું એનું રૂપ અને સૌંદર્ય હતું. જોબનનું જોમ છલકતું હતું. એને જોઈને કદાચ એ કોઈકના આવવાની રાહ જોતી હોય એમ લાગતું હતું.

વરસાદ અને અંધકારભર્યા વાતાવરણને લીધે વાહનોની અવરજવર બંધ થઈ ગઈ ગતી. ધીમે

ધીમે ઘૂંટણ સુધીનું પાણી વહેવા લાગ્યું હતું. એટલે આવા ભયાનક સૂમસામ વાતાવરણમાં એકલી ઊભેલી પેલી નવયૌવના પાસે જઈ પ્રભાતે માનવીયભાવે સહજ જ પૂછ્યું,

"ક્યાં જવું છે તમારે ?"

"માણેક...માણેકપુર... થોડા ખચકાટ સાથે પ્રત્યુત્તર મળ્યો."

"હું પણ માણેકપુર જ જાઉં છું. જો આપને પ્રોબ્લેમ ન હોય તો હું તમને છોડી દઈશ." પ્રભાતે સહાનુભૂતિવશ કહ્યું,

"પણ મને લેવા માટે..."

એટલામાં તો પ્રભાતે ચાલવા માંડ્યું. માંડ બે ડગલા ચાલ્યા ત્યાં તો પાછળથી ધીમા સ્વરે કંઈક સંભળાયું,

"ઠીક છે, તો મને પણ લઈ જાઓ..!"

"ભલે ! કહેતા પ્રભાતે ચાર ડગ પાછળ ભર્યા અને એની પાસે આવી કહ્યું, ચાલો ત્યારે..."

રસ્તામાં ચાલતાં ચાલતાં પ્રભાતનું મન ન માનતા તેમણે પૂછી જ લીધું... આપનું નામ ?

હોઠને માત્ર થોડા કષ્ટ અને મરોડ સાથે, થોડા શરમાતા, સામેથી જવાબ મળ્યો, માનસી.

બસ, ત્યારથી પ્રભાતનું સુખ-ચેન હણાય ગયું અને એના માનસમાં માનસી છવાઈ ગઈ. પછી ધીમે ધીમે બસ સ્ટેન્ડ પાસેની અવાર-નવાર થતી મુલાકાતે તેઓની વચ્ચે પ્રેમના તાંતણા ગૂંથાયા અને પ્રણયના પથ પર ડગ માંડતા તેઓ અગ્નિના સાતફેરાથી ભવોભવના સાથી બની ગયા.

એવામાં અચાનક હોર્ન વાગ્યો, પો...પો... ઊંઘમાંથી ઝબકીને જાગી જવાય તેમ પ્રભાત ઝબકી ગયો. એક સીટીબસ આવીને સ્ટેન્ડ પર ઊભી રહી. પ્રભાત બસમાં ચઢ્યો અને કંડક્ટર પાસેથી ટિકિટ લીધી. સદ્નસીબે એને વિન્ડોસીટ મળી. બારીની બહારના ઝાકમઝોળ વાતાવરણને માણતો, જિંદગીના વર્ષોની જેમ ઝડપથી પસાર થતા વૃશ્રો, થાંભલાઓ અને મકાનોને જોતાં જોતાં એ ફરી પાછો ભૂતકાળના ભરડામાં સરકી ગયો.

નવવિવાહિત યુગલના જીવનની પતંગ સુખ શાંતિના આકાશમાં વિહરવા લાગી હતી. જોતજોતામાં ચાર-પાંચ વર્ષ પસાર થઈ ગયા. પરંતુ દુર્ભાગ્યે વિધિના લેખ લલાટે લાગ્યા. બધું જ સુખ પ્રાપ્ત હોવા છતાં તેઓ બધા જ સુખોના મૂળથી વંચિત હતા. અને એ હતું સંતાનસુખ. માનસીના જીવનમાં આ અગાધ દુઃખે દસ્તક દીધી હતી. એની કૂખ સૂની હતી. વાંઝણીના મેણાંની ગૂંજ હવે ધીમે ધીમે સંભળાવા લાગી હતી. અને હવે પહાડોમાં સંભળાતી ચીસની જેમ એના કાનોમાં અને હૃદયમાં પડઘાતી હતી.

એ સમયના ઍરેસ્ટોક્રેટ અને એડ્યુકેટેડ ગણાતા, માનસીના સાસુ-સસરા પણ પોતાના વંશને આગળ વધારવાની તીવ્ર ઈચ્છાનાઆદિ, ગુલામ હોવાને લીધે તદ્દન જૂનવાણી બની ગયા હતા. તેમના દિલ-દિમાગ પર કુળદીપકની તીવ્ર ઘેલછા છવાયેલી હતી. તેનાથી આગળ તેઓ એક ઈંચ જેટલુંય વિચાર શકતા ન હતા, તેઓના...

"દિવસો ને વર્ષો એમ ને એમ વીતતા જાય છે ને એને કંઈ પડી જ નથી ને ?"

"રૂપ અને સૌંદર્યથી જ કંઈ બધું પાર પડવાનું છે ?"

"પહેલેથી જ ખબર હોત તો પ્રભાત માટે છોકરીઓ ક્યાં ઓછી હતી."

"આ વહુ તો આપણા માટે અભિશાપ નીવડી રે...બાપ !"

"હાય... હાય..! હવે આપણા કુળનું શું થશે ? વગેરે જેવા મેણાં-ટોણાંથી માનસી થાકી ગઈ હતી, હારી ગઈ હતી, પારકાના મેણાં તો પચી જાય પણ પોતીકાના મેણાં તો કાળજે ચોંટે."

રોજ-રોજના મેણાથી માનસી એટલી તો ડઘાઈ ગઈ હતી કે બે-ત્રણ વાર તો એણે પોતાનુ ંજીવન ટૂંકાવી દેવાનું પણ વિચારેલું. પરંતુ તેને વારંવાર હિંમત આપી હકારાત્મકતા તરફ દોરી જનાર એકમાત્ર શખ્સ હતો પ્રભાત. એમનું જીવન પ્રભાત પર જ અવલંબિત હતું. અર્થાત્ માનસીના જીવનનો સૂર્યોદય એટલે પ્રભાત.

આમ જોઈએ તો, પ્રભાત અને માનસીએ શહેરની એક પણ નામી હોસ્પિટલ બાકી રાખી ન હતી. પરંતુ અથાગ પ્રયત્નો કરવા છતાં પણ ન તો માનસીની મહેનત ફળી કે ન ફળી ઈશ્વરની કૃપા. શું કરવું અને શું નહીં ? દ્વિધામાં દિવસો વ્યતીત થઈ રહ્યા હતા. હવે માનસી મનથી ભાંગી ગઈ હતી. રાત અને દિન એમને મન એક સમાન હતા, નિસ્તેજ... નિરસ... એમને જીવનનું કોઈ કારણ, કોઈ લક્ષ્ય દેખાતું ન હતું. બધે હતી તો માત્ર નિરાશા, હતાશા ને આગળ દેખાતું અંધકારમય ભાવિ.

સેંક.ે મનોમંથનો, વિટંબણાઓ બાદ પ્રભાતને અચાનક આશાનું એક કિરણ દેખાયું. મનમાં એક સુખદ વિચારનું બીજાંકુરણ થયું. માનસી સાથે ચર્ચા-વિચારણાના અંતે જીવનને એક નવો વળાંક, એક લક્ષ્ય, એક કારણ આપવાની ઈચ્છા થઈ. બીજા દિવસે સૂરજના પ્રથમ કિરણ સાથે તેઓ નીકળી પડ્યા. પોતાના જીવનને દિશા આપવા માટે, જીવનની લક્ષ્ય પ્રાપ્તિ માટે અને છેવટે આવી પહોંચ્યા, ત્યાં જ્યાં હજારો જિંદગીઓ જીવનના ફલક પર ઝૂમી રહી હતી, આકાર લઈ રહી હતી. અણધારી જિંદગીને જીરવી રહી હતી. બસ, તેઓને ખોટ હતી તો એક આધારની, એક આશ્રયની તેમજ કોઈ પોતીકાની...

એવામાં અચાનક બ્રેક વાગી. ચરરર...ર... ભૂતકાળના ભવરને વલોવતાં કલાક-બે કલાકનો સમય ક્યાં નીકળી ગયો તે ખબર ન પડી. બસમાંથી ઊતરી પ્રભાત જલદીથી સભાસ્થળો પહોંચ્યો. મોટા મોટા બેનરો અને ભવ્ય ગ્રાઉન્ડનો નજારો દુર્લભ હતો. મોટરગાડીઓની લાંબી લાઈન અને લોકોની ભીડ હતી. અસંખ્ય ખુરશીઓ ગોઠવાયેલી હતી. મધુર સંગીતના સૂર વચ્ચે પ્રોગ્રામની શરૂઆત થવાની તૈયારી હતી. પ્રભાતે પહેલી જ હરોળમાં પોતાનું સ્થાન લીધું. મંચ પર રાષ્ટ્રના ટોચના વ્યક્તિઓ, વિશેષજ્ઞો બિરાજમાન હતા. તો પ્રભાતની આસપાસ ઉત્સાહભેર સેંકડો લોકોની મેદની અને આકાશ ગૂંડી ઊઠે એવો તાળીઓનો ગડગડાટ હતો.

આ દશ્યથી ગર્વ અનુભવતા પ્રભાતને પોતાની લા.કવાયી પરી જેવી દીકરી, સાન્વીનું બાળપણ યાદ આવ્યું. નાની સાન્વી જ્યારે પોતાના કાલાબોલથી પહેલીવાર મા બોલી હતી ત્યારે માનસીનું હૈયું ગદ્ગદ્ થઈ ગયેલું. આંખોમાં હર્ષના આંસુ ઝરણાં બની ફૂટ્યા હતા. એણે જ્યારે પ્રથમવાર પ્રભાતની ંગળી ઝાલી હતી ત્યારે એણે પોતાને દુનિયાનો સૌથી ખુશનસીબ વ્યક્તિ હોવાનું સુખ અનુભવેલું. સાન્વીના કાલાઘેલા બોલ સૌને મોહી લેતા. સૌની ખુશી સાન્વીની આસપાસ વીંટળાયા કરતી. સૌનો

જીવ જાણે સાન્વીમાં સમાયો ન હોય. આવી પરી જેવડી નાની પુષ્પકળી ક્યારે યુવાન બની ગઈ એનો ખ્યાલ જ ન રહ્યો. બસ, રંજ એ વાતનો હતો કે માનસી સાન્વીના પૂરા બાળપણના સુખને પણ માણી ન શકી અને જીવલેણ બિમારીનો ભોગ બની. પરંતુ એણે પરી માટે જોયેલું સ્વપ્ન આજે સાકાર થયું. અને એ સૌ માટે કોઈ નિમિત્ત બન્યું હોય તો તે હતો પ્રભાતના મનમાં સ્ફુરેલો પેલો એક વિચાર... અને એ વિચાર થકી એ લોકો જ્યાં પહોંચ્યા હતા એ અનાથાશ્રમ.

અને એવામાં મંચ પર બિરાજેલા વ્યક્તિ વિશેષોની વચ્ચે પ્રભાતના કાનને જાણે સદીઓના શકુનથી ભરી દેતું, ક્ષિતિજો સુધી એમની આભાને ફેલાવનારું અનાઉન્સમેન્ટ થયું..., ''હવે આપણી વચ્ચે યુવાનીમાં સિદ્ધિના શિખરો સર કરનાર, સમાજસેવા અને રાષ્ટ્રસેવાનું બીડું ઝડપનાર, હજારો અનાથ બાળકોને આશ્રય આપનાર, પ્રેરણાસ્ત્રોત IPS Officer મિસ. સાન્વીનું આપણે અભિવાદન કરીએ છીએ અને એમને સમ્માનિત કરી મેડલ એનાયત કરશે એમના ગોડફાધર, એમના પિતા મિસ્ટર પ્રભાત શાહ.''

પ્રભાતની આંખો જાણે ફાટી પડી. પોતાના આંખ અને કાન પર એને વિશ્વાસ ન હતો. જાણે ગઈકાલ સુધી પા-પા પગલી રમનારી નાનકડી ઢીંગલી આજે આટલી મોટી થઈ ગઈ. પિતાના નામને શિખરે લઈ આવી. ગૌરવ બક્ષ્યું. આટલું તો કદાચ પોતાનું લોહી હોત તો પણ ના કરત. જે આ અનાથ બાળકીએ પોતાના પાલકપિતા માટે કર્યું.

આ વિચારે પ્રભાતની છપ્પન ઈંચની ઠાતી છોત્તેર ઈંચની થઈ ગઈ. અને આંખોમાં હર્ષના ઝળઝળિયાં સાથે, જીવનભરના પ્રેમ અને પુરુષાર્થની પૂંજીને મુઠ્ઠીમાં સમેટી, ખુરશીમાંથી ઊભા થઈ પ્રભાતે સ્ટેજ તરફ ડગ માંડ્યા... અને એની સાથે ડગ માંડી રહ્યો એનો જ પડછાયો...માનસી..!

**પ્રથમ ઈનામ**

**ટંડેલ જીગ્નેશકુમાર**
ઉ.બુનિયાદી કન્યા વિદ્યાલય, વાઘેલા, સુરત

## બાપ !

સવજીબાપા પોતાની જિંદગીનો સાતમો દાયકો વટાવી ચૂક્યા હતા. નાનપમથી ખેતીવાજીનું કામકાજ કરેલું. સાદુ જીવન જીવેલા એટલે તેમનું સ્વાસ્થ્ય ખૂબ જ સરસ હતું. સાંઈઠ વર્ષની ઉંમર સુધી તો તે તંદુરસ્તીમાં તેના દીકરા ભરતની સાથે હરિફાઈ કરી શકે ટલા તંદુરસ્ત હતા. પરંતુ રેવતીના મૃત્યુ પછી તેમનો જીવનરસ ઓસરવા માંડ્યો. તેમણે ધીમે ધીમે પોતાની જાતને ખેતીના અને વ્યવહારના કામથી અલિપ્ત કરી નાખી. હવે તો સવાર-સાંજ ગામના રામજીમંદિરે દર્શન કરવા જવા, સરખી ઉંમરના મિત્રો સાથે થોડો સમય વિતાવવો અને ઘરે આવીને પ્રભુ ભજન કરવું, આ જ તેમનો નિત્યક્રમ બની ગયો હતો.

આજે તેઓ સંધ્યાટાણે રામજીમંદિર ગયા ત્યારે અચાનક જ તેમના કાને કોઈના શબ્દો અથડાયા. ''સવજીબાપા એટલાય ભોટ નથી કે તેમને કંઈ દેખાતું ન હોય. આખી જિંદગી ખેતરમાં વૈતરું કર્યા પછીય માંડ નળીયાવાળું ઘરકરી શક્યા હતા. તે જ ખેતરમાંથી ભરતે તો દસ વર્ષમાં ત્રણ માળનો બંગલો બનાવી નાખ્યો. આંગણે પંદર-પંદર લાખની બબ્બે તો ગાડીયું ઊભી છે. એકના એક દિકરાને શહેરની મોંઘામાં મોઘી કૉલેજમાં એન્જિનિયરીંગનું ભણાવે છે. બધું આમ ને આમ થોડું થાય છે ભાઈ ! પાછા પોલિસખાતા સાથેય એટલો ઘરોબો છે કે ગાંધીનગર સુધીના કોઈ એને આંગળીય અડાડી ન શકે. સવજીબાપા બિચારા, સવાર-સાંજ માળાઓ ફેરવીને ભરતના પાપ ધોવે છે. બીજું શું ?''

''મને નથી લાગતું કે સવજીબાપાને કંઈ ખબર હોય. એ તો બિચારા ભગવાનના માણસ છે. રેવતીબાના ગયા પછી તો તેઓએ બહાર નિકળવાનું સાવ બંધ જ કરી દીધું છે.'' બીજો જણ બોલ્યો.

''હા ! અને જો સવજીબાપાને ખબર પડે તોય એ બિચારા કરી શું શકવાના ? ભલભલા માંધાતાઓ ય ભરતનું નામ લેતા બીવે છે. ન્યા સવજીબાપાની શી વિસાત ?'' પેલો જણ બોલ્યો.

''એ વાત તો સાચી, પણ મારું મન એ માનવા તૈયાર તો નથી થાતું કે સવજીબાપાને કંઈ ખબર

જ ના હોય.''

સવજીબાપાએ હળવો ખોંખારો ખાઈને સૌને પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો. બધા ચૂપ થઈ ગયા. સવજીબાપાએ રામજીમંદિરની આરતી કરી. આરતીના આશકા લેતી વખતે જિંદગીમાં પહેલીવાર સવજીબાપાએ પોતાના હાથ ધ્રુજતા અનુભવ્યા. તેમણે ધ્રુજતા હાથને સ્થિર કરી પ્રભુ સામે જોયું. મનમાં જ બોલ્યા - ''મારા વ્હાલા, મારી ભેરે રે'જો,''

ઘરે આવીને સવજીબાપાએ ભરતની દિનચર્યા ઉપર નજર રાખવાનું ચાલુ કર્યું. આમ તો કાંઈ ખોટું થતું હોય એવું લાગતું ન હતું. પણ પોતે કાનોકાન સાંભળેલી વાતો અંતરમાંથી ખસતી ન હતી. આ વાતના ત્રીજા કે ચોથા દિવસે રાહુલની કૉલેજમાં રજા પડવાથી તે એક અઠવાડિયા માટે ઘરે આવ્યો. તેના ત્રણેક દિવસ બાદ ભરત કોઈ કામ અર્થે બહાર ગયો હતો. એકાદ અઠવાડિયા માટે તે બહારગામ ગયો હતો. ભરત ગયો તેના બીજા જ દિવસે સવારે અગિયારેક વાગે રેણુકાએ સવજીબાપાને કહ્યું - ''બાપુજી, હું ત્રણ વખત જઈને રાહુલને ઉઠાડી આવી. તે રૂમની અંદરથી હોંકારો ભણે છે, પરંતુ બારણું નથી ખોલતો. મને ખૂબ જ ચિંતા થાય છે. તમે જાવ ને. તમારું માનશે તમારો તો એ ખૂબ લાડકો છે. મને ચિંતા થાય છે બાપુજી, રાહુલની તબિયત તો બગડી નહીં હોય ને ?''

સવજીબાપા બોલ્યા - ''એવું કાંઈ નહીં હોય બેટા. ચિંતા ન કરો. આજકાલ છોકરાવ મોડી રાત સુધી મોબાઈલ વાપરે, એટલે સવારે મોડા ઉઠે. આ કાંઈ અમારો જમાનો તો છે નહીં કે સૂરજ ઉગતા પહેલા ખેતરે પહોંચી જવું પડે.''

સવજીબાપા ઉભા થઈ ધીરે ધીરે દાદરો ચડી ઉપર ગયા. પાછળ આવતી પુત્રવધુને તેમણે ઈશારાથી જ નીચે રહેવા જણાવ્યું. સવજીબાપાએ પણ ત્રણવાર ખટખટાવ્યું ત્યારે રાહુલે બારણું ખોલ્યું. તેની આંખો લાલઘૂમ હતી. વાળ વિખરાયેલા હતા. તેને અને રૂમને જોતા લાગતું હતું કે, તે આખી રાત સૂતો ન હતો. સવજીબાપાને ધ્રાસકો પડ્યો. તેમણે રાહુલના માથા ઉપર પ્રેમથી હાથ ફેરવ્યો. ''બેટા ! તબિયત તો બરાબર છે ને !''

રાહુલ સવજીબાપાને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. સવજીબાપાએ તેને રડવા દીધો. તે શાંત થયો ત્યારે સવજીબાપાએ પૂછ્યું, ''શું વાત છે બેટા ? કંઈક બોલ તો સમજણ પડે ને ?''

રાહુલે પોતાનો મોબાઈલ ખોલ્યો. તેમાં એક ફોટો બતાવ્યો. ફોટામાં રાહુલ સાથે તેની જ ઉંમરનો એક યુવાન તેની સાથે જ ખડખડાટ હસતો ઊભો હતો. રાહુલ બોલ્યો, ''દાદુ, આ મારો બેસ્ટ ફ્રેન્ડ જય છે.''

સવજીબાપા બોલ્યા, ''અદ્દલ તારા જેવો જ છે. તારી સાથે જ ભણે છે ?'' રાહુલ બોલ્યો - ''ભણતો હતો દાદુ થોડા દિવસથી તે અતડો-અતડો રહેતો હતો. પોતાના રૂમમાં જ પુરાઈ રહેતો હતો. ક્યાંય બહાર ન'તો નીકળતો. મને થયું કે પરીક્ષાના ટેન્શનમાં હશે. પણ તે તો પેપર આપવાય નહોતો આવતો. જ્યારે હું તેને મળવા જતો ત્યારે પણ તે રૂમની અંદરથી જ મને આડેધડ જવાબ આપી દેતો હતો. મેં તેની સાથે વધારે વાત કરી હોત તો સારું હતું દાદુ.''

સવજીબાપા બોલ્યા - ''વાંધો નહીં બેટા ! હવે જા ત્યારે તેની સાથે વાત કરી લેજે ને. તારી ચિંતા દૂર થઈ જશે.''

રાહુલ બોલ્યો - "દાદુ ! હવે હું ક્યારેય તેની સાથે વાત નહીં કરી શકું. ગઈકાલે રાત્રે તેણે આત્મહત્યા કરી લીધી. તેના રૂમમાંથી ઘણો બધો ગાંજો પકાયો અને ગાંજાની અસરમાં ને અસરમાં જ તેણે આ પગલું ભર્યું છે, તેવું પોલીસને લાગે છે."

સવજીબાપાએ રાહુલને શાંત પાડ્યો. થોડુંક ખવરાવ્યું અને તે રાહુલને લઈને લગભગ દસેક વર્ષ પછી ખેતરે ગયા. ખેતરમાં પગ મુકતાં જ તેમને તીવ્ર પણે રેવતી યાદ આવી ગઈ. ભરતનું હસતું ખેલતું બાળપણ યાદ આવી ગયું. ખેતરના રખેવાળને આશ્ચર્ય થયું. ભરતભાઈની સ્પષ્ટ સૂચના હતી કે તેમની રજા સિવાય કોઈને ખેતરમાં પ્રવેશવા ન દેવા. પરંતુ સવજીબાપાને તેમનાં જ ખેતરમાં આવતા કેમ રોકવા ? તેણે ભરતને ફોન લગાડ્યો. ભરત કોઈ સાથે મિટીંગમાં હશે તેણે ફોન કટ કરી નાખ્યો.

સવજીબાપા રાહુલને લઈને ખેતરમાં ફરવા નીકળ્યા. પાંચ વિઘાનું આ ખેતર કે જે જુવાનીના દિવસોમાં સવજીબાપાને ખોબા જેવડું લાગતું. તેમા આજે થોડીકવાર આંટો મારતા-મારતા તો હાંફ ચડી ગયો. રાહુલને પણ સારું લાગ્યું. અહીંયા આવીને ભરત ક્યારેય રાહુલને ખેતરમાં ન લાવતો. ક્યારેક રાહુલ ઈચ્છા દર્શાવતો તો પણ બરત તેને બીજા પ્રલોભનો આપીને ટાળી દેતો.

અઢાર વર્ષની ઉંમરે રાહુલ પહેલીવાર પોતાના ખેતરમાં આવ્યો હતો. જાજુ જો તે ગામની બહાર શહેરમાં રહીને જ ભણ્યો હતો ને ? રખેવાળનો જીવ ઉંચો થતો જતો હતો. સવજીબાપા તો એ જ તરફ જઈ રહ્યા હતા જે તરફ... પણ તે લાચાર હતો. ન તો બરતભાઈ ફોન ઉપાડતા હતા ન તો તે સવજીબાપાને રોકી શકતો હતો.

સવજીબાપાએ ત્યાં રહ્યાં રહ્યાં જ બૂમ મારી - "અકે કરશન, મારા અને રાહુલ માટે સરસ ચા તો બનાવી લાવ ભાઈ ! આજ તો વરસો પછી ખેતરમાં બેસીને ચા પીવાનું મન થયું છે."

કરશન કચવાતા મને ચા બનાવવા ગયો. સવજીબાપાએ મન ભરીને ખેતરમાં જુદા-જુદા ફોટા પડાવ્યા. એકલા ખેતરના ફોટા, પોતે ખેતરમાં ઊભા હોય તેવા ફોટા અને રાહુલ સાથે સેલ્ફીઓ પણ લેવરાવી. રાહુલને તાકીદ કરી "આપણા આ બધા ફોટાની વાત આપણા બે વચ્ચે જ રાખજે. જોજે કોઈને બતાવતો નહીં." રાહુલને આશ્ચર્ય તો થયું પણ તેણે હકારમાં માથું હલાવ્યું.

ઘરે આવીને રાત્રે સવજીબાપાએ ભરતને ફોન કર્યો. "ભાઈ, રાહુલના ભાઈબંધે આપઘાત કર્યો છે, તેની રાહુલના મન ઉપર ખૂબ જ અસર થઈ છે. અને મારે પણ ઘણા સમયથી દિલ્હી અક્ષરધામ દર્શન કરવા જવું છે. જો તું વ્યવસ્થા કરી દે તો અમે દાદો-દીકરો જઈ આવીએ."

ભરત બોલ્યો - "બાપુજી, થોડા દિવસ પછી જઈએ તો હું પણ અહીંનું કામ પતાવીને તમારી સાથે આવું. આપણે બધા જઈએ."

સવજીબાપા બોલ્યા - "મને લાગે છે કે રાહુલને અત્યારે જ ખુશ રાખવો વધારે જરૂરી છે. પછી તારી ઈચ્છા."

ભરતે વધારે કંઈ રકઝક કર્યા વિના બધી વ્યવસ્થા કરી દીધી. બીજે દિવસે સવારે નજીકના શહેરથી ઉપડતી ફ્લાઈટમાં સવજીબાપા અને રાહુલ દિલ્હી પહોંચી ગયા. શાંતિથી અક્ષરધામના દર્શન કર્યા. બીજા થોડા જોવાલાયક સ્થળો પણ ફર્યા. રાહુલ પણ ધીમે ધીમે આઘાતમાંથી બહાર આવી રહ્યો હતો. ત્રીજા દિવસે સવારે રાહુ જાગ્યો ત્યારે સવજીબાપા રૂમમાં ન હતા. રાહુલને પોતાનો મોબાઈલ

પણ ન મળ્યો. એટલે તે ચિંતામાં પડી ગયો. રીસેપ્શન ઉપર ઈન્કવાયરી કરતા જાણવા મળ્યું કે "સવજીબાપાના કોઈ મિત્ર તેમને મળવા આવ્યા હતા, તેમની સાથે જ તેઓ બહાર ગયા હતા. રાહુલનો મોબાઈલ પણ તેઓ જ લેતા ગયા હતા સાંજ સુધીમાં આવી જશે. રાહુલ ઈચ્છે તો ક્યાંક આજુબાજુ ફરી આવે."

રાહુલ રૂમમાં આવ્યો, તૈયાર થયો, ફરવા નીકળી પડ્યો. ક્યારે સાંજ પડી ગઈ એ પણ ખ્યાલ ન રહ્યો. પહેલીવાર મોબાઈલ વિના જ આખો દિવસ વિચાવ્યો. તેણે વિચાર્યું - "જ્યારે મોબાઈલ નહીં હોય ત્યારે કદાચ માણસ વધારે માનસિક શાંતિ અનુભવતો હશે."

તે હોટલ પર આવ્યો તેની થોડી જ વારમાં સવજીબાપા પણ આવી ગયા. રાહુલને લાગ્યું કે પાછલા આઠ-દસ કલાકમાં દાદુ આઠ-દસ વર્ષ ઘરડા થઈ ગયા છે. તેઓ સોફા પર ફસડાઈ પડ્યા. રાહુલે કહ્યું દાદુ ! તમે ખૂબ જ થાકી ગયા લાગો છો. આરામ કરી લ્યો. આમેય કાલે આપણે સવારે નીકળવાનું છે.

સવજીબાપા બોલ્યા - "કાલે નહીં બેટા ! આપણે પરમદિવસે નીકળશું. મારે એકાદ દિવસ આરામ કરવો છે."

બીજા દિવસે આખો દિવસ તેમણે રાહુલને પણ ક્યાંય જવા ન દીધો. મોડી સાંજે રાહુલના મોબાઈલમાં અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો. કોલ કરનારે સવજીબાપા સાથે વાત કરવાની ઈચ્છા દર્શાવી. રાહુલે ફોન દાદુને આપ્યો. સવજીબાપા માત્ર સામેવાળાને સાંભળતા રહ્યા. ફોન પાછો રાહુલને આપતી વખતે બાપાના હાથ ધ્રુજવા લાગ્યા. સવજીબાપાએ પોતાના હાથની ધ્રુજારીને મક્કમતાથી સમાવી દીધી.

બીજા દિવસે જ્યારે સવજીબાપા અને રાહુલ ટેક્સીમાં ગામમાં પ્રવેશ્યા ત્યારે શેરીએ શેરીએ ઉભેલા લોકોના ટોળા તેમની સામે જોઈને અંદરો-અંદર ગુસ-પુસ કરવા લાગ્યા. ટેક્સી રામજીમંદિર સામેથી પસાર થઈ ત્રે સવજીબાપાએ સજલ નયને હાથ જોડ્યા. "તારો ખૂબ ખૂર આભાર મારા રામ !"

ઘરના દરવાજે છવાયેલી ચૂપકીદી જોઈને રાહુલે પ્રશ્નાર્થ નજરે ઘર સામે જોયું. સવજીબાપા રાહુલના માથે હાથમ મુકીને બોલ્યા, "દીકરા ! તારા મિત્રની જિંદગી ગાંજાએ રોળી નાખી હતી. આવા તો કંઈ કેટલાય યુવાનો આ ખપ્પરમાં હોમાઈને જિંદગી બરબાદ કરી નાખે છે. એ બધાને બચાવવાનું મારું ગજુ નથી. પણ હા ! એમાંથી થોડાકને તો ન્યાય અપાવવાનો મેં પ્રયત્ન કર્યો છે."

રાહુલની આંખમાં રહેલા અનેક પ્રશ્નોના જવાબ આપવા માટે પોતાના મનને મજબુત કરતાં કરતાં ભીની પાંપણો પણ ટટ્ટાર ગરદન સાથે સવજીબાપા ઘરમાં પ્રવેશ્યા. દિવાનખાનામાં સામે જ પડેલ આજના ન્યૂઝપેપરનું મથાળું હતું "ગાંજાનું બેહિસાબ વાવેતર કરનાર, માથાભારે રાજકીયવગ ધરાવનાર ભરતની દિલ્હી નાર્કોટિક્સ વિભાગે ચોક્કસ બાતમીના આધારે ધરપકડ કરી ભરત ફર્ફે "ગ્રીન લેબલ" પાસાના ગુના હેઠળ તિહાર જેલમાં ધકેલવામાં આવ્યો."

**દ્વિતીય ઈનામ**

**દવે છાયા ભવાનીશંકર**

શ્રીમતી એમ.એમ.કન્યા વિદ્યાલય, પાલીતાણા

# દ્વંદ્વ

ફેક્ટરીમાંથી તનતોડ મજૂરી કરીને પાથા આવેલા અર્જુનનો લઘરવઘર વેશ કોઈ પાગલથી જરાય ઊણો ઉતરે એમ નહોતો. શારીરિક સ્વાસ્થ્ય તો તેનું સારું હતું પણ માનસિકની કલ્પના થઈ શકે એમ નહોતી. કોટડી જેવડા બાથરૂમમાં હાથ-પગ ધોઈ બહાર આવ્યો ત્યાં પત્નીએ શેતરંજી પાથરી થાળી પીરસી આપી. એકાદ-બે કોળિયા મોંમા ગયા ત્યં સુભદ્રા બોલી, ''આ અભિમન્યુને સ્ટીલના દાંડીયા લેવા છે, કાલે આવતા ાવતા લેતા આવજો ને.''

મોંમાં નાંખેલો કોળિયો માંડ ગળા નીચે ઉતરતા અર્જુન બરાડ્યો, ''આંય છત પ્ડું ડું થાય છે ને કુંવર સાહેબને સ્ટીલના દાંડિયા લેવા છે !''

''મા-બાપ આગળ નો માંગે તો કોની પાંહે માંગે ? શું તમેય ?''

''મને ખબર છે સુભી, મારેય અભિને ઘણા લાડ કરાવવા છે. મેં વિચાર્યું'તું કે મારે તો બાપ નો'તો એટલે મારું નામપણ જેમતેમ વીત્યું ણ અભિને હું જોઈ ઈ કરતાં બમણું અપાવીશ. સમય...સુભી... સમય આપણી બહુ આકરી પરીક્ષા કરે છે. આ ઘર આપણું તોય આપણું નહીં, આ ફેક્ટરી આપણી તોય આપણી નહીં આપણે તો મજૂર... ખાલી મજૂર... એમાં આ નોરતાં...''

અર્જુનની આંખ સામે પોતાની બાળપણની તમામ નવરાત્રિઓ આવી ઊભી. બાપ વિનાના અર્જુનના પાલન-પોષણ માટે મા દિવસ-રાત એક કરી મજૂરી કરતી અને અર્જુનની તમામ જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયત્ન કરતી. બે વર્ષનો હતો અર્જુન પિતાનું મૃત્યું થયું ત્યારે. પોતાના માનસપટ પર તો ક્યાંય પિતાની આછી અમથી છબી પણ કંડારાયેલી નહોતી. હતા તો માત્ર સ્મરણો, જે મા દુઃખના સમયમાં વાગોળ્યા કરતી અને સ્વયંને ને અર્જુનને હિંમત આપ્યા કરતી. જમીને બે ઘડી ગોદડા પર આડા પડેલા અર્જુનની આંખ સામે માના સ્મરણોમાં કાયમ રહેતા પિતાના કેટલાક દૃશ્યો અંકાવા લાગ્યા.

પિતા પંચમલાલ ને કાકા ધરમશી સાથે મળીને સાડીની દુકાન ચલાવતા. ધરમશીને નાનપણથી આંખો ઉઠવાની તકલીફ. એટલે મોટાભાગનું કામ પંચમલાલ જ સંભાળે. બંનેની મહેનત રંગ લાવી ને દુકાનમાંથી ફેક્ટરી થઈ. હવે તો તાકામાંથી સાડીની કાપણી, છાપણી, રંગરોગાન બધું ફેક્ટરીમાં જ થતું. મજૂરોની સંખ્યા પણ દસથી વધારીને પચાસ કરી. એવામાં અચાનક પંચમલાલનું શરીર દિવસે ને દિવસે નબળું પડતું ચાલ્યું. શહેરના મોટા ડૉક્ટરની મુલાકાત લેતા ખબર પડી કે આ તો પાંડુરોગ છે. હવે પંચમલાલ થોડા દિવસોના મહેમાન હતા. અર્જુન તો હજુ માંડ બે વર્ષનો હતો. આટલી મહેનત પછી ઊભી થયેલી આ ફેક્ટરી વ્યવસ્થિત ચાલે અન પોતાનો આખો પરિવાર તેમાં સચવાઈ રહે એ જ પંચમલાલની આખરી ઈચ્છા હતી. ધરમશીએ મરતા ભાઈને વચન આપ્યું કે તમારી ફેક્ટરી આજ કરતા પણ આવનારા વર્ષોમાં વધુ પ્રગતિ કરશે અને તમારો ને મારો બેય દીકરાઓ એમાં જ સચવાઈ રહેશે. એક મહિનામાં પંચમલાલ સ્વર્ગે સીધાવ્યા. દા’ડા પછી મા પોતાને લઈ રોટલો ખાવા પિયરે ગઈ. મા-દીકરો પાછા આવ્યા ત્યારે ધરમશીએ જુદું જ સ્વરૂપ બતાવ્યું.

મા-દીકરાનો સામાન ફેક્ટરીની એક કોટડીમાં મૂકાઈ ગયો હતો. હવે કુંતલબહેને પોતાની જ ફેક્ટરીમાં એક મજૂર તરીકે મજૂરી કરવી પડતી. બદલામાં જે મહેનતાણું મળે એમાંથી મા-દીકરાનું ગુજરાન ચાલતું. દસમાં ધોરણ સુધી સરકારી નિશાળમાં ભણ્યા પછી અર્જુન પણ આ જ ફેક્ટરીમાં કામે લાગી ગયો હતો. હવે ધરમશી કાકાએ નવો પ્લોટ લઈ બંગલો બનાવ્યો હતો અને પહેલાનું પડું પડું થઈ રહેલું બે રૂમવાળું મકાન અર્જુન અન કુંતલબહેનને રહેવા અપાયું હતું. પોતાના પતિની મિલકતને આમ સખાવત સ્વરૂપે સિવાકરતી વખતે કુંતલબહેનનું કાળજું ચીરાતું હતું. પણ હવે મારું-તારું કરવા કરતાં અર્જુનના ભવિષ્યનો વિચાર કરવો વધુ જરૂરી હતો. સ્વીકારી લીધી હસતા મોઢે મા દીકરાએ આ સખાવત પણ.

ફેક્ટરીમાં જ્યારે મંદીનો માહોલ આવતો ત્યારે બાજુના ગામ સુંદરપુરના શેઠ કેશવજી પાસેથી વ્યાજે રકમ લઈ મંદીની ખોટી પૂરાતી. આ રીતે કેશવજી શેઠ ફેક્ટરીનો અનન્ય હિસ્સો બની ગયા હતા. ધરમશી અને પંચમલાલનો આખો ઈતિહાસ કેશવજી જાણતા હતા. કુંતલબહેન અને અર્જુનની ઈમાનદારી અને મહેનતથી પ્રભાવિત થયેલા કેશવજી શેઠે પોતાની નાની બહેન સુભદ્રા અર્જુન સાથે પરણાવવાનું નક્કી કર્યું. એક દિવસ આંગણે ગાડી આવીને ઊભી, કેશવજી શેઠ ગાડીમાંથી નીચે ઉતરી આંગણામાં આવ્યા. ફળિયામાં ઢાળેલ ખાટલે બેસી કુંતલબહેન સમક્ષ અર્જુન અને સુભદ્રાના લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. કુંતલબહેન તો બે ઘડી હેબતાઈ જ ગયા. આવડા મોટા શેઠની બહેન પોતાના આવા જૂના પુરાણા ઘરમાં કેવી રીતે રહેશે એ વિચારતા રહ્યા પણ કેશવજી શેઠે ‘અમે ઘર નહીં વર જોઈને દીકરી દઈએ છીએ’ કહ્યું ત્યારે કુંતલબહેને વાતને વધાવી લીધી. વાજતેગાજતે લગ્ન લેવાયા. બે ઓરડીના જૂના પુરાણા મકાનમાં અને અર્જુનની ફેક્ટરીની મામૂલી નોકરીમાં સુભદ્રા એવી સમાઈ ગઈ કે જાણે એ ક્યારેય કોઈ શેઠની બહેન હતી જ નહીં.

એક વર્ષમાં અભિમન્યુનો જન્મ થયો. દિવસો, મહિનાઓ, વર્ષો વીતતા ગયા, પણ ઘરની આ કારમી પરિસ્થિતિ હજુય વીતી જવાનું નામ નહોતી લેતી. અભિમન્યુનું દબાતું, ઘૂંટાતું બાળપણ હવે

કેશવજીથી જીરવાતું નહોતું. એક દિવસ કેશવજી અર્જુનને મળવા આવ્યા. આમ ઓચિંતા સાળા સાહેબને આવેલા જોઈ અર્જુનના ચહેરા પર ચિંતાની રેખાઓ ઉપસી આવી. કેશવજી પણ જાણે તેના મનની દુવિધા જાણી ગયા હોય એમ તેમણે હળવા સ્વરે ચર્ચાની શરૂઆત કરી.

"અર્જુન કેમ ચાલે છે ફેક્ટરીનું કામકાજ ?"

"આપણે તો ભાઈ આપણું કામ મનથી કરવાનું બસ, બાકીનું બધુ ધરમશી કાકા જાણે."

"હમણાં ધરમશી ઓછા દેખાય છે કેમ ?"

"હા, હમણાં કાકાની આંખો સાવ ગઈ છે. જામરનું ઓપરેશન કરાવ્યું હમણાં. હવે તો બધું મારો ભાઈ દુર્જન જ સંભાળે છે."

"તારો ભાઈ !"

"હા, ધરમશી કાકાનો દીકરો."

"અચ્છા..." અર્જુનના મોઢે દુર્જન મારો ભાઈ સાંભળીને કેશવજી શેઠનું લોહી ઉકળી ઉઠ્યું છતાં તેમણે ધીરજથી કામ લેતા ચર્ચા આગળ વધારી.

"અને... અભિનું શું વિચાર્યું છે તે ?"

"એમાં વિચારવાનું શું ? એ તો સરસ સરકારી નિશાળમાં ભણે જ છે ને ! દસમું-બારમું જેટલું ભણવું હોય એટલું ભણે. ન્યાં લગી મારાથીય કામ થાશે. પછી તો એણે કામ કરવાનું જ છે."

આટલામા સુભદ્રા આવીને સ્ટીલની અડારીમાં ચા પીરસી ગઈ. બહેનના હાથની મધ જેવી મીઠી ચા પણ અર્જુનના આ જવાબ સાથે કેશવજી શેઠને કડવી લાગી. હવે તેમનું મગજ સંયમ ગુમાવવા લાગ્યું. તેમણે રૂક્ષતા દર્શાવતા સીધું જ પૂછ્યું.

"એટલે અભિ પણ તારી જેમ આ ફેક્ટરીમાં મજૂરી જ કરશે એમ ને ?"

"બીજો કોઈ રસ્તો છે ભાઈ ?"

"અરે તારા બાપની ફેક્ટરીમાં તેં મજૂરી કરી ત્યાં સુધી તો સમજ્યા પણ હવે અભિનેય આ જ દલદલમાં શું કામ ઘસડવા માંગે છે ?"

"તો હું શું કરું ભાઈ ?"

"તારો ધર્મ નિભાવ. અત્યાર સુધી દીકરા તરીકે તે માના નિર્મયને સાચો માની પુત્ર ધર્મ નિભાવ્યો. સુભદ્રાએ પણ અડધામાં આખું માની લીધું એટલે તારો પતિ ધર્મ પણ સચવાઈ ગયો. પણ હવે તારે તારો પિતૃ ધર્મ તો નિભાવવો જ પડે. તું એમાંથી છટકીને અભિને પણ તારી જ જિંદગીનો વારસો આપે એ મારાથી સહન નથી થતું."

"તો હું બીજું કરી પણ શું શકું ભાઈ ?"

"ફેક્ટરીમાં જેટલો હક ધરમશીભાઈનો ટલો જ તારા પિતાનો અને એટલે સરવાળે જેટલો હક દુર્જનનો એટલો જ તારો થાય. તારા માટે નહીં તો અભિ માટે, પણ આ યુદ્ધ તો તારે લડવું જ પડશે."

"એટલે ? હું હજીય ના સમજ્યો. મારે ખરેખર આમાં કરવાનું શું ?"

"ન્યાય માંગવાનો."

"ન્યાય ? કોની પાસે ?"

"અદાલત પાસે. મારા ધ્યાનમાં ેક સારામાં સારા વકીલ છે, જે તારો કેસ લડશે અને તને ફેક્ટરીમાંથી તારો હિસ્સો અપાવશે પણ આ રસ્તા પર ચાલવું તારે પડશે. બોલ તું તૈયાર છે ય"

કેશવજી શેઠની આ ઓફર કુંતલબહેન, સુભદ્રા અને અર્જુન ત્રણેયને વિચારવાની એક નવી અને અકલ્પય દિશા આપી ગઈ.

અર્જુનના હાથમાં વકીલના નંબર લખેલી ચિઠ્ઠી હતી. રાત વધુ ઘેરી બનતી જતી હતી. ગોદડા પર લંબાવેલા શરીરવાળો અર્જુન પડું પડું થઈ રહેલી છતને તાકી રહ્યો. એકધારી ગતીથી ફરતા પંખા પર તેની નજર સ્થિર થઈ ગઈ. સવારે જ વકીલ સાથે વાત કરી ધરમશી કાકા સામે ન્યાયિક યુદ્ધ આરંભ કરવાનો તેણે મનોમન નિર્ધાર કર્યો. અભિ માટે લાવેલા સ્ટીલના દાંડિયા સામેની દિવાલ પર લટકતા હતા. તેને યાદ આવ્યો એ નવરાત્રિનો ડ્રેસ, જે ધરમશી કાકા નવરાત્રિ પર પોતાના માટે લાવેલા. દુર્જનને ટુંકા થતાં બધા કપડાં સમયાંતરે ધરમશીભાઈ અર્જુનને આપતા. આ ડ્રેસ પણ તેમાંથી જ એક હતો. કેવો નાચી ઉઠેલો પોતે ઝગમગતા સતારા અને કૂમકાવાળા એ ડ્રેસને જોઈને ! અર્જુનની આંખ ભરાઈ આવી. અર્જુનની આંખની કીકી આડે આવેલા આંસુના પડદા પર એક પછી એક દશ્યો ઉપસવા લાગ્યા. ધરમશી કાકા દ્વારા દર દિવાળીએ અપાતું બોનસ ને મીઠાઈ, માને ને પછી પોતાને મળેલી ફેક્ટરીની નોકરી. અભિના જન્મ વખતે ધરમશીકાકાએ સત્યનારાયણ મંદિરનો કરેલો ધર્માદો, ફેક્ટરીની કોટડીની બદલે પોતાને અપાયેલું આ બે ઓરડી વાળું મકાન. ધરમશી કાકાના એક પછી એક ઉપકાર અર્જુનની આંખ સામે નાચવા લાગ્યા. તે સ્વગત જ બોલ્યો, "જે કાકાએ બાપ વગરના મને ઉછેરીને આટલું સુખ આપ્યું એને એની બિમારીના સમયે, જીવનના અંતિમ સમયે હું કોર્ટની નોટિસ આપું ? ના ના, મારાથી આવું સ્વાર્થી ન થવાય."

અર્જુને મનમાં ચાલતી આ વિચારધારા સાથે જ ગોદડા પર પડખું ફેરવ્યું. હવે તેની નજર પંખાની બદલે અભિ પર આવી પહોંચી. કેશવજી શેઠે અભિ માટે દર્શાવેલી ચિંતા અત્યારે અર્જુનને સાચી લાગવા માંડી. ફરી તે સ્વગત જ બોલ્યો, "ધરમશી કાકાએ જે આપ્યું એ હતું તો મારા બાપનું જ ને ! એણે કોઈ ઉપકાર નથી કર્યો. ઉલટું મારો હક છીનવ્યો છે. મારા મરતા પિતાએ એના પર રાખેલા વિશ્વાસનો એણે ઘાત કર્યો છે. અભિ માટે તો અભિ માટે, પણ મારે આ યુદ્ધ લડવું જ રહ્યું." બંને તર્કોના દ્વંદ્વમાં અર્જુનને ઉંઘ આવી ગઈ. સવારે ઉઠ્યો ત્યારે બે વસ્તુઓ અર્જુન સામે આવી ઊભી રહી. એક વકીલના નંબરવાળી ચિઠ્ઠી અને બીજું શું કરવું શું નકરવું તેનો દ્વંદ્વ.

ત્યાં જ ફરી કેશવજી શેઠ આંગણામાં આવતા દેખાયા. એક કલાકના મનોમંથન પછી જ્યારે કેશવજી શેઠ અને અર્જુન ઘર બહાર નીકળ્યા ત્યારે બંનેના ડગ ફેક્ટરીની બદલે વકીલની ઓફિસ તરફ મંડાયા. અઢાર મહિનાની મથામણને અંતે અર્જુને કેસ જીત્યો. ઘરે આવી ફેક્ટરીના દસ્તાવેદ તેણે માના હાથમાં મૂક્યા ત્યારે મા-દીકરા બંનેની આંખેથી હર્ષના આંસુ વરસી પડ્યા.

ફેક્ટરીએ આવી માલિકની રિવોલ્વીંગ ચેર પર બેઠેલા અર્જુનનું અંતઃકરણ અત્યંત હર્ષિત હતું. ત્યાં જ સોની દિવાલ પર લાગેલા ધરમશી કાકા અને દુર્જનના ફોટા પર સુખડનો હાર જોઈ તેનો હર્ષ

પળવારમાં ગાયબ થઈ ગયો. હા, બંને મૃત્યુ પામ્યા હતા. ધરમશી કાકા લાંબી બિમારીને કારણે અને દુર્જન એકાએક રાજામાંથી રંક થવાને લીધે હાર્ટએટેકને કારણે. કાકી હવે કુંતલબહેન, સુભદ્રા અને અભિ સાથે અર્જુનના ઘરે જ રહેતા હતા. આજે ફરી એકવાર અર્જુન આ જીત ખરેખર જીત છે કે હાર એ જ દ્વંદ્વ અનુભવવા લાગ્યો. અકળ સ્મિત સાથે કેશવજી શેઠે અર્જુનના માથે હાથે મૂક્યો. અર્જુનના બધા જ દ્વંદ્વ જાણે શમી ગયા.

**તૃતિય ઈનામ**
**જોષી રંજનબેન લક્ષ્મીશંકર**
SNDT હાઈસ્કૂલ, ખંભાળિયા

# દ્વારિકાધીશની ભેટ

વહેલી પરોઢનું સૌંદર્ય માણવું હોઈ તો ક્યારેક ગીરના નેસડાઓમાં રખડવું પડે. આવી જ એક પરોઢની વાત કરું તો એક નેસડામાં ધોળી ગાયો ગમાણમાંથી કૂણી જુવારને ખાી તેને ઓગારતી હતી ને દૂધની શેરોથી ગોરી છલોછલ ભરાય રહી હતી. એ ગીર ગાયની તો વાત જ શું પૂછવી ? તેની તંદુરસ્તી ઉડીને આંખે વળગે તેવી હતી. આંખોને પણ તેને જોઈ શાતા મળતી. નજર ન હટે તેવું યૌવન તેનામાં છલકતું હતું. અને જીવતી તેના અમૃત સમાન દૂધને પોતાની ગોરીમાં ઝીલતી વિચારોમાં ડૂબેલ હતી.

'આયરાણી દૂધની શેરો કા આમ ધૂળમાં વેડ ફો સો ? એવી તે સું ચન્તયામાં કે ગાનું અમરત જેવું દૂધ આમ ધૂળમાં જાય તોય તમારું ધ્યાન નય.' ધણીના બોલાયેલ શબ્દોથી જીવતી વિચારોની તંદ્રામાંથી બહાર આવી. નીચે જુએ તો દૂધ ધરતીમાં વહેતું થયું હતું.

'આ ગાયના વાછરડાને જોઈ મારા મનમાં લાય લાગી સ. ઈવા તી ક્યાં કરમના બદલા મારે આ ભવ ભોગવવાના સે તી...' ફૂલઝેરતો મધમીઠો અવાજ આજ ચિંતાના વાદળ નીચે છુપાયેલ હતો.

'એકની એક વાત કેટલી વાર મને લગાડવાની... હું ને તું હાયરે સીએને એ પણ રૂડું સે. સુ કરવાને ઓસું આણે સો, જીને ઘેર સે ઈ બધા. કાઈ સુખી નયથ...' પોતાના જીવથીયે વ્હાલી એવી પત્નીને ચિંતામાં જોઈ કાનાએ તેને હિંમત આપતા કહ્યું.

'ઈ સનધુય હું જાણું પણ અટાણે તો ઘેર કલ્લો કરતું એક સોકરું હોય તો હુંયને નો હરખાતી હરખાતી ફરતી હોત પણ આ દુવારીકાવાળાની શુયે મરજી હયશે તી મારાં પેટને લીલોતરી દેવા નય માગતો...'

'હરીફરીને એ વાત પર સુ કરવા આવીને તારી જાયતને હેરાન કરે છે, ઈવનું ુણ હોયને કે મારામાં જ કૈક ઘટતું હોય...'

'એ વાત તો આજ બોલ્યા ઈ બોલ્યા હવ કોયદી મોઢે લાવતા નહીં...'

'હા, તો તુંય આ વાત ફરીને તારે મોયે ન લાવવાના સમ દે...'

એકબીજાના ચહેરા સામે જોઈ ધણી ધણીયારી ઘણું સમજી ગયાં પણ મોમાંથી એકેય શબ્દને બહાર આવવા ન દીધો.

જીવતી ને કાનો એકબીજા માટે જ બનેલું રૂપાળું જોડું. રૂપ રૂપનો અવતાર એવી જીવતી તો કાના માટે જ જીવતી. પાંત્રીસ વર્ષ થયાં પણ હજુ એ બાવીસ વર્ષની યુવતી જેવી કોમળ કાયાની માલકીન હતી. લગ્નના તેર વર્ષ સુધી પણ તેના ખોળાને ભગવાને ખાલી જ રાખ્યો અને એજ કારણનો ખાલીપો હવે બંનેના સાથે હોવા છતાં ખાવા દોડતું. એકબીજાને અનહદ પ્રેમ કરતાં બંને પોતાની સાથી માટે જરા પણ ઉણું સાંભળવા તૈયાર ન થયા. ન તો બીજાને દુઃખી જોઈ શકે. એકબીજા માટે બધું જ કરી છુટવા તૈયાર રહેતાં પણ આ એક બાળકના સુખ માટે બંનેના હાથ જાણે કશું જ કરી શકતાં ન હતાં. બંને જાણતાં પણ હતા કે આ સુખ કુદરતના આશીર્વાદ વગર પ્રાપ્ત થવાનું ન હતું.

જીવતી પાણી ભરવા જતી. આવતાં તેને લગભગ બપોર તો થઈ જ જતાં. ત્યાં ગીરમાં જ એક નેસડાને આશ્રમ બનાવી રહેતા સાધ્વીજી સાથે તેને ઘણો લગાવ એટલે જીવતી ત્યાં જતી તેમની સાથે પોતાની હૈયા વરાળ ઠાલવતી. વાતો કરતી. સાધ્વીજીને થોડી ઘણી મદદ કરતી અને પાછી આવતી રહેતી. ત્યાં જવાથી તેના મનને થોડી શાંતિ મળતી. એટલે જ્યારે જ્યારે તેનું મન અશાંત હોય ત્યારે ત્યારે તે ત્યાં જરૂર જતી. કાનો કોઈ દી' તેને પૂછતો નહીં પણ આ તો જીવતી. વગર પૂછ્યે જ અક્ષરઃસહ બધી જ વાત કાનાને કરી આપતી અને કાનો તેની આ જ વાતો શાંતિથી ખૂબ પ્રેમથી સાંભળતો. નિર્દોષતા સાથેની જીવતીની વાતો પર કાનો વારી જાતો. જીવતીની મીઠડી વાણીમાં એ સઘળા દુઃખ વિસરી જતો.

તે એક પુરુષ હતો. એક બાળક માટેની પોતાની લાગણીને બહાર આવવા ન દેવાના તમામ પ્રયત્નો તે કરતો. તે પણ એક નાના કુમળા જીવને પોતાની આંગળીના સ્પર્ષથી પંપાળવા માંગતો હતો. એક પિતા તરીકે તે પણ જીવવા માંગતો. પણ જો જીવતી સમક્ષ આ લાગણીઓ બહાર આવે તો જીવતી તો બળતરા કરવા લાગે. એટલે જ તે મનની વાત જીવતીથી છુપાવી રાખતો. એ જાણતો કે જો હું ઢીલો પડીશ તો જીવતી તો ભાંગી જ પડશે.

જીવતી એક સ્ત્રી હતી. એથીય વધુ તેની અંદર એક મમતાભર્યું હૃદય ધબકતું હતું. બાળક માટે તેની ઉમળતી મમતાને તે કમ કરી છુપાવી શકે ? કાનો પણ એક બાળકના પ્રેમ માટે ઝુરે છે એ પણ પોતે જાણતી.

આજ પણ જીવતી નીકળી ઈંઢોળીને ગોરી લઈને. ઉપર નભ સામે જોતી જતી. સાથે કંઈક મનમાં બડબડ કરતી તે પગદંડીમાં આગળ હાલ્યે જતી હતી. કદાચ બગવાન સાથે વાતો કરતી હતી, ગુસ્સો ઠાલવતી હતી. એવામાં જ જીવતીની નજર પડી એક છોકરી પર... કદાચ તે ત્યાંથી નીચે નદીમાં કૂદવા જઈ રહી હતી. જીવતી તો ગોરીને ઈંઢોણી નાંખીને પૂરપાટ વેગે દોડી. જો જરા પણ વાર ઈ હોત તો તે કદાચ કૂદી જ ગઈ હોય.

જીવતી એ તો એક લપાટ ચોળી દીધી. એકદમ સ્નિગ્ધ ગાલમાં ચાર આંગળીઓ ઉપસી આવી અને સુંવાળો શ્વેત ગાલ લાલ રંગમાં પરિવર્તિત થઈ ગયો. પલી છોકરી તો ડઘાઈ જ ગઈ એકદમ રડવા લાગી. જીવતીએ તેને પકડી નીચે બેસાડી પછી બોલી, 'એવી તે જગતમાં તને સુ તકલીફ સે તી તું તારું જીવન ટૂંકાવા આવી સો, હે... આ જીવન તો ભગવાનનું આપેલ સે અને જ લેય આપડો એના પર કાંઈ હક નય.'

છોકરી હજુયે જીવતી સામે ટગર ટગર જોયા કરતી હતી અને જીવતી તો બોલ્યે જ જતી હતી. ખબર નહીં કેમ પણ છોકરીને જીવતીના મીઠા બોલથી થોડી હિંમત આવી અને તે સ્વસ્થ બની. પોતે શું કરવા જઈ રહી હતી તેનું ભાન તો તેને હતું પણ હવે તે સમજી કે બીજો કોઈ ઉકેલ પણ આમની પાસેથી મળશે. બીજું કાંઈ નહીં ત મારી હૈયાવરાળ તો અહીં ઠલવાશે જ.

'આ મારે ઘેર શેર માટીની ખોયટ સે તો સુ જીવવું મૂકી દેવાય સે. સોકરાવ વગર દી પડે તો રાયત નથ જતી ને રાયત જાય તો દી નથ જતો પણ સુ ટલે મરી જવાય. બીજાનું પણ તો વિસારવું પડેને જી આપમા હાટું જીવતા હોય ગાંડી.'

'આપણા માટે જીવતા હોય એના માટે તો હું મરવા તૈયાર થઈ.'

'લે ઈ સુ... કાંઈ સમજાણું નય... આખી વાત કે પછી હું અહીંથી જાય ને તનેય જવા દેય' જાણે બધું જ પોતે આજ થાળે પાડી દેવાની હોય તેમ હકથી અને નિરાંતથી જીવતી તો બેસી ગઈ.

'હું કચ્છથી અહીં પેઈન્ટિંગ માટેની ઈન્ટરશીપ માટે આવી હતી. અહીંની લીલોતરી, કુદરતની નજીકતા અને સહિં મને ગમતા એટલે અહીં એક વર્ષ રહી મારુ કામ પુરું કરવાનું નક્કી કર્યું હતું. મારી જેમ જ અહીં પેઈન્ટિંગ કરવા આવેલ એક યુવક સાથે મારી થોડી વધુ જ નિકટતા વધી ગઈ અને મારી એ ભૂલના કારણે આજે મારા પેટમાં આ બાળક. એ યુવક તો અહીંથી નીકળી ગયો અને મારી પાસે તેના વિશે કોઈ કોઈ જ માહિતી નથી. અહીંયા ઘમાં લોકોને તેના વિશે પૂછ્યું પણ કોઈને તેની અંગત માહિતી નથી. હવે મારી પાસે મરવા સિવાયનો કોઈ જ વિકલ્પ રહ્યો ન હતો માટે...'

બે ચોપડી ભણેલ જીવતી વધુ તો કંઈ સમજતી ન હતી પણ એટલું સમજી કે અહીંયા ગીરમાં ઘણા સિંહ સિતરવા આવતા આ એમાંની જ કોઈક છે. અજાણી છોકરીની જાણે બધી જ વાત તે સમજતી હોય તેમ તે ડોક હલાવ્યે જતી હતી અને જરૂર પડે ત્યાં હોંકારો પણ આપતી.

પેલી પોતાની વાત પૂરી કરવા તરફ જ હતી કે જીવતીની આંખો ચમકી. તેનામાં એકીસાથે ચેતન ઉભરાવા લાગ્યું. મમતાની છોડો ઉડવા લાગી.

'હું આ હાલતમાં મારાં ઘરે જઈ ન શકું. એટલે હું...' છોકરીએ ફરી વાત અધૂરી મૂકી.

છોકરીને લઈને જીવતી સીધી પેલી સાધ્વીના આશ્રમે ગઈ તેને આ છોકરીની અને પોતાના મનમાં ઉદ્ભવેલ વિચાર બંને વાત કરી. સાધ્વીએ બંનેની સમસ્યા દૂર થાય તેવો ઉપાય બતાવ્યો. પેલી છોકરી થોડાં વિચાર બાદ સંકોચ સાથે પોતાના બાળકને જન્મ આપ્યા બાદ જીવતીને આપી દેવા તૈયાર થી. જીવતી તો હરખઘેલી બની પોતે કાનાને આ સમાચાર આપવા ઉતાવળે પગે દોડવા લાગી. કાનો ફળિયામાં જ ખાટલો ઢાળી બેઠો હતો. ગોરી વગર ઉતાવળે પગલે દોડી આવતી જીવતીને જોઈ પહેલા

તો તેને કાઈ અજુગતું બન્યું હોવાનું લાગ્યું પણ જેમ જીવતી નજીક આવતી ગઈ તેમ તેના ચહેરાના ભાવો કળતા કાનાને કૈક સારું થયું હોય તેવું દેખાયું અને તેનું અધીરું મન હજુ શાંત થાય એ પહેલાં તો જીવતી આવી અને કાનાને જલ્દીથી અંદર ખેંચી ગઈ. આમ તો ત્યાં એટલામાં કોઈ હાજર ન હતું પણ જીવતી માટે આ વાત બહુ જ ખાનગી હતી.

બે જણ વચ્ચે વાત થઈ એ માત્ર એ ચાક દિવાલ જ જાણતી હતી. જીવતી તો કપડાંની ગાંસડી બાંધી હાલી નીકળી. એની પાછળ કાનો પણ ઉતાવળા ડગ ભરતો હાલ્યે જતો હતો. પગ સીધા સાધ્વીના આશ્રમે જઈને ઉભા રહ્યાં. કાનાએ જીવતીએ જે છોકરીની વાત કરી હતી તેને જોઈ. વીસેક વર્ષની રૂપાળી સરખી નાજુક છોકરીની આંખો રડીને લાલ થઈ ગઈ હતી. વધીને આગળ કાનાએ કશું જોયું નહીં. જીવતી સિવાય બીજી કોઈ સ્ત્રીમાં તેને રસ નહોતો. નહીં તો કાના માટે તો અડધા ગામે બીજા લગન કરાવવા પોતાના પગરખાં ઘસ્યા હતા પણ કાનો ટસ નો મસ થયો ન હતો.

એ તો મનથી અને તનથી સાત જન્મ માટે જીવતીને જ વર્યો હતો. બાળક હોવું એ પછીની વાત છે પહેલા તો મારી પત્ની તરીકે જેને સ્વીકારી તેને ભવોભવ સાથે દેવો એ જ સાચો ધરમ ગણતો. જ્યારે એકવાર ખુદ જીવતીએ આવી કાનાને બીજા લગન માટે કહ્યું હતું ત્યારે એટલા વર્ષના લગ્નજીવનમાં ક્યારેય ઊંચા અવાજે જીવતીને ન બોલાવનાર કાનો જીવતી પર બરાડી ઉઠ્યો અને બે દી સુધી અનાજ મોમાં ન મૂક્યું ત્યારથી જીવતીએ આ લગનની વાત પછી કોયદી પોતાના મોંએથી બહાર કાઢી ન હતી. ખોટ કેનામાં છે એ તો દુવારીકાવાળો જાણે પણ આપણને ભેગા કર્યા છે તો કૈક એનું ગણતર હશે કહી વાતને પુરી કરી હતી.

કાનાનો જીવતી અને પેલી અજાણી છોકરીને સાધ્વીજીના કહ્યા મુજબ જીવતીને તેના પિયર લઈને તે એ જ સમયે ચાલી નીકળ્યો.

સમયના વાણા વીતી ગયા દસેક વર્ષ પછી જીવતી અને કાનો શિયાળાના કુમળા તડકે બેસી વાતો કરે છે. સામે એક નવેક વર્ષની દીકરી પીળું ફ્રોક પહેરી ખેતરમાં 'માસી આ જુઓ...આ જુઓ...' કરતી એક સ્ત્રી સાથે ફરી રહી હતી. લીલી વનરાજીમાં ખીલેલ એક કુમળું ફુલ ભૂતકાળમાં બનેલ ઘટનાથી સાવ અજાણ છે. એના માટે તો પ્રેમ અને વ્હાલની નદી વરસાવતા આ જીવતી અને કાનો જ સમગ્ર વિશ્વ બની ગયાં છે. જેની સાથે તે ફરી રહી છે અને માસી...માસી કહી રહેલ છે તે જ તેની જનેતા છે એ ક્યાં પોતે જાણે છે.

અને પેલું જોડલું જીવતી અને કાનો એ તો આ ભગવાન દ્વારા મળેલ ભેટને નીરખી નીરખીને ધરાતાં નથી. રોજે ઉઠીને પેલા દ્વારિકાધીશને હાથ જોડી નમન કરી ફૂલ જેવી દીકરી આપવાનો આભર માને છે.

**પ્રોત્સાહન ઈનામ**
**તતીક્ષા રાવલીયા**
શ્રી માંડવા પ્રાથમી શાળા

# વતન

ભાવનગર પંથકનું એક અલગજ તરી આવે એવું ગામ 'કાનપર'. જાણે શાંતિ અને સંતોષ ત્યાંની હવામાં વહે. ગામમાં રહેતા મોટાભાગના લોકોનો વ્યવસાય ખેતી. સૌ મહેનત કરે અને જે મળે તેમાં સુખેથી જીવે. 'સ્વાસ્થ્ય' અને 'તંદુરસ્તી' તેમના કસાયેલા શરીરમાં ચોખ્ખી દેખાતી. ગામ આખામાં ભુવનને સૌ ઓળખે. ભુવન પણ વ્યવસાયે ખેડુત ણ સરસ્વતી જાણે ચેની કંઠે વસેલી. આખો દિવસ સૌ પોતપોતાના ખેતરે મહેનત કરે અને સાંજ પડ્યે વાળુ પતાવી સૌ ગામનાં ચોરે ભેગા થાય. ભુવનના કંઠે રોજ નિત નવા ભજનો ગવાય. એનો કંઠ એવો મધુર કે જે પણ તેને સાંભળે તે ભક્તિના રંગે રંગાય. ભુવનનો ઈશ્વર માટેનો ભાવ જોઈને સૌ તેને પ્રેમથી 'ભગત' કહેતા. જાણે કે ભુવનનું નામ જ 'ભગત' પડી ગયું. ગામનો નાનામાં નાનો છોકરો પણ ભગતને ઓળખે. ભુવનને નહીં. ભગતના પત્ની પણ ખરા અર્થમાં સહધર્માચારિણી.

ભુવનને એક દીકરો. તેનું નામ ભુવને મોહન પાડેલું. મોહન પણ દરરોજ પિતા સાથે ભજનમંડળીમાં જોડાતો અને ધીમે ધીમે તેના કાને પડતા શબ્દો તેના મોઢે પણ આવવા લાગ્યા હતા.

મોહન જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેની શહેરમાં જઈને નોકરી કરવાની ઈચ્છા પ્રબળ થતી ગઈ. તે ભુવનનો એકનો એક જ દીકરો હતો તેથી ભુવનની એવી ઈચ્છા હતી કે મોહન તેની પાસે જ રહે અન સુખેથી પોતાની ખેતીની આવકમાંથી જીવન ગુજારે. પિતાની ઈચ્છાનું માન રાખીને મોહન થોડા ઘણા વર્ષો તો ખેડૂત તરીકેનું જીવન જીવ્યો પરંતુ ખેતીની આવક મોહનને બહુજ સિમીત લાગતી. એમાંય વળી કોઈ વર્ષ વરસાદ થયો, ન થયો, પાક ઉગ્યો ન ઉગ્યો, પાકનાં વેચાણની યોગ્ય આવક થઈ ન થઈ... કેટલા પ્રશ્નો હતા ? આના કરતા તો શહેરમાં જઈ એકાદ નોકરી શોધી લેવી એને વધારે સારી લાગ્યા કરતી. શહેરમાં કામ કરવાનો સમય પણ નિશ્ચિત હોય. સવારના ૧૧ થી ૫ કે પછી ૯ થી ૪ અને અહીં ખેરતમાંતો સમય અન મહેનતની કોઈ મર્યાદા જ નહીં. પરોઢથી કામ

શરૂ થાય તે રાત સુધી. જેટલી મહેનત કરો તેટલી ઓછી. શહેરમાં તો હોટલ, સિનેમા, બાગ-બગીચા અને બધી જ અત્યાધુનિક સુવિધાઓ તથા ઠાઠનું જીવન. આમ શહેરીજીવનની ભૌતિક સુખ સંપન્નતા અન બાહુય સૌંદર્ય હંમેશા મોહનને તેની તરફ ખેંચતું.

મોહનના લગ્ન થયા લક્ષ્મી સાથે. લક્ષ્મી પણ ખેડૂત પુત્રી. લક્ષ્મીનો જન્મ જ કુદરતના ખોળે થયેલો ને ઉછેર પણ. ૧૦ ધોરણ ભણેલી. લખતા વાંચતા આવડે. ને પછી ઘરના કામમાં તેની બાને મદદ કરતી થઈ ગઈ. મોહનની સાથે લગ્ન થયા, ભગત અને બા જેવા સાસુ-સસરા મળ્યા. લક્ષ્મી તો ખૂબ જ ખુશ હતી. ચારેય જણા સુખેથી જીવન જીવી શકતા હતા. પણ મોહનની શહેરમાં જવાની ઈચ્છા હવે જીદમાં ફેરવાતી જતી હતી. એક દિવસ તો મોહને ભગતને બેસાડીને કહી જ દીધું કે તે હવે ગામડામાં નહીં રહે. તે અને લક્ષ્મી શહેરમાં કોઈ એક મકાન ભાડે રાખી લેશે અને બંને મહેનત કરીને ખેતીની આવક કરતા વધુ કમાશે. ભુવનના મોં પર દુઃખની છાયા. પણ પુત્રની જીદ આગળ એ લાચાર હતો. ભુવન ઉંમર અને અનુભવથી એ સારી રીતે જાણતો હતો કે શહેરની બાહ્ય સુંદરતા અને ઔપચારીક આનંદનું આકર્ષણ ઘણા બધાનું જીવન ભરખી ગયું હતું, પણ આ સમજ હજુ મોહન સ્વીકારવા તૈયાર ન હતો. ભુવને અનિચ્છાએ પણ મોહનને શહેરમાં જવાની મંજૂરી આપી.

મોહન અને લક્ષ્મીએ શહેરમાં જઈ એક મકાન ભાડે રાખ્યું. ગામડેથી જરૂર પુરતી વસ્તુઓ લઈ જઈને તેમણે શહેરમાં જીવન જીવવાનું શરૂ કર્યું. ઘણી મહેનત પછી મોહનને એક કંપનીમાં કામ મળ્યું. કંપનીમાં કામ ઘણું કરાવતા પણ તેના પ્રમાણમાં પગાર ખૂબ જ ઓછો મળતો. આટલા ઓછા પગારમાં શહેરમાં જીવન નિર્વાહ કરવો અઘરો હતો. ધીમે ધીમે મોહને રાત્રે ચોકીદારનું કામ કરવાનું શરૂ કર્યું. દિવસ આખો કંપનીમાં મજૂરી કરતો અને ઘરે આવી થોડો આરામ કરી વળી પાછો રાતની નોકરીએ જતો. લક્ષ્મી તેને ખુબ સમજાવતી કે ગામડે ઘરનું ઘર છે, ખેતીવાડી છે. શા માટે શહેરના મોહમાં જીવતર બગાડવું ? પણ મોહન એને સમજાવતો કે હજુ તો આપણા જીવનની શરૂઆત છે. શરૂઆતમાં તો સૌએ મહેનત કરવી જ પડે. મહેનતના ફળ મીઠા હોય. ધીમે ધીમે આપણે એક મકાન પણ લઈ લઈશું. અને સુખેથી જીવીશું. લક્ષ્મી કમને પણ મોહનની 'હા' માં 'હા' ભેળવતી.

ધીમે ધીમે લક્ષ્મીએ પણ ઘરે સિલાઈનું કામ શરૂ કર્યું. મોહને બેંકમાંથી લોન લઈને પોતાના માટે એક સાઈકલ તથા લક્ષ્મી માટે સિલાઈ મશીન ખરીદ્યુ. પોતે કમાતો એમાંથી ઘરખર્ચ તથા ઘરનું ભાડુ ભરતો. બંને જણ ખૂબ જ મહેનત કરતા પણ કહેવાય છે ને કે શહેરની કમાણી શહેરમાં સમાણી. તે પ્રમાણે બહુ બચત કરી શક્યા નહીં.

ઘમા દિવસથી મોહન ઘરની શોધમાં હતો. પોતે જે કમાતો એમાંથી અડધી કમાણી તો ઘરભાડામાં જતી રહેતી. તેથી ઘર ખરીદવું એ હવે જરૂરીયાત બનતી જતી હતી. આખરે મોહનને જેવું ગમતું હતું એવું એક નાનું એવું ઘર બંનેને મળી ગયું. શહેરમાં ઘર લેવું એ કોઈ નાની વાત નથી. મોહને તેના પિતા ભુવનને વાત કરી. ભુવન પાસે પુરા ગણીને ત્રણ લાખ આજ સુધીની બચાવેલી મૂડી હતી. તેમાંથી બે લાખ તેણે મોહનને આપવાની તૈયારી બતાવી. ઓછામાં ઓછા પાંચ લાખ જો મોહન ભરે તોજ મકાન એના નામે થાય. અને બાકીના પાંચ લાખ તેણે પાછળથી ભરવાના રહે. તેથી મોહને

પોતાના કંપનીના મેનેજરને વાત કરી. મેનેજરે તેને પૈસા આપવાની તૈયારી બતાવી પણ... વ્યાજ સાથે. મોહન પાસે આ સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. તેથી મોહને મેનેજર પાસેથી પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા અને આખરે મકાન ખરીદી લીધું.

નવા મકાનમાં ભગત અને બાના આશીર્વાદ સાથે બંનેએ ગૃહપ્રવેશ કર્યો. મોહન અને લક્ષ્મીના હરખનો પાર ન હતો. મોહન જાણે એક પછી એક પોતાના સપના સાકાર કરી રહ્યો હતો. તેનો ગર્વ તેના મોં પર દેખાતો. અને લક્ષ્મી મોહનની ખુશીમાં ખુશ હતી. નવા ઘરમાં રહેવા આવ્યા પછી લક્ષ્મીને સારા દિવસો રહ્યા. જેવી મોહનને આ વાતની ખબર પડી તે તો કુદકો મારવા લાગ્યો. મોહનનું સપનું હતું કે તેના બાળક શહેરમાં મોટા થાય. ભણે-ગણે અને શહેરમાં જ વસે જે ધુળમાં અને ઉનાળાના બળબળતા વાયરામાં તેનું બાળપણ વીત્યું હતું એવું બાળપણ તે પોતાના છોકરાઓને આપવા માંગતો ન હતો. પોતે તો અડધી જીંદગી ગામડાની ધૂળમાં કાઢી નાખી પણ પોતાના બાળકોની જીંદગીએ ધૂળ નહીં કરે એવું તેનું પણ માનવું હતું.

એક બાજુ ઘરનો હપ્તો, સાઈકલ તથા સિલાઈ મશીનનો બેંકનો હપ્તો અને લક્ષ્મીની દવાનો ખર્ચ અને ઘરખર્ચ તો અલગ. મોહનની આવક સામે તેની જાવક વધુ હતી. લક્ષ્મી પણ હવે સિલાઈ મશીન પર બહુ બેસી શકતી નહીં તેથી તે આવક પણ ઘટી ગઈ હતી. પણ મોહન હિંમત હારે એમ ન હતો.

શહેરમાં ધીમે ધીમે એવી વાતો સાંભળવા મળતી હતી કે કોઈ નવો રોગ, કોઈ નવો વાઈરસ ચારેબાજુ ફેલાઈ રહ્યો છે. અને વળી આ વાઈરસ એકબીજાને સ્પર્શ કરવાથી ફેલાય છે. મોહન કંપનીમાં કામ કરવા જતો ત્યાં ઘણીવાર આવુ બધુ સાંભળતો. પણ બહુ ધ્યાન આપતો નહીં. આખો દિવસ કામ કરીને એવો તો થાકતો કે પડ્યા ભેગો સૂઈ જતો. ધીમે ધીમે શહેરની શાળા-કૉલેજો બંધ કરી દેવામાં આવી. સિનેમા હોલ, માર્કેટ, બાગ-બગીચા પણ ધીમે ધીમે બંધ કરી દેવાયા. દરેક જગ્યાએ લોકોની ઓછામાં ઓછી ભીડ રહે તેવી તકેદારી લેવાતી. વાઈરસનો ફેલાવો દિવસે ને દિવસે વધી રહ્યો હતો. સરકાર દ્વારા અચાનક જ બે દિવસ માટે સમગ્ર શહેરમાં લોકડાઉન જાહેર કરાયું. શહેરમાં જાણે કરફ્યુની સ્થિતિ લાગી ગઈ. બે દિવસ તથા રાત મોહન તથા લક્ષ્મી ઘરમાં જ રહ્યા. ત્રીજે દિવસે વળી પાછો મોહન કંપનીમાં કામે ગયો. કંપનીના મેનેજરે બધાજ મજૂરોને ભેગા કરીને ફેલાતા વાઈરસની ગંભીરતા વિશે બધાને સમજાવ્યા. અને કદાચ જરૂર પડશે તો ફેક્ટરી બંધ પણ કરવી પડશે તેની નાત કરી. આ વાત સાંભળીને જ મોહનના ચહેરા પરનું નૂર જાણે ઉડી ગયું. તે સારી રીતે જાણતો હતો કે જો તેની નોકરી જશે તો એ મકાન તથા સાયકલના હપ્તા કેવી રીતે ભરશે ? બે-ચાર પાંચ દિવસ સુધી મોહન ફેક્ટરીમાં જતો, પોતાને બધાથી દૂર જ રાખતો કારણ તેને લક્ષ્મીનો ડર રહેતો. ક્યાંક વાઈરસ લક્ષ્મી અને તેના આવનાર બાળકને નુકશાન ન પહોંચાડે. વાઈરસનો ફેલાવો એટલો બધો હતો કે સરકારે અનિશ્ચિત સમય માટે કામથી છુટા કરી દીધા. આ સાંભળીને મોહનના ધબકારા વધી ગયા. તેણે મેનેજરને તથા માલિકને ઘણી આજીજી કરી પરંતુ જ્યારે ફેક્ટરી જ બંધ થાય તો તેને કામે રાખવાનો કોઈ સવાલ જ નહોતો. હવે મોહનની એક આવક સંપૂર્ણ બંધ થઈ ચૂકી હતી. છતાં

પણ મોહને હિંમત ન હારી. હવે આવકનું એક બાજુનું સાધન તેની રાત્રીની નોકરી જ હતી. મોહનને એમ હતું કે ભલે ફેક્ટરી બંધ થઈ પણ જે સોસાયટીમાં તે ચોકીદારી કરવા જતો હતો તે થોડો બંધ થવાનો હતો ? થોડા દિવસે આમને આમ ચાલ્યું. પરંતુ રોગચાળો જે હદે ફેલાઈ રહ્યો હતો તે પ્રમાણે હવે માણસ જાણે માણસથી જ ડરતો હતો. ધીમે ધીમે સોસાયટીઓના ફેરીયા, શાકભાજીવાળા વિગેરે સૌને આવવાની મનાઈ ફરમાવવામાં આવી. મોહન જે સોસાયટીમાં ચોકીદારનું કામ કરતો હતો ત્યાંના સભ્યો પણ બધા જ ચોકીદારોને એકથી બે મહિના માટે સોસાયટીમાં ન આવવા માટેનો હુકમ ફરમાવ્યો. મોહન પર તો જાણે આભ તૂટી પડ્યું. થોડીવાર માટે મોહનના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ. સવાલ એ ન હતો કે તે રહેશે ક્યાં ? ગામડે તેનું ઘર હતું પણ સવાલ એ હતો કે જે લોન તેણે બેંક પાસેથી કે મેનેજર પાસેથી લીધેલી હતી તેની રકમ એ કઈ રીતે ચૂકવશે ?

આખરે લક્ષ્મી અને મોહન પાસે કોઈ રસ્તો ન રહ્યો. તેમની મર્યાદિત આવકમાંથી જે પણ થોડીઘણ બચત હતી તેમાંથી ઘર ચાલતું હતું. ભુવન ફોન કરીને મોહનને ગામડે આવી જવા કહેતો પણ મોહનને એમ હતું કે થોડા સમયમાં બધું સરખું થઈ જશે. અને વળી પાછી એ કામે લાગી જશે. ખોટી ઉતાવળ કરીને આ હાલતમાં લક્ષ્મીને ગામડે લઈ જવી એ મોહનને યોગ્ય લાગતું ન હતું. પણ ધીમે ધીમે શહેરમાં હાલત સુધરવાને બદલે બગડતી જતી હતી. લોકડાઉન ક્યારે ઉઠાવાય અને ક્યારે વ્યવસાય ધંધા શરૂ થાય કંઈજ નક્કી ન હતું. દિવસે ને દિવસે મહામારીને લીધે મૃત્યુઆંક વધી રહ્યો હતો. પરપ્રાંતમાંથી આવેલા સૌ મજૂરો પોતપોતાના ઘર તરફ પાછા વળી રહ્યા હતા. મોહન પાસે પણ હવે પોતાના ગામ પાછા વળવા સિવાય કોઈ જ ઉકેલ રહ્યો ન હતો. લક્ષ્મીને સાતમો મહિનો જઈ રહ્યો હતો. મોહને પોતાના ગામ તરફ જતી બસની તપાસ કરી. ત્યારે તેને ખ્યાલ આવ્યો કે શહેરની બહાર જતી બધી જ બસ, રેલસેવાઓ બંધ કરી દેવાઈ હતી. મોહને સરકારી તથા પ્રાઈવેટ બસની તપાસ કરી જોઈ પરંતુ એકપણ વાહન શહેરની બહાર આવ-જા કરી શકે તેવી મંજુરી નહોતી.

છેલ્લા બે મહિનાથી મોહને ઘરનો હપ્તો ભર્યો ન હતો. તેની પાસે આવકનું કોઈજ સાધન ન હતું. ઘરે પાછા વળવા માંગતા મોહન પાસે ઘરે જવા માટેનો કોઈપણ રસ્તો ન હતો. ઉપરથી લક્ષ્મીની સુવાવડનો સમય નજીક આવી રહ્યો હતો. મોહન પાસે એટલા પૈસા પણ બચ્યા ન હતા કે લક્ષ્મીની પ્રસુતિ શહેરમાં કરાવી શકે. ચારેબાજુથી આવીને શહેરમાં વસેલા સૌ પરપ્રાંતિઓ, મજૂરો પગપાળા પોતાના વતન ભણી જવાનું શરૂ કરી દીધુ હતું. મોહન લક્ષ્મીને આ હાલતમાં લઈને પોતાના ગામ સુધી કઈ રીતે જશે એ વિચારથી જ તેનો જીવ ઉંચો થઈ જતો. પણ આ સિવાય મોહન પાસે કોઈ રસ્તો જ ન હતો. એટલે છેવટે મોહન અને લક્ષ્મીએ રસ્તામાં કોઈતો સહાય મળી રહેશે એ આશાએ વતનની વાટ પકડી.

મોહન અને લક્ષ્મી જેવા હજારો લોકો માથે માલસામાન લઈ વતન તરફ ચાલી રહ્યા હતા. કેટલાય નાના બાળકો જે હજુ તો સાવ કુમળા ફૂલ જેવા હતા તેઓ પણ પગપાળા પોતાના માતા-પિતા સાથે હાથમાં કંઈને કંઈ ઉંચકી જીવનની આશ ભણી દોડી રહ્યા હતા. લક્ષ્મી અને ભુવને ઓછામાં ઓછો અને જરૂરી સામાન એક પોટલામાં વીંટી માથે મૂકી અંતર કાપવાનું હતું. એકબાજુ ધોમધખતો

તાપ, ખાવા-પિવાનું કોઈ ઠામ-ઠેકાણું નહીં અને અનંતની વાટ. લક્ષ્મી માંડ થોડુ ચાલી શકતી ને પરસેવે રેબઝેબ થાય તો થોડીવાર બેસી જતી. મોહન તેના પગ દબાવી આપતો. આમને આમ એકમેકના સથવારાથી બંને જેટલું કપાય તેટલું અંતર કાપતા.

શહેરથી પોતાના માદરે વતન સુધી ત્રણસો કિ.મી.નું આ અંતર મોહનના શહેરના મોહથી ગામડાની સાદગીનું અંતર હતું. શહેરના બનાવટી સંબંધો તરફથી જાણે અંતરના સ્નેહ તરફની યાત્રા. આજે ભુવનનો નિઃસહાય અને પુત્રવાત્સલ્યમાં દુઃખી ચહેરો મોહનની આંખ સામે તરવરતો હતો. ભુવને કેટકેટલું સમજાવેલું કે શહેર એ શહેર અને ગામ એ ગામ. શહેર જાકારો આપે, ગમે ત્યારે તરછોડે. જ્યારે આપણે તો ખેડૂતો, જમીન એજ આપણી માં  એજ આપણી જન્મભૂમિ ને કર્મ ભૂમિ. એને છોડીને શાને જવું ? આ અંતરે મોહનને સમજાવી દીધું કે ભુવન કેટલો સાચો અને પોતે કેટલો ખોટો હતો. પસ્તાવા રૂપી આંસુઓને તે લક્ષ્મીથી છુપાવી લેતો. ખૂબ ચાલવાને કારણે લક્ષ્મીના પગમાં ફોડલા પડવા લાગ્યા હતા. જેની અસહ્ય પીડાથી લક્ષ્મીની આંખોમાંથી આંસુ નીકળી જતા. લક્ષ્મીની આવી અસહ્ય પીડા જોઈને મોહને લક્ષ્મીને પોતાના ખભા પર બેસાડી આગળ ચાલવાનું નક્કી કર્યું. લક્ષ્મી હિબકે ને હિબકે રડી પડી પણ એ સિવાય કોઈ છૂટકો નહોતો. ખેડૂતના દીકરા મોહનનું શરીર કસાયેલું હતું પણ હવે તે મનથી ભાંગી પડ્યો હતો.

રસ્તે છુટાછવાયા પસાર થતા વાહનો પણ તેની મદદ કરવા તૈયાર નહોતા અથવા મજૂરોથી પૂરા ભરાયેલા પસાર થઈ જતા. છેવટે મોહનને એક ગાડીવાળો મળી આવ્યો જાણે તેમને ગામના પાદર સુધી ઉતારી દીધા. આભારવશ મોહન ડ્રાઈવરના પગમાં પડી ગયો અને તેના આંસુથી જાણે ડ્રાઈવરના પગ ધોવાયા.

લક્ષ્મીને ફરી પાછી ખભે બેસાડી મોહન ગામના પાદરેથી પોતાના ઘર તરફ આગળ વધ્યો. તેના પગમાંથી લોહી નીકળતું હતું. પગમાં કેટકેટલાય પાટા બાંધેલા હતા. આંખમાંથી શરીરની પીડા અને પશ્ચાતાપરૂપી અશ્રુમોતી વહી રહ્યા હતા. લક્ષ્મીને હિંમત આપતો મોહન જ્યારે આખરે પોતાના ઘરના કમાડે પહોંચ્યો કે તરત જ ઢળી પડ્યો. આંખો બંધ થતા તેના મોંમાંથી શબ્દો સરી પડ્યા... ''ઘર આવી ગયું !'' થોડી સ્વસ્થતા સાથે વતનની ધૂળ માથે ચડાવી માફી માગતો મોહનનો ચહેરો થાકીને ચુર થયેલો પણ સંતોષ અનેં પશ્ચાતાપની પૂર્ણતાથી જાણે દીપતો હતો.

**પ્રોત્સાહન ઈનામ**
**ધ્યુતિ દહિયા**
સી.એન. વિદ્યાલય

## ચમત્કાર !

'મુંબઈથી રતનશેઠ ગામડે આવ્યા છે.' ગામ આખામાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. સૌ જાતજાતની અટકળો કરવા લાગ્યા. કોઈ કહેતું કે ધંધામાં ખોટ ગઈ છે તો કોઈ કહેતું કે શહેરના ધમાલિયા જીવનથી કંટાળી ગયા છે. કોઈ કહેતું કે કુટુંબમાં કંઈક ડખો થયો છે તો કોઈ જાણકારી આપતું કે પોતાની બગડતી જતી તંદુરસ્તી સુધારવા માટે થોડા સમય માટે જ તેઓ આવ્યા છે.

સવારથી જ શેઠને જોવા અને મળવાવાળાની લાઈન લાગી હતી. વડીલો કહેતા કે શેઠ લગભગ પંદર વર્ષે ગામડે આવ્યા છે.

વાત પણ સાચી હતી. શેઠ મુંબઈ પોતાના વ્યવસાયમાં એવા તો ગુંચવાઈ ગયા હતા કે ગામડે આવવાનો વિચાર પણ તેમને આવતો નહીં. એક મકાન સિવાય ગામડાની બધી મિલકત એણે વેચી નાખી હતી. ગામમાં પોતાનો વિશ્વાસુ અને બાળપણનો મિત્ર અરવિંદ અવારનવાર ફોન કરીને ગામના ખબર આપતો. બસ, આટલો જ સંબંધ રહ્યો હતો શેઠને પોતાના ગામ સાથે.

વ્યવસાયમાં અતિશય વ્યસ્તતાને કારણે શેઠ પોતાના શરીરની પૂરતી કાળજી રાખી શક્યા નહીં અને એનું શરીર રોગોનું ઘર બની ગયું. શ્રીમંતાઈ આવતા જીવન પણ બેઠાડું થતું ગયું. પરિણામે શરીરની ચરબી વધતી ચાલી. એકસમયે સાવ સુકલકડી દેખાતા શેઠનું વજન હવે એકસો કિલો કરતાં પણ વધી ગયું. ડાયાબિટીસ, બ્લડપ્રેશર, અનિંદ્રા જેવા રોગને લીધે તેમને હવે પોતાના વ્યવસાયમાં ધ્યાન આપવામાં પણ મુશ્કેલી પડવા લાગી. મુંબઈમાં સારામાં સારા ડૉક્ટરોની દવા લીધી પણ પરિણામ શૂન્ય ! શેઠ બરાબરના મુંઝાયા. એ અરસામાં જ ગામડેથી એના લંગોટિયા મિત્ર અરવિંદનો ફોન આવ્યો. અરવિંદે જ શેઠને થોડો સમય ગામડે આવતા રહેવાની સોનેરી સલાહ આપી.

શેઠને મળવાવાળા અને ખાસ તો શેઠની પચાસ લાખની મોટરકાર જોવા આવવાવાળાની ભીડ ઓછી થઈ પછી છેક ઝાલરટાણે, અરવિંદ શેઠના ઘેર આવ્યો. થોડી બીજી વાતો કર્યા પછી શેઠ મૂળ

વાત પર આવ્યા.

'બોલ અરવિંદ, શું કહેતો હતો તું એ ચમત્કારીબાબા વિશે ?'

'હા શેઠ', અરવિંદ રતનશેઠને શેઠ કહીને જ બોલાવતો. 'અહીંથી ત્રણેક કિલોમીટર દૂર જંગલમાં એક નાના એવા મંદિરમાં બાબા અવારનવાર પધારે છે. એ બહુ ચમત્કારી છે.'

'બરાબર, તે મને ફોનમાં એ બાબાની વાત કરી અને મને આવવાનો વારેવારે આગ્રહ કર્યો એટલે જ હું અહીં આવ્યો છું. ફોનમાં તું એ બાબાના ચમત્કાર વિશે કંઈક કહેતો હતો ને ?' શેઠે પૂછ્યું.

'એ બાબા ગમે એવા રોગને જડમૂડમાંથી મટાડી દે છે.' અરવિંદે માહિતી આપી.

'અરે વાહ' શેઠને વાતમાં રસ પડ્યો. 'એ માટે જ તો હું આવ્યો છું. તું તો જાણે જ છે ને કે ભાઈ મારી તકલીફો. આખો દિવસ શરીરમાં સુસ્તી રહે છે. કામમાં ક્યાંય રસ નથી પડતો. અરે, સવારે ઉઠું ત્યાં જ થાકી ગયો હોઉં છું. ડાયાબિટીસ કેડો મૂકતું નથી. વજન વધતું જાય છે. બ્લડપ્રેશરની તકલીફ પણ રહે છે. કેટલાયે ડૉક્ટરોને બતાવ્યું પણ...'

'બધું મટી જશે શેઠ.' અરવિંદે આશ્વાસન આપ્યું.

'કાલે જ આપણે બાબા પાસે જઈ આવીએ.' રતનશેઠ બોલ્યા.

'માફ કરજો શેઠ, પણ હું તમારી સાથે નહીં આવી શકું. બાબાનો એવો નિયમ છે કે જેને તકલીફ હોય એણે, જો એ ચાલી શકે એમ હોય તો એકલા જ આવવું.'

'કાંઈ વાંધો નહીં. હું એકલો જઈ આવીશ. તું મને રસ્તો બતાવ.'

બીજા દિવસે વહેલી સવારે શેઠ ઉપડ્યા પેલા મંદિર તરફ. અરવિંદની વાત સાચી હતી. રસ્તો બહુ જ દુર્ગમ હતો. કાર તો શું, મોટરસાઈકલ પણ ચાલી શકે એમ નહોતી. મંદિર આવતા સુધીમાં તો શેઠ પરસેવે રેબઝેબ થઈ ગયા.

ગાઢ ઝાડી વચ્ચે મંદિર હતું. આંગણામાં જે ક સેવક જેવો લાગતો માણસ સફાઈ કરી રહ્યો હતો. શેઠે મંદિરમાં દર્શન કર્યા અને પેલા માણસને પૂછ્યું, 'બાબાના દર્શન કરવા છે. ક્યાં મળશે ?'

'ભગવાનના દર્શન તો કર્યા. હવે બાબાના દર્શન કરીને શું કરશો ?' પેલો માણસ હસ્યો.

'એમ નહીં, મારે મારી તબિયત બતાવવી છે. સાંભળ્યું છે કે બાબા બહુ ચમત્કારી છે. હું છેક મુંબઈથી આવ્યો છું.' શેઠ બોલી ગયા.

પેલા માણસે શેઠ સામે ધારીને જોયું. પછી એણે કહ્યું, 'જુઓ ભાઈ, બાબા આજ તો નહીં મળે.'

'તો ક્યારે મળશે ? મારી તકલીફ તો દૂર થઈ જશે ને ?' શેઠે અધીરાઈથી પૂછ્યું.

'ભગવાન બધી તકલીફ દૂર કરશે અને બાબા પણ મળશે, પણ એ માટે તમારે ધીરજ રાખવી પડશે.'

'ક્યારે મળશે ?'

'ક્યારે મળશે એ તો ન કહી શકાય. કેમ કે બાબા ગમે ત્યારે આવે છે અને ગમે ત્યારે પાછા જતા રહે છે. તમારે એને મળવું જ હોય તો રોજ વહેલી સવારે છ વાગ્યા પહેલા અહીં આવી જવું. તમારા નસીબ હશે તો કાલ મળી જશે અને એમ પણ બને કે બે મહિના સુધી આવો તો પણ ન મળે.'

'ઓહ !' શેઠથી બોલી જવાયું.

'અને હા ભાઈ...' પેલો માણસ આગળ બોલ્યો, 'તમને ખબર જ હશે કે મંદિરમાં કોઈ વાહનને પ્રવેશ નથી. જો કે મંદિર સુધી કોઈ વાહન આવી શકે એવો રસ્તો જ નથી.' કાંઈ વાંધો નહીં, બાબાને મળવા હું રોજ અહીં આવવા તૈયાર છું. 'હવે હું મારી તકલીફોથી કંટાળ્યો છું' કહીને શેઠ ઘર તરફ પાછા ફર્યા.

અને રોજનો ક્રમ શરૂ થયો. શેઠ રોજ સવારે વહેલા ઉઠી મંદિર તરફ પ્રયાણ કરે. દિવસ ઉગે એ પહેલા તો મંદિરમાં અચૂક પહોંચી જાય. દર્શન કરે. બાબા વિશે પૂછતાછ કરે. શરૂઆતમાં તો તેઓ ખૂબ થાકી જતા. પણ એકાદ મહિના પછી તો આટલું ચાલવાની એને ટેવ પડી ગઈ.

એક દિવસ શેઠે રોજની ટેવ મુજબ પેલા માણસને પૂછ્યું, 'ભાઈ, બાબા આવ્યા કે નહીં ?'

પેલો માણસ હસ્યો અને બોલ્યો, 'આવ્યા હતા પણ જતા રહ્યા.'

'શું ? શું બોલ્યા ? જતા રહ્યા ? મને બાબાનો મળવાનો અવસર પણ ન મળ્યો ? તમે બાબાને મારી વાત કરી હતી કે નહીં ?'

'હા, કરી હતી ને !' પેલા માણસે શાંતિથી જવાબ આપ્યો.

'શું કહ્યું બાબાએ ?' શેઠના અવાજમાં ઉત્તેજના આવી ગઈ હતી.

'મારી સાથે આવો.' પેલો માણસ શેઠને મંદિરમાં લઈ ગયો, દર્શન કરાવ્યા અને કહ્યું, 'ભાઈ, બાબા તમને ભલે ન મળ્યા પણ એ રોજ ભગવાનને તમારા માટે પ્રાર્થના કરતા હતા. બાબાએ કહ્યું છે કે હવે તમને કોઈ તકલીફ નથી. તમે ઘેર જઈને ડૉક્ટર પાસે તપાસ કરાવી શકો છો.'

શેઠ તો ખુશ થતા થતા ઘેર આવ્યા. ગામડાના ડૉક્ટર પાસે તપાસ કરાવી. બ્લડપ્રેશર સામાન્ય આવ્યું. વજનમાં દસ કિલો જેટલો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. ડાયાબિટીસ નિયંત્રણમાં હતું. સ્ફૂર્તિ તો છેલ્લા ઘણા સમયથી અનુભવાઈ રહી હતી અને થાકનું નામોનિશાન નહોતું. એ વાત તો શેઠના ધ્યાનમાં અત્યારે આવી. 'વાહ બાબા વાહ, તમે તો કમાલ કરી.' શેઠે મંદિરની દિશામાં હાથ જોડ્યા.

પોતાના બાળસખા રતનને રોજ સવારે પાંચસાત કિલોમીટર ખુલ્લી હવામાં ચાલતા કરી એને 'રોગમુક્ત' કરનાર અરવિંદ અને તેની આ યોજનામાં સાથ આપનાર મંદિરના સેવક ત્યારે મંદિરમાં ભગવાન સામે બેસીને મંદમંદ હસી રહ્યા હતા.

**પ્રોત્સાહન ઈનામ**

**ડૉ. પ્રકાશ દવે**
પ્રાથમિક શાળા, અમરેલી

# પ્રેમની જ્યોતિ

આનંદિતા નાનપણથી જ નામ જેવી જ આનંદમાં રહેનારી, દેખાવે પણ એટલી જ સુંદ અને તેમાં પણ તેની આંખો ખૂબ જ આકર્ષક હતી. આનંદિતા બધાની જ લાડકી હતી. લાડકી હોવાને કારણે પોતાની જ મસ્તીમાં જીવન જીવતી. કદી કોઈની રોકટોક હતી નહીં. કદી કોઈથી ડરતી પણ નહીં. પરંતુ જન્મથી એ ફક્ત અંધારાથી ડરતી. જરા પણ પાવર જાય તો મમ્મીનો હાથ પકડી રડવા લાગતી. ઘરના સર્વ સભ્યો તેને સમજાવતા કે અંધારું થાય તો ડરવાનું નહીં અમે બધા સાથે જ છીએ. મમ્મી-પપ્પા, ભાઈ બધા જ, અંધારાનો ડર દૂર કરવાના બનતા પ્રયત્નો કરતા પરંતુ બધા જ નિષ્ફળ રહ્યા. જેથી માતા-પિતાને દીકરીના સ્વાસ્થયની ચિંતા થવા લાગી. આગળ જતા તેને કોઈ માનસિક બિમારી તો ન લાગી જાય ને એ વિચારી ડૉક્ટરને પણ બતાવ્યું. ડૉક્ટરો પણ આનંદિતાનો આ ડર દૂર કરી શકયા નહીં.

સમય સમયનું કામ કરતો ગયો. આનંદિતા પંદર વર્ષની હશે ને તેના પર પારાવાર વ્હાલ વરસાવતી મમ્મીનું અચાનક હાર્ટએટેકના હુમલાથી મૃત્યુ થયું. હવે આનંદિતાનો સ્વભાવ બદલાવા લાગ્યો. પપ્પા, ભાઈ, કાકા-કાકી બધા જ પ્રેમ કરતા હતા છતાં માતા વગર પોતાને નિઃસહાય સમજવા લાગી. અંધારું થાય એટલે એક મનમાં ડર સરવડવા લાગતો. ધીમે ધીમે પહેલા કરતા પણ વધુ ડરવા લાગી હતી. અંધારું થાય તો પપ્પા-ભાઈ બંને તેની પાસે હાથ પકડી બેસી રહેતા. આમ ને આમ આનંદિતા મોટી થતી ગઈ. ભાઈ મોટો હતો તેના લગ્ન થયા ભાભી આવી. ભાભી પણ નણંદના આ ડરથી વાકેફ હતી માટે પોતાની રીતે એને સંભાળતી અને સમજાવતી પરંતુ ભાભી પણ નિષ્ફળ જ રહ્યા.

આનંદિતાનો કૉલેજ અભ્યાસ પૂર્ણ થયો. થોડા સમય બાદ પિતા, ભાઈ દ્વારા પોતાની જ્ઞાતિનો છોકરો જોઈ લગ્ન માટે એક બીજા સાથે વાતચીતનો દોર શરૂ કર્યો. છોકરો આનંદિતાના રૂપ અને તેમાં

પણ તેની ભૂરી આંખોનો પહેલી નજરે જ દિવાનો થઈ ગયો. છોકરા સાથે આનંદિતાની મુલાકાત કરાવાય રૂમમાં બ્ને વાતચીત માટે મોકલાવાયા. થોડી વાતચીત થઈ કે ત્યાં પાવર ગયો. સાંજ પડી ગઈ હતી. અને બારી બંધ હોવાથી રૂમમાં અંધારું છવાઈ ગયું માટે આનંદિતા મોટેથી બૂમ પાડી ઉઠી અને રડવા લાગી. ભાભી દોડીને રૂમમાં પહોંચી ગઈ. આનંદિતા ભાભીને ભેટી રડતી રહી. આ બધું જોઈ છોકરો ચોંકી ગયો અને આનંદિતાના આવા વલણથી નારાજ થઈ ગયો તેના માતા-પિતા સાથે કોઈ જવાબ વગર જતો રહ્યો.

થોડા સમય બાદ એ પરિવારમાંથી ના આવી ગઈ અને ધીમે ધીમે જ્ઞાતિમાં આનંદિતાના અંધકાર માટેના ડરની વાત ફેલાઈ ગઈ જેથી ઘણી જગ્યાએથી લગ્ન માટે ના આવતી. આમને આમ વર્ષ પસાર થઈ ગયું. પાડોશમાં રહેતા નવેદિતાબહેનનો ભત્રીજો અમદાવાદથી પોતાની એમબીબીએસની ઈન્ટર્નશીપ માટે છ માસ માટે રહેવા આવ્યો. નામ શોભિત હતું. નામ જેવા જ ગુણ પણ હતા.

શોભિત પ્રથમ વાર આનંદિતાનો જોઈ તેવી જ પહેલી નજરનો પ્રેમ કરી બેઠો તેમાં પણ તેની ભૂરી આંખોમાં ખોવાઈ જવા તત્પર બની ગયો. પરંતુ નામ મુજબ ગુણ હોવાથી કોઈને કંઈ કહ્યું નહીં. પાડોશમાં રહેતા હોવાથી અવનાવર એકબીજાના ઘરે જવા આવવાથી શોભિત અને આનંદિતા વચ્ચે પણ દોસ્તી થઈ ગઈ. સમય પસાર થવા લાગ્યો. એક દિવસ નવેદિતાબેને શોભિતને આનંદિતાના અંધારા અંગેના ડરની વાત કરી ; એ કારણે લગ્ન નથી થતા જણાવ્યું. પહેલા તો શોભિત ડૉક્ટર હોવાથી આ બાળ સહજ ડર ઉપર હસ્યો ત્યારબાદ ફોઈને આનંદિતા ગમી ગઈ છે અને લગ્ન કરવા માંગે છે જણાવ્યું. પહેલા તો નવેદિતાબેન તૈયાર ન થયા પછી ભત્રીજાનીજીદ સામે હારી બંને પરિવારો સમક્ષ લગ્નની વાત મૂકી. શોભિત બધી જ રીતે સુસંસ્કારી હતો માટે આનંદિતાના પરિવારને કોઈ તકલીફ હતી નહીં. બંને પરિવારની મંજૂરીથી આનંદિતા-શોભિતના લગ્ન થઈ ગયા.

લગ્ન બાદ શોભિત આનંદિતાની ખૂબ કાળજી રાખતો. શોભિતના માતા-પિતા પણ આનંદિતાને દીકરીની જેમ જ રાખતા હતા. જરા પણ અંધારામાં આનંદિતા એકલી ન પડે તેની બધા જ કાળજી રાખતા. રાત્રે જો પાવર જાઈ તો ઓટો ઈનવટર ચાલુ થઈ જતું. જો કોઈ કારણસર ઈનવટરમાં તકલીફ પડે ત્યારે આનંદિતાને ખૂબ પ્રેમથી પોતાની પાસે વળગારી રાખતો. બંનેનું જીવન ખૂબજ પ્રેમથી પસાર થઈ રહ્યું હતું.

આનંદિતા-શોભિતના પ્રેમની નિશાની રૂપ તેમના ઘરે દીકરીનો જન્મ થયો. આખો પરિવાર ખૂબજ આનંદિત હતો. દીકરી બિલકુલ આનંદિતા જેવી જ લાગતી હતી. આંખો પણ એવી જ ભૂરી. થોડો સમય પસાર થયા બાદ શોભિતને દીકરીની આંખો અંગે શંકા ગઈ અને પોતાની હોસ્પિટલમાં તપાસ કરાવી તો આંખોની રેટિના ઉપર સોજો હતો માટે જોઈ શકતી ન હતી. આ વાત સાંભળતાં જ આખા પરિવાર ઉપર દુઃખની વીજળી તૂટી પડી. પરિવાર દુઃખી થઈ ગયો તેમાં આનંદિતાના આંસુ રોકાતા જ ન હતા. શોભિત પણ તૂટી ગયો હતો પરંતુ બધાને હિંમત આપી રહ્યો હતો.

દીકરી પાંચ વર્ષની થઈ. દીકરીનું અંધપણું આનંદિતાને ગુગડાવી રહ્યુ હતું. શોભિત ઈન્ટરનેટ ઉપર સર્ચ કરતા દિલ્હીમાં એક આઈ સ્પેશ્યાલિસ્ટનો કોન્ટેક્ટ કર્યો અને સહ પરિવાર દીકરીને લઈને બતાવા લઈ ગયા. ડૉક્ટરે તપાસ કરતા કહ્યું, જો દીકરીની આંખોને મળતા રેટીના વાળા વ્યક્તિ આંખો

ડોનેટ કરે તો દીકરીને દ્રષ્ટિ મળી શકે તેમ છે. આ વાત સાંભળતા બધાના ચહેરા ખીલી ઉઠ્યા. હવે દીકરીની આંખો સાથે મેચ કરતી આંખોની તપાસ શરૂ થઈ. એક બોમ્બેની આઈ હોસ્પિટલમાંથી મેચ થતા દીકરીની આંખનું ઓપરેશન કરવામાં આવ્યું પરંતુ દીકરીની આંખો રેટીના સ્વીકારી શકી નહીં જેથી દ્રષ્ટિ મળી નહીં. ઓપરેશન નિષ્ફળ રહેતા ફરી આંખો પરિવાર દુઃખી થઈ ગયો.

આનંદિતાનું મનમસ્તિક દીકરીના અંધાપાથી વ્યાકુળ થઈ ચિરાઈ રહ્યુ હતું. પોતે દસ મિનિટનું અંધારું સહી શકતી નથી તેની સામે તેની વ્હાલસોય દીકરીએ જન્મી ત્યારથી દુનિયા જોઈ જ ન હતી તો તેની અકળામણ પોતે બાખૂબી અનુભવી રહી હતી.

આખી રાત વિચારમાં ને વિચારમાં પસાર કર્યા બાદ એક નિર્ણય કર્યો ; અને દિલ્હીના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર પાસે એપોઈન્ટમેન્ટ લઈ પરી આખો પરિવાર હોસ્પિટલ પહોંચ્યો. આનંદિતાએ ઘરમાં કોઈને પોતાનો નિર્ણય કહ્યો ન હતો. ડૉક્ટર સાથે વાતચીત કરી ઓપરેશનની તૈયારી શરૂ કવાઈ. આખો પરિવાર આનંદિતા શું કરી રહી છે તે જ સમજી શક્યા નહીં.

ઓપરેશન થિયેટરમાં જતા પહેલા આનંદિતાએ પોતાનો નિર્ણય શોભિત અને પરિવારને જણાવ્યો. આ સાંભળતા શોભિત અને પરિવાર સ્તબ્ધ થઈ ગયા. કંઈક આનંદિતા કહે કે સમજાવે તે પહેલા ઓપરેશન થિયેટરમાં જતી રહી. આખો પરિવાર અને સૌથી વધુ શોભિત ચિંતામાં ગરકાવ થઈ ગયો. બે કલાક બાદ બંનેને રૂમમાં લઈ જવામાં આવ્યા. આનંદિતા ભાનમાં આવ્યા બાદ આંખો ઉપર પટ્ટી બાંધી હતી કંઈ પણ જોઈ શકતી નહોતી સતત આંખો ઉપર ભાર અને અંધકાર છવાય ગયો.

આનંદિતાનું દિલ ખૂબ જ ઝડપથી ધબકી રહ્યું હતું. સતત અંધકારના ગભરાટથી મન મગજ અકળાતું હતું. તે એક શબ્દ પણ બોલી શકી નહીં તેની આ હાલત શોભિત સમજી રહ્યો હતો. આનંદિતાનો હાથ મજબૂત પકડી એકધારો અશ્રુધારા વહાવતો રહ્યો. દસ દિવસ બાદ આનંદિતા અને તેની દીકરી બંનેની આંખો ઉપરથી પટ્ટી ખોલવામાં આવી. આનંદિતાની પટ્ટી ખૂલે કે ના ખૂલે કોઈ ફરક પડવાનો ન હતો ફરક ફક્ત દીકરીની આંખો ્પર જોવાનો હતો. દીકરીની આંખોની પટ્ટી ખૂલી ગઈ. ધીમે ધીમે આંખો ખોલતા દ્રષ્ટિ મળતા તેણે પહેલીવાર તેના પિતા, દાદા-દાદી, માતાને જોયા. મમ્મીને સામેની ખુરશીમાં બેઠેલી જોઈ દીકરી બૂમ પાડી ઉઠી મમ્મી મને બધું જ દેખાઈ છે. કહી બેડ ઉપરથી ઉઠી સીધી મમ્મીને ભેટી પડી. આનંદિતાનો આનંદન અને દિલનો ડર બંને એક સાથે આંખોમાંથી વહી રહ્યો હતો. દીકરીની આંખોથી હવે દુનિયા જોવા માટે આનંદિતા મક્કમ થઈ ગઈ હતી.

શોભિત અને પરિવાર વર્ષો પહેલાની આનંદિતા અને માતૃત્વથી છલકાતી નવી આનંદિતાને જોઈ આશ્ચર્ય પામી ગયા અને શોભિત દીકરી અને માતાના અતૂટ પ્રેમને વરસતો જોઈ ચોધાર આંસુએ રડી પડ્યો. આનંદિતાનો ડર કોઈ ના કાઢી શક્યું તે એક પળમાં માતૃત્વએ દૂર કરી દીધો. આખી હોસ્પિટલ ઔવલોકીક આનંદ અને દર્દના મિલને જોઈ હર્ષાશ્રુમાં ડૂબી ગઈ.

**પ્રોત્સાહન ઈનામ**
**પ્રિતી ભટ્ટ**
નવસારી

# કર્મોનું પ્રાયશ્ચિત

ઘોંઘાટભર્યા શહેરનું સ્વાસ્થ્ય લથડતા આજે તેને મૌન ધારણ કર્યું છે. શહેરની સૂમસામ સડકો કાગડોળે એકાદ ગાડીમાં પ્રતિક્ષા કરી રહી છે. ઊંચી-ઊંચી ઈમારતોથી સહેજ ઊંચે આવી સૂર્યનારાયણ; ઘાસ ઉપર અમીનજર કરી રહ્યા છે. પંખીઓ ખુલ્લા આકાશમાં વિહંગાવલોકન કરી રહ્યા છે ઊંચી ઈમારતોમાં રહેતા લોકોની જેમ, આલીશાન બંગલામાં રહેતા કાશીબા, બારી બહારની દુનિયા જોવા તરસી રહ્યા છે.

કાશીબાની નજર ક્યારેક પોતાના વતન તરફ જતા, રસ્તે ડોકાતી. હંમેશાની જેમ આજે કમોસમી ઝાપટાની માફક; બાના, કરચલીવાળા પોપચા અને ઊંડી ઉતરી ગયેલી આંખોમાં પાણી આવી ગયું. બા રીતસર રડી પડે તે પહેલા નાના બાળકના કાલાઘેલા વેણ કાને પડ્યા. ''બા, ઓ બા. તું બારી બહાર શું કરે છે ?''

''કંઈ નહીં બેટા. હું તો તને જ યાદ કરતી હતી. મારી લાડકી ચિંટુ; ક્યારે લેશન પતાવશે ! અને ક્યારે મારી વાર્તા સાંભળવા આવશે ?'' કાશીબાએ પોતાના આંસુ છુપાવતા કહ્યું.

કાશીબા પોતાના આંસુને પોતાના સાડલાની કોર વડે સાફ કરે તે પહેલા તો, બાની આંખેથી એક આંસુ ચિંટુના ગાલ ઉપર સરી પડ્યું.

''બા તમે રડો છો ?'' એમ કહેતા ચિંટુ તેની બાને ભેટી પડ્યો.

''ના બેટા. હું શું રામ રડું ? આ તો ઉંમર થાય એટલે આંખમાંથી કોકવાર પાણી પડે.'' બાએ ચિંટુ અને પોતાની જાતને સમજાવતા કહ્યું.

''બા તું રોજ આ બારી બહાર શું જોયા કરે છે ?''

''બા તને આ બારી અંદરની દુનિયા, નથી ગમતી ?''

કાશીબાને કદાચ બીજા કોક સમ વયસ્કે પ્રશ્ન કર્યો હોત તો, બા ચોક્કસ પોક મુકીને પોતાનું

મન હળવું કરી લીધું હોત. પરંતુ બાળક સામે તો, બાન જુઠ્ઠું તો જુઠ્ઠું પણ સહેજ અમસ્તુ હસવું જ પડ્યું.

જ્યારે પણ ચિંટુ બાના રૂમમાં આવતો ત્યારે બાના મુખ ઉપર, ખુશીના વાદળ છવાય જતા. પરંતુ આજે તે વહાલ ભર્યા વાદળો ચિંટુ ઉપર વર્ષે તે પહેલા તો !

"ચિંટુ, ચિંટુ. તું ક્યાં છે ?" જેમ વાદળ ગર્જવાનો પ્રચંડ અવાજ ચારે દિશાઓમાં ગાજી રહે તેમ ચિંટુની મમ્મીનો અવાજ; ઘરના ચારે ખૂણામાં ગાજી રહ્યો. બા અને ચિંટુ ધ્રુજી ઉઠ્યા. ચિંટુ ડરતા ડરતા પોતાની મમ્મીના રૂમ તરફ જતો રહ્યો.

"ઓહ તો કંવર બાના રૂમમાં હતા એમને ! તને ચિંટુડા કેટલીવાર કહ્યું. તારે બાના રૂમમાં નથી જવાનું. કેમ એકવાર કહ્યે સાંભળતો નથી ? તને સમજાતું નથી હમણા કોરોના વાયરસ કેવો ફેલાયો છે." ચિંટુની મમ્મીએ ચિંટુના ગાલ ઉપર ચૂંટલો ભરતા કહ્યું.

"પણ બાન ક્યાં કોરોનો થયો છે ?" ચિંટુએ ગભરાતા અવાજે કહ્યું.

"થયો હોય કે ના થયો હોય, તારે બાથી દુર જ રહેવાનું છે. મમ્મીએ ચિંટુની સામે લાલ આંખ કરતા કહ્યું."

"મમ્મી કોરોના બાને અડવાથી જ થાય. તને અડવાથી ના થાય ?"

"લે હજી દૂધના ગાંત તો તૂટ્યા નથી ને દીકરો મમ્મી સામે બોલતા થઈ ગયો." મમ્મીએ ફરી ચૂંટલો ભરતા કહ્યું.

ચિંટુના રોવાનો અવાજ બાના રૂમ સુધી જતા, બા ચિંટુની વહારે દોડી આવ્યા.

"બા તમે કેમ બહાર આવ્યા, આ ચિંટુ તમારા આવ્યા પછી જ બગડ્યો છે. લો તમે તો મારા દીકરાને મારી સામે બોલતા પણ કરી દીધો."

"હું ચિંટુને કશું નથી શિખવાડતી, હું તો બસ વાર્તા જ કહું છું."

"હા, એ તમારી વાર્તાનો જ આ કમાલ છે. જુઓ બા, તિંટુ તો નાનો છે. એ ના સમજે પણ તમે તો સમજો આ કોરોના કોકનો સગો નહીં થાય."

"હા, જ્યારે સગાં જ સગાના સગાં ના રહે તો કોરોના જ સગો થાય ને." બા એ સહેજ દબાતા અવાજે કહ્યું.

"શું કહ્યું ?" લતાએ કડક અવાજે કહ્યું.

"કંઈ નહીં બેટા, હું તો મારી જાતને જ કહેતી હતી."

"તમારે જે બડબડ કરવું હોય તે તમારા રૂમમાં જ બબડવાનું."

કાશીબા ચિંટુ તરફ નજર ફેરવતા પોતાની જાતેને, પોતાની રૂમમાં ફરીથી કેદ કરી લીધી.

લોકડાઉન હોવાથી કલ્પેશ ઓપિસનું કામ લેપટોપ વડે ઘરે જ પતાવતો. આજે પણ તે પોતાના કોમ્પ્યૂટર રૂમમાં ઓફિસના કામથી વ્યસ્ત હતો. લતાનું આ રોજનું નાટક હતું. પરંતુ આજે લતાનો અવાજ વધારે પડતો આવતા, તેને પોતાનું કામ પડતું મુકી; તે બેઠકરૂમમાં આવી સોફા ઉપર ગોઠવાયો.

"શું છે લતા, આ સવાર સવારમાં શું માંડ્યું છે ?"

"માને જરા કંઈ કહીએ એટલે માના લાડકા દોડતા જ આવે. આજે થોડા મોડાં તો મોડાં આવ્યા

ખરાં.''

સારૂ, ચલ છોડ હવે. તું ફટાફટ ચા બનાવી આપ. હું તારી મનપસંદ મુવી ડાઉનલોડ કરી લવ. પછી બધા સાથે બેસીને જોઈએ.

''મારે કંઈ નથી જોવી મૂવી-કૂવી, બતાવો તમારી મમ્મીને એ આખો દિવસ નવરા જ છે. મારે તો બધાના કામ જ કર્યા કરવાનાને.''

''અરે આ કોરોના સમયમાં કામવાળી ના મળે યાર.''

''હા, કામવાળી મળે કે ના મળે, પણ તમને કામ વધારવા વાળા ચોક્કસ મળી જાય ને ?''

''અરે ! ગાંડી એ મારી મોમ છે. એ કોઈ બહારને વ્યક્તિ નથી. તું આમ વારાઘડીએ મોમને આપણી વચ્ચે ના લાવ.''

''એ હું નથી વચ્ચે લાવતી, તમારા મોમ જ મારા ચિંટુને વારાઘડીએ પોતાના રૂમમાં બોલાવ્યા કરે છે.''

''લતા તારી હદ થાય છે. મારી મોમ મારા દીકરાને વાર્તા ન કહે તો બીજા કોણે વાર્તા કહે ?''

''તમે તો કહેતા હતા કે તમારી મોમ બે દિવસ રહેવા આવે છે. અને આજે તમારા મોમમા પધારે પુરા વીસ વિસ થવા આવ્યા.''

''એ મારી મોમ છે. તેને ફાવે તેટલા દિવસ રહે. અને આમય બાને શહેર વાતાવરણ વધારે માફક નથી આવતું એટલે તે બે દિવસ પછી જતા જ રહેવાના છે.''

''જુઓ હું તમને ચોખ્ખા શબ્દમાં કહી દવ છું. મારા ચિંટુને, તમારી બાના કારણે કંઈ થયું છે ને ? તો, તમારી ખેર નથી.''

''એટલે તું કહેવા શું માગે છે ?''

''તમે સમાચાર નથી જોતા, વધુ ઉંમર વાળી વ્યક્તિને કોરોના જલ્દી થાય છે.''

''તો તું મારી મોમને કોરોના છે. એમ કહેવા માંગે છે. લતા...લતા તું કેવું વિચારે છે. ઉંમર થાય એટલે નોર્મલ ખાંસી આવે યાર. અને જો તને વ્હેમ હોય તો કોરોના ટેસ્ટ કરાવી લઈશું.''

એટલે ટેસ્ટ કરાવશો પણ જવાનું નહીં કહો એમને ?

અરે તારું મારે કરવું શું ?

''તને પ્રોબલેમ મારી મોમથી છે કે કોરોનાથી ?''

''અફકોસ તમારા મોમથી.''

કલ્પેશનો સણસણ તો એક તમાચો લતા ગાલ જડાય ગયો.

કાશીબા બહાર દોડી આવ્યા. અને કેટલા દિવસથી તૈયાર કરી રાખેલી બેગ, નીચે મુકતા કહ્યું. ''બેટા શું કામ તું મારા માટે ઘરમાં કંકાસ કરે છે ? અને આ લતાવવ સાચું તો કહે છે. ચાલ મને મારા ગામડે મૂકી આવ. કાલે જવું અને આજે જવું. બે ચાર દિવસ વહેલા જઈશ તો કંઈ બગડી નથી જવાનું.''

''ના મા ના, તારે ક્યાંય નથી જવાનું.''

"જો બેટા, મારુ પણ મન અહીંયા નથી લાગતું. હું તો આખરે ગામડીયો જીવ, અમને તો ખુલ્લા વન વગડાની હવા જ જોઈએ."

"ના મોમ, હું તને નહીં જવા દવ."

"બેટા ! તને મારા સમ છે." મને જવા દે.

"સારુ મોમ તું કે છે તો. હું તને ગામડે મુકી આવીશ બસ. હવે લોકડાઉન થોડું હળવું થયું છે. જવામાં વાંધો નહીં આવે."

વિજયધ્વજ લહેરાય તમ, લતાનો ઉદાસ ચહેરો પણ ઘડીક ક્ષણ દુઃખ ભૂલી, ખુશીથી ફર-ફર થવા લાગ્યો.

ચિંટુ અચંબા ભરી નજરથી પોતાની મમ્મી તરફ જોઈ રહ્યો. બા તેને ખૂબ ગમતા હતા. તે ઈચ્છતો હતો કે બા હંમેશને માટે પોતાની પાસે રહે. પરંતુ તે હવે મનોમન ભગવાનને પ્રાર્થના કરી રહ્યો હતો કે પોતાની વ્હાલી બા પોતાના ગામ જતા રહે તો સારું.

ટીંગ ટોંગ... કરતો ડૉરબેલ રનક્યો.

"ચિંટુ બા સામે શું જોયા કરે છે. જા દરવાજો ખોલ."

ચિંટુએ હળવેથી દરવાજો ખોલ્યો. "ઓહ ! નાની તમે, અત્યારે ? મમ્મી જુઓ તો કોણ આવ્યું છે ?"

"મમ્મી તમે, કોણી સાથે આવ્યા ? પોલીસે તમને રોક્યા નહીં."

"અરે પહેલા પાણી તો આપ." કલ્પેશે મમ્મીને જોઈ ભાન ભૂલી ગયેલી લતાને પાણી આપવા કહ્યું.

વાતાવરણમાં અચાનક પલટો આવતા જેમ ઊડતી ધૂડની ડમરીઓ વરસાદની બુંદ સાથે ઠરે તેમ તેમ લતાની મમ્મી આવતા, લતા અને કલ્પેશનો ગુસ્સો ધૂડ અને પાણીની જેમ ઠરી ગયો.

"લતા તું મમ્મીને ચા નાસ્તો કરાવ. હું નીચે ગાડી તૈયાર કરું છું."

લતા પાણી લેવા ફ્રિજ ખોલ્યું.

"એ ફ્રિજનું પાણી ના લાવીશ. માટલાનું ચાલશે."

"ઓહ ! કલ્પેશના મમ્મી પણ અહીંયા જ છે ને ! લો ભાઈ મને તો કંપની મળી ગઈ."

"જય શ્રી કૃષ્ણ બા."

"જય શ્રી કૃષ્ણ બા. મને અહીં આવ્યે ખૂબ દિવસો થઈ ગયા. એટલે આજે હું જાવ છું."

અરે હું આવીને તમારાથી કેમ જવાય. લતાની મમ્મીએ કાશીબાને રોકાય જવા આગ્રહ કરતા કહ્યું.

"હા, મમ્મી હું પણ ક્યારની એજ તો કહું છું. પણ મારુ સાંભળે તો ને ?"

જુઓ બા તમે નસીબદાર છો કે તમને મારી દીકરી તમારા ઘરની વહુ તરીકે મળી. બાકી આજકાલની વહુઓને તો...

બસ, બસ. મમ્મી તું મારા કેટલા વખાણ કરે છે. તું કે હું ગમે તેટલું કહીશું પણ આ મારા સાસુ

અહીં રોકાશે જ નહીં. એમને તો પોતાનું ગામડું જ ગમે... ખરુંને કાશીબા. લતા પોતાની મમ્મી સામે એક સારી વહુ બની રહી હતી.

સાચે બા, તમને ગામડું ખૂબ ગમે ?

બે વેવાણ વધારે વાતે વળગે તે પહેલા લતાએ તેને મમ્મી સામે પાણીનો ગ્લાસ ધરતા કહ્યું.

''લો મમ્મી પાણી''

લતાની મમ્મીએ પાણીના બે ઘૂંટ ભરે તે પહેલા તો તેમની આંખેથી આંસુઓની ધારા વહેવા લાગી.

મમ્મી શું વાત છે, તું રડે છે કેમ ?

ઘરનો મોભી હોય ને ત્યાં સુધી માની કિંમત હોય. લતા તારા પિતા ગયા પછી તારી મમ્મી પોતાના જ ઘરમાં એક નોકરાણી થઈ ગઈ. તારા ભાઈ-ભાભીને હું હવે તો જોવી પણ નથી ગમતી. નકામી ચીજવસ્તુ જેમ મને એક રૂમમાં બેસાડી રાખે છે. બોલો માણસ અને વસ્તુમાં કોઈ ફરક ખરો કે નય ? લતાની મમ્મી આગળ વાત વધારે તે પહેલા તો તેમનાથી રડી પડાયું.

લતાએ તેની મમ્મીના ખભે હાથ મુક્યો. ''મમ્મી વાત શું છે ?''

''બેટા તારા ભાઈએ મને ઘરમાંથી કાઢી મૂકી છે. તારા પપ્પા જેને બુઢાપાની લાકડી કહેતા હતા. તે જ લાકડી મારા પેટે વાગી છે. કોણ જાણે મને આ કયા ભવના કર્મ નડ્યા, કે મને આવી વહુ મળી.''

''માં તરા કર્મે નહીં પણ મારા કર્મે.''

''બેટા તારા કર્મે ?''

લતાએ કાશીબા તરફ નજર કરતા કહ્યું : ''હા મમ્મી મારા કર્મે.''

મમ્મી, કેટલી વાર કરે છે, મારે તને મૂકીને પાછું પણ આવવાનું છે. કલ્પેશે કારમાં બેસતા-બેસતા જ કહ્યું.

''એ આવી બેટા.'' કહેતા કાશીબાએ પોતાની બેગ હાથમાં લીધી.

**પ્રોત્સાહન ઈનામ**
**અશ્વિન પાટણવાડિયા**
રણાપુરા પ્રાથમિક શાળા, ડભોઈ, વડોદરા

# જીવનના રંગતરંગ

"ઢૂંઢિયા બાપજી રે મોહ વરસાવજો
સૂંડલેને સૂપડે રે મેહ વરસાવજો."

જી હા મિત્રો ! આ લગભગ દર વર્ષે ગવાતી પંક્તિઓ હૃદયમાં કાયમી સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. મહેસાણા પાસેનું એક નાનકડું ગામ. સ્વસ્થ અને તંદુરસ્ત પટેલ ખેડૂતભાઈઓની વસતી ધરાવતું અંતરિયાળ રૂડું ગામ.

ગામના ભોળા અને માયાળુ લોકો પોતાની સંપૂર્ણ શ્રદ્ધાથી આ ગીત ગાતા. ક્યારેક ચોાસુ બેસવા છતાં પણ વરસાદ ન પડે ત્યારે અદૃશ્ય તેવા વરુણદેવને રીઝવવા માટે ગામની કેટલીક છોકરીઓ લાકડાના પાટીયા પર માટીનો પિંડ મૂકી, કોડીની આંખો બનાવી ઢૂંઢિયાદેવની મૂર્તિ બનાવતી. ઢૂંઢિયાદેવને માથા પર લઈને છોકરીઓ ગામમાં પ્રત્યેકના ઘરે જઈને ઢૂંઢિયા બાપજી રે... નું ગીત ગાઈને પાણી માંગતી. કોઈ લોટો બોઘેણું કે માટલું ભરીને ઢૂંઢિયાદેવ પર સંપૂર્ણ શ્રદ્ધાથી રેડતા. અમે બધા છોકરા તેમની પાછળ-પાછળ ફરતા અને ગીતમાં ઊંચા સૂર પુરાવતા. ઢૂંઢિયાદેવને લઈને ફરતી તે છોકરીઓ ઠંડા પાણીથી પૂરે-પૂરી ભીંજાઈ જતી પણ તેમના ચહેરા પર અસીમ આનંદ અને સંતોષ દેખાતો કે હવે તો વરસાદ આવશે જ. ખરેખર અમારા જેવા બાળકોની વાત જાણે વરુણદેવ સાંભળતા હોય અને ત્રણ-ચાર દિવસમાં મુશળધાર વરસાદ વરસતો. પશુ-પક્ષી, ખેડૂત, ધરતી વૃક્ષ-વેલને નવજીવન મળતું. ખેડૂતોના હૃદય.માં હરખની હેલી છૂટતી.

"હાલો મારા કાળીયાને હાલો મારા ધોળિયા
આકાશે આવ્યો યે...લો...મેહૂલો જો."

ખેડૂતો આનંદમાં ગીત ગાતા. ગાડુ, હળ, બળદ લઈને ખેતરે જતા. બળદ સાથે ગારો ખૂંદતા. ખેતર ખેડતા અને માતૃભૂમિની તે માટીનો ઠંડો સ્પર્શ શરીરમાં રોમાંચ ઉત્પન્ન કરતો. છાણ, પોદળા

કે માટીની સૂગ અમને ક્યારેય નહોતી આવતી, ઉલટાની મજા આવતી.

વરુણદેવની કૃપાથી અમે પ્રત્યેક મિત્રો વરસાદમાં નાવાનો આનંદ માણતા. કાગળની હોડી બનાવી વહેતા પાણીમાં સરકાવતા. આખા ગામનું વહેણ જે રસ્તે જતું તેને માટીની મોટી પાળ બનાવી રોકતા અને ભરાયેલા તે બંધમાં કૂદકા મારતા. ક્યારેક અમારી સાથે પોપટ-મેના, મોર-દેડકા અને ખિસકોલીઓ પણ જાણે રમવા આવતી. વરસતા વરસાદમાં કબડ્ડી...હૂ...તુ...તુ... આંબલી-પીપળી જેવી રમતો રમતા. વરસાદના બે ફોરાથી શરૂ થતા આ આનંદનો અંત વરસાદના અંત સાથે જ આવતો. શાક, રોટલા, લસણની ચટણી, ડુંગળી અને છાશ અમારો રોજનો ખોરાક હતો. શરદી, તાવ, ઉધરસ અમારાથી કોષો દૂર હતા. હું પિતા સાથે ખેતરે જતો. હળથી ખેતર ખેડતો. ત્યારબાદ પિતા-બળદ અને હું સમીર પટેલ ત્રણેય પાણીથી બરાયેલાં તળાવમાં નાહવા જતા. પિતાશ્રીને તરતા ખૂબ જ સરસ આવડતું. તે મને રોજ તરતા શીખવતા. બળદના શરીર પરથી તળાવમાં કૂદકા મરાવતાં અને મારો ડર ભગાડતા. ક્યારેક ઊંડા પણીમાં લઈ જઈને મને છોડી દેતા. હું ક્યારેક ડૂબતો, પામી પી જતો પણ તે મને સંભાળી લેતા.

રોજરોજના અનુભવથી હું પિતાજી પાસેથી તરતાં, ઢબતાં, ડૂબકી મારતાં શીખ્યો પછી તો સમગ્ર તળાવને તરીને સામે કિનારે પિતાજી સાથે જતો ક્યારેક અમારા બંને વચ્ચે સ્પર્ધા થતી. હાં, મને બરાબર યાદ છે કે પિતાશ્રી મારા મનોબળને વધારવા ઘણી વખત હારી જતાં અને મને અભિનંદન આપતા. તબલાનો તાલ સાંભળી જેમ નર્તકીના પગ નૃત્ય કરવા લાગે તેમ પાણી જોઈને હું ગાંડો થતો. ક્યારેક કપતા સાથે તો ક્યારેક કપડા વિના... ક્યારેક તળાવની પાળ પરથી તો ક્યારેક વૃક્ષની ડાળ પરથી...પાણીમાં ભુસકા મારતા અને કલાકો સુધી ઊંડા અગાધ પાણીમાં નાહવાની લિજ્જત માણતા. હવે તો પિતાશ્રી પાસેથી કૂવામાં પણ કૂદકા મારી તરવાની તાલીમ પણ મેળવી લીધી. ગામના બીજા મિત્રો સાથે અમે તળાવમાં તરવા જતા, સ્પર્ધા કરતા. કોઈ થાકી જતું તો વિક્રમ-વેતાળની જેમ હું તેને મારા ખભા પર કિનારા સુધી લાવતો. મજાના દિવસો હતા. જે વરસાદને મેળવવા ઢૂંઢિયાદેવ ફેરવતા તે વરસાદની કૃપાથી નહી, નાળા, તળાવ, સરોવર સંપૂર્ણ ભરાઈ જતા. હવે તળાવ છલોછલ ભરાઈ ગયા બાદ વરસાદના વળામણા ને તળાવના પાણીના વધામણાની વિધિ કરવામાં આવતી. ગામમાં સાદ પાડીને જણાવવામાં આવે કે આવતી કાલે તળાવને વધાવવાનું છે. બીજા દિવસે ગામના સરપંચની આગેવાની સાથે લગભગ બધા જ ગ્રામજનો તળાવની પાળ પર આવતા. અસીમ જળપ્રવાહ જોઈને હરખ પામતા. ગામના બ્રાહ્મણ પાસે જળદેવની પૂજાવિધિ કરાવતા. ગામના સરપંચ વિધિ બાદ એક શ્રીફળ સંપૂર્ણ તાકાતથી તળાવના પાણીમાં નાખતા. તે સાથે જ આનંદની કિકિયારીઓ થતી અને વધામણાનું તે શ્રીફળ લેવા ગામના બાળકો, યુવાનો એક સાથે તળાવમાં કૂદકા મારી પૂરી તાકાતથી તરતા અને શ્રીફળ લેવા જતા. પ્રત્યેક માતા-પિતા પોતાનું બાળક વધામણાનું શ્રીફળ લઈને પાછું ફરે તેવી ખેવના રાખતા પરંતુ તરવામાં પાવરધો હું સમીર પટેલ તેમના બધાજ મનસુબા નકામા કરી દેતો. વીજળીની જેમ હું તળાવમાં કૂદતો અને ખૂબ જ ત્વરાથી તે શ્રીફળ લઈને આવતો. જેમ ગરીબ માણસ પારસમણી લઈને ન આવતો હોય. જીતના આનંદ સાથે હું ગર્વથી તળાવની પાળ તરફ ચાલતો અને

એક જ ઘા એ શ્રીફળને વધેરતો. તાળીઓના ગડગડાટ સાથે ગ્રામજનો મારા ઉત્સાહમાં વધારો કરતા. ગામના સરપંચ ૫૦૦/- રૂપિયા દ્વારા સન્માન કરતા. તરવાનો શોખીન એવો હું હરહંમેશ વધામણાની રાહ જોતો અને લગભગ દરેક વર્ષે વિજયી બની મારી પરાક્રમી યશગાથા ગામમાં ગુંજવતો.

મારા પિતા હૃદયથી હરખાતા પણ બહારથી અતિશય હરખ બતાવતા નહીં પરંતુ આશીર્વાદ જરૂર આપતા. હું ચાલતા શીખ્યો ત્યારથી જ વૃક્ષ-વેલ, તળાવ-નદી, પહાડ-ઝરણા, વાડ-ખેતરને જ પોતાના મિત્ર બનાવ્યા. પ્રકૃતિના તત્ત્વોએ મને ઘણું બધું આપ્યું છે. જેમ કે નિર્ભયતા, બહાદુરી, ઉદારતા, ક્ષમાભાવ, સહિષ્ણુતા જે ગુણોથી મારું જીવન ખૂબજ ઉન્નત બન્યું. સમયના વહેતા પ્રવાહમાં ખેતી સાથે વિદ્યાભ્યાસ કરતો હું આગળ વધ્યો. ધોરણ-૧૦ માત્ર ૫૦% થી પાસ કર્યું. પરંતુ પછી ફરીથી પાછી સ્પર્ધાઓની શરૂઆત કરી. હા પણ આ પેલી શ્રીફળ લાવવાની સ્પર્ધા ન હતી. છતાં પણ ''હિંમતે મર્દા તો મદદે ખુદા'' આ કહેવત પ્રમાણે આ સ્પર્ધામાં પણ જોર લગાવ્યું. મારા વર્ગશિક્ષકશ્રી કૃષ્ણકાંતભાઈએ પ્રેરકબળ પુરું પાડ્યું. તેમણે મારા જીવનને નવો વળાંક આપ્યો. ધોરણ-૧૨ કોમર્સની પરીક્ષા ૭૮% સાથે નવમા નંબરે પાસ કરી. મારા માટે નવમો નંબર પણ પ્રથમ નંબર સમાન જ હતો.

તો જેમ બીજને વરસાદના ફોરાનો સ્પર્શ થતાં બીજ અંકુર, છોડ અને ઝાડ બને તેમ વિદ્યાભ્યાસ રૂપી વરસાદે મારા જીવનને નવપલ્લવિત કર્યું. હું સફળતાના શિખરો એક પછી એક સર કરતો ગયો. છતાં પણ મારા પિતાજી હૃદયથી હરખાતા પણ બહારથી અતિશય હરખ બતાવતા નહીં. પરંતુ હા આશીર્વાદ જરૂર આપતા. ૭૫% સાથે M.B.A. ની ડીગ્રી પ્રાપ્ત કરી. હવે નોકરી માટે પણ સ્પર્ધા. બાળપણથી જ પ્રથમ નંબર મેળવવાની જીદવાળો હું હવે હારી જવું તો મારી ભોમકા લાજે. પુરે-પુરા આત્મવિશ્વાસ સાથે હું ઈન્ટરવ્યુ આપતો જેમાં મારા અભણ માતા-પિતા તરફથી જીવનની પાઠશાળામાં આગળ વધવા અપાયેલા સદ્‌ગુણોએ મહત્વનો ભાગ ભજવ્યો જેવા કે...નિષ્ઠા, પ્રામાણિકતા, પ્રયત્નશીલતા, પરીશ્રમ, સ્વયંશિસ્ત અને સ્વાશ્રય. ''સફલતા કિસી જાતી વિશેષ કી અમાનત નહીં કોઈ ભી વ્યક્તિ અપને અથાક્ કર્મો સે મહાન બન સકતા હૈ - ડૉ. ભીમરાવની'' આ પંક્તિ મારું જીવનધ્યેય બની. સતત પ્રયત્નથી મુંબઈની એક પ્રતિષ્ઠિત કંપનીમાં હું જોડાયો. હા, એક વાતનું દુઃખ હતું કે નદી-નાળા, ખેતર-વાડ, પહાડ-તળાવ હવે જોવા નહીં મળે. માતા-પિતાના આશીર્વાદ લઈને પ્રયાણ કર્યું મોહમયી મુંબઈ નગરી તરફ. મુંબઈના રેલવે સ્ટેશન પર ઉતરતા જ વિશાળ માનવસમુદાય જોઈને વૌઠાના મેળાની યાદ આવી ગઈ. આટલું બધુ માણસ મેં ક્યારેય એકસાથે જોયેયું નહીં. સતત ભીડભાડ, દોડા-દોડી જોઈને હું અવાકક્બની ગયો. મને થયું કે ક્યાં ગામડાની નિરવ શાંતિ ને ક્યાં આ પૈસા પાછળની આંધળી દોટ ? હું પણ હવે તે રંગે રંગાઈ ગયો.

હું મારા ગંતવ્ય સ્થાને પહોંચ્યો. કંપનીની ઓફિસના લોકોએ મને આવકાર્યો. રહેવા માટે ભાડે ફ્લેટની વ્યવસ્થા કરી આપી. મારા ગામના ઊંચામાં ઊંચા વૃક્ષની ટોચ પર બેસીને આશ્ચર્ય પામનાર હું મુંબઈની વિશાળ ગગચુંબી ઈમારતો જોઈને અભિભૂત થઈ ગયો. મનોમન એવી વિશાળ ઈમારતો બનાવનારને ધન્યવાદ આપવા લાગ્યો. ગામડાનો મનમોજીલો સમીર હવે ૧૫X૧૫ ની ખોલીમાં રહેવા મજબુર બન્યો. જમીનથી છેક પચીસમા માળે રહેતો, વિશાળ દુનિયાને ખૂબજ નાનકતી જોતો.

પૈસા માટે રાત-દિવસ દોડતો માનવસમુદાય જોતો. વિકાસ માટેની હરણફાળ દોડ જોતો. જો કે આ દોડની સ્પર્ધાનો એક સ્પર્ધક હું પણ હતો. થોડાક જ વર્ષોમાં મને મુંબઈમાં સમગ્ર ભારતવર્ષના દર્શન થયા. પ્રત્યેક રાજ્યના લોકો પોતાની પરંપરા પ્રમાણે મુંબઈમાં ઉત્સવ ઉજવતા. તેમજ બીજા રાજ્યના લોકોને ઉત્સવમાં સહભાગી કરતા. આવક સાથે જાવક પણ ખૂબજ હતી. પગાર સારો હતો પણ બધા જ તહેવારો ઓફિસમાં ઉજવાતા. ત્યારે મને મારુ ગામ... ઉત્સવનું મહત્વ... ઉજવણીનો અનહદ ઉત્સાહ... તે બધું સમજાતું. પરંતુ પરિવર્તન સંસારનો નિયમ છે તે પ્રમાણે "સોબત તેવી અસર ને સંગ તેવો રંગ" આવવા લાગ્યો.

અમારી ઓફિસમાં જ સાથે કામ કરતી મરાઠી યુવતી સાથે પ્રેમલગ્ન કરી લીધા. પત્ર દ્વારા પિતાજીને જાણ કરી. હું એકનો એક પુત્ર હોવાથી માતા-પિતાએ કચવાતા મને મારી પત્ની ઝીલનો સ્વીકાર કર્યો. જો કે સમાજના કડવા વચન પણ સાંભળવા પડ્યા. રહેણી-કહેણી, ખાણી-પીણી, ભાષા-બોલી, ઉત્સવ-સંસ્કૃતિ અલગ અલગ હોવા છતાં અમે સાથે રહેવા લાગ્યા. અતિશય કામનો બોજ, વ્યસની મિત્રોની સોબત તેમજ માતા-પિતાના નિયંત્રણનો અભાવ હોવાથી હું સિગારેટ, દારૂ તેમજ માસ-મટનના રવાડે ચડ્યો. સાથે સાથે હજુ વધારે રૂપિયા કમાવવાની ઈચ્છાથી શેરબજારમાં રોકાણ કરતો ગયો. શેરબજારના અપ-ડાઉને મારા શરીરમાં બ્લડપ્રેશરના અપડાઉનને સ્થાન આપ્યું. દિવસો પસાર થવા લાગ્યા. મારી પત્નીએ ધ્રુવ અને ધારા બંનેને એકસાથે જન્મ આપ્યો. પત્નીની નોકરી છૂટી ગઈ. હવે પગાર એક ને ખર્ચા ડબલ થવા લાગ્યા. ચિંતા દૂર કરવા નિયમિત શરાબનું સેવન થવા લાગ્યુ. સત્તા તણાવ અને ચિંતાએ ડાયાબિટીસને સ્થાન આપ્યું. જેનાથી શરીરને કીડની-લીવરને લગતી અનેક બિમારીઓ ઘર કરી ગઈ. એક દિવસ શેરબજાર ડાઉન થવાથી મને કરોડોનું નુકશાન આવ્યું. તેમજ બ્રેઈનસ્ટ્રોક (મગજનો હુમલો) પણ આવ્યો. જેનાથી મારી ડાબુ બાજુના હાથ-પગે કામ કરવાનું બંધ કરી દીધું. સેલેરી સંપૂર્ણ બંધ થઈ અને શરીર અડધું. નોકરી છૂટી ગઈ આ વાત જાણતા પિતાજી ગાડી ભાડે કરીને મને પરિવાર સાથે ગામડે લઈ ગયા.

ખરેખર પેલી કહેવત સાચી જ છે કે "મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી." મારો તે જ કપડાનો થેલો લઈને પરિવાર સાથે ગામડે રહેવા લાગ્યો. આજે પણ પિતાશ્રી પહેલાની માફક જ હળ, બળદ સાથે ખેતર ખેડે છે. મારા બાળકોને હળ ચલાવતા શિખવાડે છે. ગામના તળાવમાં તરતા શીખવે છે. પિતાના ઘડપણની લાકડી બનવાના બદલે આજે હું જ કોઈની મદદ વિના ચાલી શકતો નથી. એકદિવસ રાત્રે સાદ સંભળાય છે કે આવતીકાલે સવારે વરસાદના વળામણા અને તળાવના પાણીના વધામણાં છે તો ગ્રામજનોએ અવશ્ય આવવું... બીજા દિવસે સવારે ગ્રામજનો સાથે તેની પત્ની ઝીલ, બે બાળકો, માતા-પિતા તળાવની પાળ પાસે પહોંચ્યા. માતા-પિતાના ખભા પર હાથ મુકીને હું માંડ-માંડ તળાવની પાળ ચઢ્યો. મને મારી જાત પર નફરત થઈ. મનમાં થયું કે જો સારો હોય તો હજી પણ કોઈની તાકાત નથી કે વધામણાનું શ્રીફળ મારી પહેલા કોઈ વધેરી શકે ! પણ અફસોસ ! આજે હું ટેકા વિના ઊભો પણ નથી રહી શકતો. પિતાશ્રીએ એક અમીદૃષ્ટિ મારા પર નાખી. મારી આંકોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. બ્રાહ્મણે જળદેવની પૂજા કરી, મંત્રોચ્ચાર કર્યા. સરપંચે પૂરે-પૂરી તાકાતથી

શ્રીફળ તળાવમાં નાખ્યું, તે સાથે જ અનેક બાળકો અને યુવાનો વીજળીના ચમકારાની જેમ તળાવના પાણીમાં પડ્યા. આનંદ કિલ્લોલ સાથે લોકોએ ચીસો પાડી. પણ આ શું ? અનેક યુવાન તરવૈયાઓને હરાવીને એક બાળક શ્રીફળ લઈને આવ્યો. જીતના ગર્વ સાથે તે બાળકે તળાવની પાળ પર જઈને એક જ ઘા એ શ્રીફળ વધેર્યું. ફરીથી આનંદનો કલરવ થયો. વાહ ! ભાઈ વાહ ! ના ઉદ્ગાર સંભળાયા. સૌના મોઢે એક જ વાત થવા લાગી કે "મોરના ઈંડા ચિતરવા ન પડે." જી, હાં મારો જ પુત્ર ધ્રુવ ૫૦૦/- રૂપિયાનું ઈનામ લઈને મને પગે લાગ્યો. આંખમાંથી આંસુઓનો ધોધ સરી પડ્યો. હા, પણ આ આંસુ દુઃખમાંથી હરખના બની ગયા હતા.

હા, મારા પિતાશ્રી હૃદયથી હરખાતાં ખરા પણ બહારથી અતિશય હરખ બતાવતા નહીં પરંતુ હા, આશીર્વાદ જરૂર આપતા... મેં એક દૃષ્ટિ પિતાશ્રી સામે કરી. તેમની મહાનતાને નમન કર્યા. તે તો બસ તળાવના પાણી સામે જોઈને ચલમ ફૂંકવામાં જ વ્યસ્ત હતા.

**પ્રોત્સાહન ઈનામ**

**પિયુષકુમાર પ્રજાપતિ**
વિરમગામ, સાણંદ